અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૭ જુલાઈ ૨૦૨૫, રવિવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, શ્રાવણ સુદ ૩ | અંક : ૨૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


## હાઇડ્રોજનથી ચાલતી ટ્રેનનું સફળતાપૂર્વક પરીક્ષણ થયું

### દેશની પ્રથમ હાઇડ્રોજનથી ચાલતી ટ્રેનનું ચેન્નાઇ સ્થિત ICF ખાતે સફળતાપૂર્વક પરીક્ષણ કરાયું : રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આ પરીક્ષણની પુષ્ટિ કરી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

ભારતીય રેલવેએ ઈતિહાસ રચ્યો છે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે માહિતી આપી હતી કે દેશની પ્રથમ હાઈડ્રોજનથી ચાલતી ટ્રેનનું ચેન્નાઈ સ્થિત ઈન્ટિગ્રલ કોચ ફેક્ટરી (ICF) ખાતે સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું છે. તેમણે વધુમાં કહ્યું કે, ભારત ૧,૨૦૦ HP હાઈડ્રોજન ટ્રેન વિકસાવી રહ્યું છે. ભારતીય રેલવે સમય સાથે વિકાસનો માર્ગ નક્કી કરી રહ્યું છે. આ સાથે, હવે ભારતીય રેલવેએ બીજો ઈતિહાસ રચ્યો છે. હકીકતમાં, દેશની પ્રથમ હાઈડ્રોજનથી ચાલતી ટ્રેનનું ચેન્નાઈ સ્થિત ઈન્ટિગ્રલ કોચ ફેક્ટરી (ICF) ખાતે સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું છે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આ પરીક્ષણની પુષ્ટિ કરી છે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે સોશિયલ મીડિયા હેન્ડલ ૪ પર પોસ્ટ કરીને આ પરીક્ષણની પુષ્ટિ કરી છે. તેમણે પરીક્ષણનો એક વીડિયો પણ શેર કર્યો. તેમણે એમ પણ કહ્યું કે, પ્રથમ હાઈડ્રોજનથી ચાલતી કોચ (ડ્રાઈવિંગ પાવર કાર)નું ICF ચેન્નાઈ ખાતે સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેમણે વધુમાં કહ્યું કે, ભારત ૧,૨૦૦ HP હાઈડ્રોજન ટ્રેન વિકસાવી રહ્યું છે. જે કોચનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું તે ડ્રાઈવિંગ પાવર કાર તરીકે ઓળખાય છે. રેલ્વે મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આ પગલું ગ્રીન એનર્જી અને ભવિષ્ય માટે તૈયાર પરિવહન ઉકેલો પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.માહિતી અનુસાર, હાઈડ્રોજન ટ્રેનો ડીઝલ અને ઈલેક્ટ્રિક ટ્રેનો કરતાં ઘણી વધુ પર્યાવરણને અનુકૂળ છે. આ ટ્રેનમાં ધુમાડો કે કાર્બન ડાયોક્સાઈડ જેવા પ્રદૂષિત વાયુઓ ઉત્સર્જિત થતા નથી. વાસ્તવમાં, આ ટ્રેન હાઈડ્રોજન ફ્યુઅલ સેલ ટેકનોલોજી પર કામ કરે છે, જેમાં હાઈડ્રોજન ગેસ અને ઓક્સિજનની પ્રતિક્રિયા દ્વારા ઊર્જા ઉત્પન્ન થાય છે. વર્ષ ૨૦૨૩ માં, રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે રાજ્યસભામાં માહિતી આપી હતી કે ભારતીય રેલવે "હાઈડ્રોજન ફોર હેરિટેજ" પહેલ હેઠળ ૩૫ હાઈડ્રોજન સંચાલિત ટ્રેનો ચલાવવાની યોજના ધરાવે છે. દરેક ટ્રેનનો અંદાજિત ખર્ચ ?




## ન્યૂઝ બ્રિફ

### ખુરશી પ્રજાની સેવા માટે હોય છે ન કે ઘમંડ કરવા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

સુપ્રીમ કોર્ટના ચીફ ન્યાયાધીશ બી. આર. ગવઈએ મહારાષ્ટ્રના દરીયાપુર(અમરાવતી) ખાતે નવનિર્મિત અદાલત ભવનના ઉદ્ઘાટન સમારોહમાં એક મહત્ત્વનો સંદેશ આપ્યો. તેમણે ન્યાયતંત્ર, વહીવટીતંત્ર અને વકીલ સમુદાયને ખૂબ જ કડક અને મૂલ્યવાન શબ્દોમાં કહ્યું કે, આ ખુરશી જનતાની સેવા માટે છે, ઘમંડ કરવા માટે નહીં. જો તે માથે ચઢી જાય તો તે સેવા નહીં, પાપ બની જાય છે. ચીફ જસ્ટિસ ગવઈ માત્ર વહીવટી અધિકારીઓને જ નહીં, પરંતુ ન્યાયાધીશો અને વકીલોને પણ તેમના વર્તન બાબતે આડે હાથ લીધા હતા. ચીફ જસ્ટિસે કહ્યું કે, ન્યાયાધીશોએ વકીલોને સન્માન આપવું જોઈએ. આ અદાલત વકીલ અને ન્યાયાધીશ બંનેની છે. આ સાથે જ જુનિયર વકીલોને ચેતવણીભર્યા અંદાજમાં કહ્યું કે, જયારે ૨૫ વર્ષનો વકીલ ખુરશી પર બેઠો હોય અને ૭૦ વર્ષના સિનિયર તેની પાસે આવે છે.

### કોપ્પલમાં ગવિસિદ્ધેશ્વર મઠમાં મુસ્લિમ મહિલા ધ્યાનમાં બેઠેલી જોવા મળી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

કોપ્પલમાં આવેલા ગવિસિદ્ધેશ્વર મઠ શિક્ષણ સહિત ઘણી બાબતો માટે પ્રખ્યાત છે. ગવિસિદ્ધેશ્વર મઠના મેળાને દક્ષિણનો કુંભ મેળો કહેવામાં આવે છે. હાલમાં, આ ગવિસિદ્ધેશ્વર મઠ એક અનોખી ક્ષણનો સાક્ષી બની રહ્યો છે. એટલે કે, છેલ્લા આઠ દિવસથી મઠમાં આવતી એક મહિલા નાગદેવતા સામે ધ્યાનસ્થ બેઠી છે. ધ્યાનમાં બેઠેલી એક મુસ્લિમ મહિલા આ ક્ષણે આશ્ચર્યચકિત થઈ જાય છે .

કોપ્પલ જિલ્લાના યેલાબુર્ગા તાલુકાના કુડારી મોતીની રહેવાસી હસીના બેગમ, ગવી મઠમાં એક કલાકથી સતત ધ્યાન કરી રહી છે. લગભગ ૯૦ ટકા હિન્દુઓ ગવી મઠની મુલાકાત લે છે. પરંતુ પહેલી વાર, કોઈ મુસ્લિમ મહિલા પરિસરમાં ધ્યાન કરી રહી છે.

ગવી મઠના સાધુઓ દરરોજ સાંજે જ્યાં બેસે છે તેની સામે એક મહિલા ધ્યાન કરી રહી છે. હસીના બેગમે માનસિક શાંતિ માટે કુલ ૧૧ દિવસ ધ્યાન કરવાનો અનુરોધ કર્યો છે. હું ૧૩ વર્ષથી ગવી મઠના સંતોમાં વિશ્વાસ કરું છું તેવું હસીના બેગમનું કહેવું છે. હસીના બેગમે કહ્યું, "મારું મન શાંત નહોતું, તે ખૂબ જ મુશ્કેલ હતું.

## ૨૦૧૦માં થઈ હતી 'સંસદ રત્ન'ની શરૂઆત

## ૧૭ સાંસદોનું સંસદ રત્નથી સન્માન કરવામાં આવશે

### એનસીપી-એસપીના નેતા સુપ્રિયા સુલે, ભાજપ સાંસદ રવિ કિશન, ભાજપના નિશિકાંત દુબે સહિત ૧૭ નામ સામેલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

સંસદમાં ચોમાસું સત્ર દરમિયાન લોકસભામાં અનુકરણીય પ્રદર્શન કરનારા ૧૭ સાંસદોનું 'સંસદ રત્ન'થી સન્માન કરવામાં આવશે. યાદીમાં એનસીપી-એસપીના નેતા સુપ્રિયા સુલે, ભાજપ સાંસદ રવિ કિશન, ભાજપના નિશિકાંત દુબે, શિવસેના યુબીટીના અરવિંદ સાવંત સહિત ૧૭ સાંસદોના નામ સામેલ છે. ચોંકાવનારી વાત એ છે કે, યાદીમાં ગુજરાતમાંથી એક પણ સાંસદનું નામ નથી. સંસદ રત્ન પુરસ્કાર માટે સંસદસભ્યોની પસંદગી એક જ્યુરી કમિટી દ્વારા કરવામાં આવે છે, જે પારદર્શક માપદંડો પર આધારિત હોય છે. 'સંસદ રત્ન' સન્માનમાં ચાર વિશેષ જૂરી પુરસ્કાર પણ સામેલ છે, જેમણે સંસદની લોકશાહીમાં સતત ત્રણ કાર્યકાળ સુધઈ યોગદાન આપ્યું છે. આ વિશેષ પ્રસ્કારમાં ભાજપના ભર્તુહરી મહતાબ, કેરળની રિવોલ્યૂશનરી સોશલિસ્ટ પાર્ટીના એન.કે.પ્રેમચંદ્રન, મહારાષ્ટ્ર એનસીપી-એસપીના સાંસદ સુપ્રિયા સુલે, શિવસેનાના સાંસદ શ્રીરંગ અપ્પા બારણેનું નામ સામેલ છે. આ તમામ સાંસદોએ ૧૬મી લોકસભા બાદ અનુકરણીય પ્રદર્શન કર્યું...

ભર્તૃહરી મહતાબ - ભાજપ, ઓડિશા

એન. કે. પ્રેમચંદ્રન- RSP, કેરળ

સુપ્રિયા સુલે- NCP SP, મહારાષ્ટ્ર

શ્રીરંગ આપ્પા બારણે- શિવસેના, મહારાષ્ટ્ર

સ્મિતા વાઘ- ભાજપ, મહારાષ્ટ્ર

અરવિંદ સાવંત- શિવસેના યુબિટી, મહારાષ્ટ્ર

નરેશ મહસકે- શિવસેના, મહારાષ્ટ્ર

ગાયકવાડ વર્ષા એકનાથ- કોંગ્રેસ, મહારાષ્ટ્ર

મેધા કુલકર્ણી- ભાજપ, મહારાષ્ટ્ર

પ્રવીણ પટેલ- ભાજપ, ઉત્તર પ્રદેશ

રવિ કિશન- ભાજપ, ઉત્તર પ્રદેશ

નિશિકાંત દુબે- ભાજપ, ઝારખંડ

વિદ્યુત બરન મહતો- ભાજપ, ઝારખંડ

પી. પી. ચૌધરી- ભાજપ, રાજસ્થાન

મદન રાઠોડ- ભાજપ, રાજસ્થાન

સી. એન. અન્નાદુરૈ- દ્રમુક, તમિલનાડુ

દિલીપ સાઈકિયા- ભાજપ, આસામ

## દિલ્હી સરકારની સુપ્રીમ કોર્ટમાં અપીલ

## ૧૦ અને ૧૫ વર્ષ જૂના વાહનો પર પ્રતિબંધના આદેશ પર કરો પુનર્વિચાર

### ફક્ત વાહન જૂના હોવાના આધારે તેને રસ્તા પરથી હટાવવાનો આદેશ મધ્યમ વર્ગના લોકોને ઘણી અસર કરી શકે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।




દિલ્હી સરકારે સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરીને દિલ્હી-એનસીઆરમાં ૧૦ વર્ષથી વધુ જૂના ડીઝલ વાહનો અને ૧૫ વર્ષથી વધુ જૂના પેટ્રોલ વાહનો પર પ્રતિબંધ મૂકવાના વર્ષ ૨૦૧૮ના આદેશ પર પુનર્વિચાર કરવાની અપીલ કરી છે. અરજીમાં દિલ્હી સરકારે કહ્યું છે કે, BS-6 ધોરણના વાહનો જૂના BS-4 વાહનો કરતાં ઓછું પ્રદૂષણ ફેલાવે છે. તેથી, ફક્ત વાહન જૂના હોવાના આધારે તેના પર પ્રતિબંધ મૂકવો યોગ્ય નથી જણાવી દઈએ કે BS6 એટલે ભારત સ્ટેજ 6, જે ભારત સરકાર દ્વારા વાહનો માટે નિર્ધારિત ઉત્સર્જન ધોરણ છે. દિલ્હી સરકારે સુપ્રીમ કોર્ટ પાસે એવી માંગ કરી છે કે, તે કેન્દ્ર સરકાર અથવા એર ક્વોલીટી મેનેજમેન્ટ કંપની (AQMC) ને આદેશ આપે કે, NCR માં ૧૫ વર્ષથી વધુ જૂના પેટ્રોલ વાહનો અને ૧૦ વર્ષથી વધુ જૂના ડીઝલ વાહનોના સંચાલન પર એક વિસ્તૃત, વૈજ્ઞાનિક અભ્યાસ કરાવવામાં આવે. દિલ્હી સરકારનું કહેવું છે કે, ફક્ત વાહન જૂના હોવાના આધારે તેને રસ્તા પરથી હટાવવાનો આદેશ મધ્યમ વર્ગના લોકોને ઘણી અસર કરી શકે છે. ખાસ કરીને એવા લોકો કે જેમના વાહનોનો ઓછો ઉપયોગ થાય છે, તેમજ જેમના વાહનોની સારી રીતે જાળવણી કરવામાં આવી છે અને જેઓ પ્રદૂષણના નિયમોનું પાલન કરે છે. ઘણા અભ્યાસો દર્શાવે છે કે આવા વાહનોનું વાર્ષિક માઈલેજ ઘણીવાર ઓછું હોય છે અને કુલ પ્રદૂષણમાં તેમનો ફાળો નજીવો હોય છે. કમિશન ફોર એર ક્વોલીટી મેનેજમેન્ટ (CAQM)એ આજે એક બેઠકમાં નિર્ણય લીધો છે કે, ૧ નવેમ્બર, ૨૦૨૫થી દિલ્હી અને NCR ના કેટલાક જિલ્લાઓમાં જૂના વાહનો પર ઈંધણ પ્રતિબંધ લાગુ કરવામાં આવશે.

## હોસ્પિટલે લઈ જતાં એમ્બ્યુલન્સમાં ગેંગરેપ થયો

## હોમગાર્ડની ભરતી માટે દોડી રહેલી મહિલા બેભાન થઈ

। (એજન્સી) પટના, તા.૨૬ ।

બિહારના ગયામાં હોમગાર્ડની ભરતી માટે દોડી રહેલી મહિલા અચાનક બેભાન થઈને ઢળી પડતા તેને તાત્કાલિક એમ્બ્યુલન્સમાં લઈ જવામાં આવી હતી, જ્યાં એમ્બ્યુલન્સમાં તેની સાથે ગેંગરેપ થયો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી લીધી છે અને તપાસ શરુ કરી દીધી છે. આ ઘટના ગયાના બોધગયા વિસ્તારની છે. અહીં બીએમપી ૩ પરેડ ગ્રાઉન્ડમાં હોમગાર્ડની ભરતી પ્રક્રિયા ચાલી રહી છે. હોમગાર્ડ ભરતી માટે એક મહિલા દોડમાં ભાગ લેવા આવી હતી. દોડતી વખતે આ મહિલા અચાનક બેભાન થઈને પડી ગઈ હતી. તેને ઘટનાસ્થળ પર તૈનાત એમ્બ્યુલન્સમાં સારવાર અર્થે હોસ્પિટલે લઈ ગયા હતા. આ ઘટના ગુરુવારની છે. શુક્રવારે એસએસપી આનંદ કુમારે પ્રેસ રિલીઝ જાહેર કરીને જણાવ્યું હતું કે પીડિતાએ ઘટનાની જાણકારી આપી હતી. સૂચના મળતાની સાથે જ બે કલાકની અંદર એમ્બ્યુલન્સ ચાલક વિનય કુમાર અને ટેક્નિશિયન અજીત કુમારની ધરપકડ કરી લીધી છે.

## ચીને ૧૭ ફાઈટર જેટ, ૭ નેવલ શીપ તહેનાત કર્યા : તાઈવાન

। (એજન્સી) તાઈવાન, તા.૨૬ ।

દક્ષિણપૂર્વ એશિયાના બે દેશ થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચે સૈન્ય ઘર્ષણ થયા બાદ યુદ્ધના ભણકારા વાગી રહ્યા છે. તો બીજી તરફ તાઈવાન અન ચીન વચ્ચે યુદ્ધના ભણકારા વાગી રહ્યો છે. તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે શનિવારે (૨૬મી જુલાઈ) જણાવ્યું કે, શનિવારે સવારે અમારા દેશની આસપાસ ૧૭ ચીની ફાયટર જેટ અને ૭ જહાજો જોવા મળ્યા છે. જ્યારે ૧૭માંથી ૮ ફાયટર જેટ તાઈવાન સ્ટ્રેટની મધ્ય રેખા પાર કરી લીધી હતી.' નોંધનીય છે કે, ચીનની આ ગતિવિધિને ધ્યનમાં રાખીને તાઈવાનની સેના જવાબી કાર્યવાહી કરી રહી છે. અહેવાલો અનુસાર, તાઈવાનમાં ચીનની ઘૂસણખોરી સતત વધી રહી છે. શુક્રવારે (૨૫મી જુલાઈ)એ તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, 'શુક્રવારે સવારે છ વાગ્યે ચીનના ૨૬ ફાયટર જેટ અને ૭ નૌકાદળના જહાજો તાઈવાનની સરહદમાં પ્રવેશ્યા હતા. આ દરમિયાન ૨૪ ફાયટર જેટે તાઈવાન સ્ટ્રેટની મધ્ય રેખા પાર કરી દીધી હતી.' ચીનની આ ગતિવિધિને જોતા તાઈવાન એલર્ટ થઈ ગયું છે અને જવાબી કાર્યવાહી કરી રહ્યુ છે. તાઈવાનના સરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, જ્યારે પણ ચીની ફાયટર જેટ કે નૌકાદળના જહાજો તાઈવાનમાં ઘૂસે છે, ત્યારે જવાબી કાર્યવાહી કરીને તેને ખદેડી મૂકે છે.

## પાલઘર જિલ્લામાં મુંબઈ-અમદાવાદ હાઇવે પર કાર્યવાહી

## બે ટ્રકમાંથી ૧.૨૩ કરોડ રૂપિયાની કિંમતનો પ્રતિબંધિત ગુટખાનો જથ્થો જપ્ત

। (એજન્સી) મુંબઈ, તા.૨૬ ।



મુંબઈ પોલીસે પાલઘર જિલ્લામાં મુંબઈ-અમદાવાદ હાઈવે પર બે ટ્રકમાંથી ૧.૨૩ કરોડ રૂપિયાની કિંમતનો પ્રતિબંધિત ગુટખાનો જથ્થો જપ્ત કર્યો હતો અને બે ડ્રાઈવરોની ધરપકડ કરી હતી. ત્યારે હવે ગુજરાતથી મહારાષ્ટ્ર પહોંચી રહેલા ગુટખા પર વિવાદ થઈ રહ્યો છે. ત્યારે આ મામલે સામનામાં સવાલો ઉઠાવાયા છે.

મહારાષ્ટ્રમાં ગુટખા પર પ્રતિબંધ હોવા છતાં, તે ખુલ્લેઆમ વેચાઈ રહ્યું છે. બીજી તરફ, પોલીસ દુકાનદારો પાસેથી પૈસા પડાવીને ધનવાન બની રહી છે. એવું કહેવાય છે કે મહારાષ્ટ્રના યુવાનો બીજે ક્યાંયથી આવતા ગુટખાથી નહીં પણ ગુજરાતથી આવતા ગુટખાથી બરબાદ થઈ રહ્યા છે. વાસ્તવમાં, ગુજરાતમાં ગુટખા પર પ્રતિબંધ નથી, તેથી ત્યાંથી આવતા ગુટખા મહારાષ્ટ્રમાં દાણચોરી કરીને અહીં ઊંચા ભાવે વેચાય છે. ઉલ્લેખનીય છે કે પ્રતિબંધિત ગુટખાના ખુલ્લેઆમ વેચાણ અને ખરીદી છતાં, મહારાષ્ટ્ર સરકાર ગુટખાની દાણચોરીને રોકવામાં સંપૂર્ણપણે નિષ્ફળ જતી દેખાય છે. સૌથી મહત્વની વાત એ છે કે ગુજરાતથી આવતા ગુટખાથી મહારાષ્ટ્રના યુવાનોના સ્વાસ્થ્ય પર અસર થઈ રહી છે, પરંતુ બમણા ભાવે ગુટખા ખરીદીને તેમના ખિસ્સા પણ ખાલી થઈ રહ્યા છે.




# ગુજરાતમાં શિક્ષકોની ખાલી જગ્યા ભરવા હવે નિવૃત્ત શિક્ષકોની પણ ભરતી થશે, શિક્ષકોની ભરતીને લઈને આવ્યાં મોટા સમાચાર

। અમદાવાદ,તા.૨૬ ।

રાજયની સરકારી પ્રાથમિક શાળાઓ તેમજ સરકારી અને માટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની નિયમિત ભરતી તથા જ્ઞાન સહાયકોની નિમણૂક થયા બાદ પણ ખાલી રહેતી જગ્યાઓ પર વચગાળાની વ્યવસ્થા તરીકે નિવૃત્ત શિક્ષકોને કામગીરી સોંપવાની બાબતને મંત્રી (પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ) એ મંજૂરી આપી છે.

ઉક્ત મંજૂરી અન્વયેસરકારી અને ગ્રાટેક માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની નિયમિત ભરતી તથા જ્ઞાન સહાયકોની નિમણૂક થયા બાદ પણ ખાલી રહેતી જગ્યાઓ પર વચગાળાની વ્યવસ્થા તરીકે નિવૃત્ત શિક્ષકોને નીચે મુજબની શરતો / પ્રક્રિયાને આધિન કામગીરી સોંપ વાની રહેશે. રાજયની સરકારી પ્રાથમિક શાળાઓ તેમજ સરકારી અને માટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની નિયમિત ભરતી તથા જ્ઞાન સહાયકોની નિમણૂક થયા બાદ પણ ખાલી રહેતી જગ્યાઓ પર વચગાળાની વ્યવસ્થા તરીકે નિવૃત્ત શિક્ષકોને કામગીરી સોંપવાની બાબતને મંત્રી (પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ) એ મંજૂરી આપી છે. ઉક્ત મંજૂરી અન્વયેસરકારી અને ગ્રાટેક માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની નિયમિત ભરતી તથા જ્ઞાન સહાયકોની નિમણૂક થયા બાદ પણ ખાલી રહેતી જગ્યાઓ પર વચગાળાની વ્યવસ્થા તરીકે નિવૃત્ત શિક્ષકોને નીચે મુજબની શરતો / પ્રક્રિયાને આધિન કામગીરી સોંપવાની રહેશે.

(૧) રાજયની સરકારી અને ગ્રાટેક માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની નિવૃત્તિથી ખાલી પડતી જગ્યાઓની ઘટ તાત્કાલિક નિવારવા દર વર્ષે ૩૧ જુલાઈની સ્થિતિએ મંજૂર કરવામાં આવેલ મહેકમ મુજબ માળામાં ખાલી પ ડેલ જગ્યાઓ પર વિભાગના તા.૧૧/૦૭/૨૦૨૫ના સમાનાકી ઠરાવથી સુધારેલ કાર્ય પદ્ધતિ અનુસરીને જ્ઞાન સહાયકને કામગીરી સોંપેલ હોય ત્યાર પછી પણ જગ્યાઓ ખાલી રહે તો આવી ખાલી રહેતી જગ્યાઓ પર કામચલાઉ વ્યવસ્થાના ભાગરૂપે નિવૃત્ત થયેલ સરકારી અને ગ્રાંટેડ માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના નિવૃત શિક્ષકોને શૈક્ષણિક કામગીરી સોંપી શકાશે.

(૨) નિવૃત્તી બાદ લેવામાં આવતા શિક્ષકોની મહત્તમ વય મર્યાદા ૬૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ.

(૩) શાળામાં બદલીથી કે ભરતીથી કાયમી શિક્ષકની નિમણૂક ન થાય કે જ્ઞાન સહાયકની નિમણૂક ન થાય ત્યાં સુધી આવા નિવૃત્ત શિક્ષકોએ કામગીરી કરવાની રહેશે. શૈક્ષણિક વર્ષના અંતે આવા નિવૃત્ત શિક્ષકોને છુટા કરવાના રહેશે.

(૪) આ કામગીરી માટે નિવૃત્ત માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શિક્ષકને જ્ઞાન સહાયકને ચુકવવામાં આવતાં માનદ વેતન જેટલુંજ માનદ વૈતન ચુકવવાનું રહેશે.

તે સિવાય અન્ય કોઈ વધારાના નાણાકીય કે સેવાકીય લાભ મળવાપાત્ર થશે નહીં.

(૫) જે નિવૃત્ત સરકારી અને ગ્રાંટેડ માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકો નિવૃત્તિ બાદ કામગીરી કરવા માંગતા હોય તેઓએ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીને અરજી કરવાની રહેશે અને સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીએ વિભાગના તા.૧૧/૦૭/૨૦૨૫ના સમાનાકી ઠરાવથી દાખલ કરેલ વેઈટીંગ લિસ્ટ મુજબ પણ જ્ઞાનસહાયક ઉપલબ્ધ થાય નહી તોજ નિવૃત્ત શિક્ષકોને કામગીરી સોંપવાની રહેશે.

## મીરા દાતાર વિસ્તારમાં બે પાડોશીઓ વચ્ચે ઝઘડો થયો, સામાન્ય બાબતની તકરારમાં મોટો ઝઘડો થયો

।(એજન્સી) જામનગર,તા.૨૬।

જામનગરમાં મીરા દાતાર વિસ્તારમાં બે પાડોશીઓ વચ્ચે ઝઘડો થયો હતો, અને પાણીની ડોલને લાત મારવા જેવી સામાન્ય બાબતની તકરારમાં ઝઘડો થયા પછી સાસુ વહુ પર તેના પાડોશમાં રહેતા ચાર શખ્સોએ હુમલો કરી દીધાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે. આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં મીરા દાતારની દરગાહ પાસે રહેતી નાજીયાબેન ઈમરાન ભાઈ બ્લોચ નામની ૩૮ વર્ષની મહિલાએ પોતાના ઉપર તેમજ પોતાના સાસુ ઉપર લાકડાના ધોકા વડે આડેધડ હુમલો કરી દઈ ઈજા પહોંચાડવા અંગે પોતાના પાડોશમાં રહેતા ઝાકીર મોહમ્મદ મકરાણી, અલ્ફાજ ઝાકીર મકરાણી, અફજલ જાકીર મકરાણી, અને આસિફ મોહમ્મદ મકરાણી સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર સાસુ વહુ કપડા ધોઈ રહ્યા હતા, ત્યારે તેની પાણીની ડોલને લાત મારવા બાબતે આરોપીઓ સાથે ઝઘડો થતાં આ હુમલો કરાયાનું પોલીસમાં જાહેર થયું છે.

## ફૂલ સ્પીડમાં આવતી કારે માણસો અને વાહનોને રમકડાંની જેમ ફંગોળ્યા

।(એજન્સી)ગાંધીનગર,તા.૨૬।

ગાંધીનગર રાજ્યના પાટનગર ગાંધીનગરના રાંદેસણ વિસ્તારમાં સિટી પ્લસ સિનેમા સામે એક પૂરપાટ ઝડપે આવતી કારે વાહનો અને રાહદારીઓને અડફેટે લીધા છે. આ ગમખ્વાર અકસ્માતમાં બે લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. જ્યારે અન્ય છ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. આમાં ઘાયલ લોકોને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ ગોઝારો અકસ્માત કરનાર કાર ચાલક હિતેશ પટેલને પહેલા લોકોએ ઝડપી પાડીને મેથીપાક ચખાડ્યો હતો. જે બાદ પોલીસે હિતેશ પટેલની અટકાયત પણ કરી લીધી છે. હાલ આ આરોપી નશામાં છે કે નહીં તે અંગેની મેડિકલ તપાસ પણ થઈ રહી છે. આ અકસ્માત સમયના કેટલાક સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યાં છે. જે જોઈને કાળજું કંપાવી નાંખે તેવા છે. ગાંધીનગરના રાંદેસણ વિસ્તારમાં કાર ચાલકે રાહદારી, વાહન ચાલકોને અડફેટે લીધા હતા. આ અકસ્માત સર્જનાર કારચાલક નશામાં ધૂત હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### જો ડ્રેનેજ લાઇન બોક્ષમાં સળીયા નાખીને બનાવવામાં આવ્યું હોત તો આવી ઘટના બની ન હોત

## ઉમરેઠમાં રસ્તો બેસી જતા ડમ્પર ફસાયુ, ડ્રેનેજ લાઇન બોક્ષનું કામ નબળુ થયું હોવાનો આક્ષેપ

। (એજન્સી) ઉમરેઠ,તા.૨૬ ।

ચોમાસાની દરમિયાન રસ્તાઓમાં ભૂવા પડવા તથા રોડ રસ્તાઓ તૂટી જવા જેવી સમસ્યાઓ અવાર નવાર જોવા મળે છે ત્યારે ઉમરેઠ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ગેટ પાસે ગટર બોક્ષના ખાડામાં ડમ્પર ઉતરી ગયું હતું. આ સામુહિક આરોગ્ય કેન્દ્રનું નવીકરણ કરવામાં આવ્યું હતું તેના ગેટ પાસેથી ગટર બોક્ષમાં વરસાદી પાણીનો નિકાલ કરવામાં આવતો હતો. આ ડ્રેનેજ લાઈન બોક્ષમાં રેતી ભરેલું ડમ્પર ઉતરી જતાં ડ્રેનેજ લાઈન બોક્ષમાં સળીયા ન નંખાયાનો લોકો દ્વારા આક્ષેપ કરવામાં આવી રહ્યો છે તથા ડ્રેનેજ લાઈન બોક્ષનું કામ નબળુ થયાનો પણ આક્ષેપ કર્યો છે.

ઉમરેઠમાં નવીનીકરણ કરવામાં આવેલા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ગેટ પાસે ડમ્પર ઉતરી જવાની ઘટના સામે આવી છે તેમાં નવા ચણતરમાં સરીયા નાખ્યા વગર ગટર બોક્ષનું ચણતર કરવામાં આવ્યું હતું.

જ્યારે રેતી ભરેલ ડમ્પરનું પાછલું ટાયર ગટર બોક્ષ પર આવતાની સાથે ડમ્પરના બે વીલો ગટર બોક્ષમાં ઉતરી ગયા હતા. આરોગ્ય કેન્દ્રની દિવાલના કારણે ડમ્પર ચાલકનો જીવ બચી ગયો હતો. દિવાલના ટેકે ડમ્પર અટકી ગયું હતું. જો આ દિવાલ ના હોત તો ડમ્પરે પલટી મારી દીધી હોત. હલકી ગુણવત્તાના બાંધકામના લીધે ડમ્પર ગટર બોક્ષમાં ફસાઈ ગયું હતું. જો ડ્રેનેજ લાઈન બોક્ષમાં સળીયા નાખીને બનાવવામાં આવ્યું હોત તો આવી ઘટના બની ન હોત.

આ પહેલા પણ આવી એક ઘટના બની હતી, જેમાં વડોદરાના માંજલપુર પ્રમુખ પ્રસાદ ચોકડી પાસેથી પસાર થતુ રેતી ભરેલ ડમ્પર મોડી રાત્રે ભૂવામાં ફસાયું હતુ, પાલિકાના કોન્ટ્રાક્ટર દ્વારા બનાવવામાં આવેલા રોડની ગુણવત્તા સામે સવાલો ઉઠ્યા હતા. ભૂવામાં ફસાયેલ ડમ્પરને બહાર કાઢવા ક્રેઈનની મદદ લેવાઈ હતી. પાલિકાના કોન્ટ્રાક્ટર દ્વારા બનાવવામાં આવેલા રોડની ગુણવત્તા સામે સવાલો ઉઠ્યા હતા. ભૂવામાં ફસાયેલ ડમ્પરને બહાર કાઢવા ક્રેઈનની મદદ લેવાઈ હતી.

## મોરબીના માધાપરનો એક યુવક લૂંટેરી દુલ્હનનો બન્યો

। (એજન્સી) મોરબી,તા.૨૬ ।

મોરબીના માધાપરનો એક યુવક લૂંટેરી દુલ્હનનો બન્યો છે શિકાર. આ કાનજી નામના યુવકે મિનાક્ષી નામની એક યુવતી સાથે લગ્ન કર્યા હતો. આ મિનાક્ષી નામની યુવતી લગ્ન કર્યાના ત્રીજા જ દિવસે ફરાર થઈ ગઈ હોવાની કાનજીના માતાએ ફરિયાદ નોંધાવી છે. આ મિનાક્ષી લગ્ન કરીને ત્રણ દિવસ ઘરમા રહી હતી. જ્યારે છેલ્લા દિવસે મિનાક્ષી બહાર આંટોમારવા જતી હોવાનું કહીને રફુચક્કર થઈ ગઈ હતી. મિનાક્ષી અને તેના અન્ય ત્રણ સાથીદારોએ કાનજી પાસેથી રૂપિયા બે લાખની છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ મોરબી એ ડિવિઝન પોલીસ મથકે નોંધાવી છે. કાનજીના પરિજનોએ કરેલી ફરિયાદમાં મિનાક્ષી સહિત અન્ય ત્રણ આરોપી કનુભાઈ, હરેશભાઈ અને પ્રવિણાબેન નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પોલીસે ઘટનાની જાણ થતાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે ચક્રો ગતિમાન કરતાં કનુભાઈ, હરેશભાઈ, મિનાક્ષી અને પ્રવિણાબેનની શોધખોળ હાથ ધરી છે. લૂંટેરી દુલ્હનોના કિસ્સામાં ફરી એકવાર એક અજાણ યુવક શિકાર બન્યો છે. આવી લૂંટેરી દુલ્હનો પહેલા જાળમાં ફસાવે છે પછી ભોળા યુવક પાસેથી રૂપિયા પડાવીને ત્યાંથી રફુચક્કર થઈ જતી હોય છે. આવી લૂંટેરી દુલ્હનો સંસાર વસાવવા નહિં પરંતુ સંસાર ઉજાડવા માટે ભોળા અને અજાણ યુવકોનો ભોગ લેતી હોય છે.

### કારને બચાવવા જતાં ડમ્પર નદીમાં ખાબક્યું

## જૂની શિણોલથી નવી શિણોલને જોડતા માર્ગ પર એક અકસ્માત સર્જાયો

### આ એકસ્માતની ઘટના શિકા-કિશોરપુરા માર્ગ પર જૂની શિણોલ અને નવી શિણોલ વચ્ચે બની હતી

। (એજન્સી) અરવલ્લી,તા.૨૬ ।

અરવલ્લી જિલ્લામાં જૂની શિણોલથી નવી શિણોલને જોડતા માર્ગ પર એક અકસ્માત સર્જાયો હતો. જેમાં એક ડમ્પર નદીમાં ખાબક્યું હોવાની સમાચાર સામે આવ્યા છે. આ અકસ્માત દરમિયાન ડમ્પરના ડ્રાઈવરને અને કંડક્ટરને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત ડમ્પરચાલકને અને કંડક્ટરને સ્થાનિકો દ્વારા સારવાર આપવામાં આવી હતી. આ એકસ્માતની ઘટના શિકા-કિશોરપુરા માર્ગ પર જૂની શિણોલ અને નવી શિણોલ વચ્ચે બની હતી. જ્યાં ડમ્પર ચાલક સામેથી આવી રહેલી એક કારને બચાવવાનો પ્રયાસ કરતા ડમ્પર સાથે નદીમાં ખાબક્યો



હતો. ડમ્પરચાલકે કાર સાથે અકસ્માત ન થાય તે માટે થઈને રોડની સાઈડમાં આવેલું ક્રેશ બેરિયર તોડીને સીધુ નદીમાં ખાબક્યું હતું. આ ઘટનાની જાણ થતા જ આસપાસની ભીડ ત્યાં ઉમટી પડી હતી. અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા ડમ્પરચાલકને અને કંડક્ટરને સ્થાનિકો દ્વારા તાત્કાલિક પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. સમગ્ર ઘટનાની જાણ થતા પોલીસે ઘટનાસ્થળે પહોંચીને સમગ્ર ઘટના મામલે વધુ તપાસ હાથ ધરી હતી. કારને બચાવા જતા ડમપરચાલકની સાવચેતીએ એક ગંભીર અકસ્માત થતા રોક્યો હતો. આ સમગ્ર ઘટનાને લઈ કારચાલક સંરૂર્ણ પણે સલામત છે. અકસ્માતને કારણે સ્થાનિકોની ભીડ ઉમટી પડતાં રોડ પર ભારે ટ્રાફિક સર્જાયો હતો. કારને બચાવા જતા ડમપરચાલકની સાવચેતીએ એક ગંભીર અકસ્માત થતા રોક્યો હતો. આ સમગ્ર ઘટનાને લઈ કારચાલક સંરૂર્ણ પણે સલામત છે. અકસ્માતને કારણે સ્થાનિકોની ભીડ ઉમટી પડતાં રોડ પર ભારે ટ્રાફિક સર્જાયો હતો.

## સરકારી ગૌચરની જગ્યા ખુલ્લી કરાવવા માટે તંત્રનું મેગા ડીમોલેશન

। (એજન્સી) જામનગર,તા.૨૬ ।

જામનગર નજીક શાપર વિસ્તારમાં સરકારી અને ગૌચરની જમીન પર થયેલા ગેરકાયદે દબાણો દૂર કરવા માટે આજે જામનગર જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા મેગા ડીમોલેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, અને અંદાજે ૧૦૦ વીઘા જેટલી અતિ કિંમતી સરકારી જગ્યા ખુલ્લી કરવામાં આવી રહી છે, જેને લઈને ભારે દોડધામ મચી ગઈ છે.

કરોડો રૂપિયાની કીમતી ગણાતી આ જમીન પર અનેક આસામીઓ દ્વારા દબાણ કરી દેવાયા હતા, જેને તંત્ર દ્વારા આખરી નોટિસ આપી દેવાયા બાદ આજે મેગા ડીમોલેશન હાથ ધરવામાં આવ્યું હતું, જેના માટે ૭ જીસીબી મશીનો, ૧૦ ટ્રેક્ટર અને ૧૦૦ જેટલા પોલીસ અને સુરક્ષા કર્મીઓનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. જેની રાહબરી હેઠળ આ દબાણ દૂર કરવામાં આવ્યું હતું.

કુલ મળીને સરકારી ખરાબામાં ૨૦ જેટલા ગેરકાયદેસર બાંધકામો ખડકી દેવાયા હતા, જ્યારે ગૌચરની જમીનમાં ૩૦ જેટલા બાંધકામો ઉભા થઈ ગયા હતા.

જે તમામ દબાણોને દૂર કરી લેવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં સ્થાનિક વહીવટી તંત્ર ઉપરાંત પોલીસ વિભાગ, પીજીવીસીએલની ટીમ વગેરે સાથે રહ્યા છે.

## યાત્રાધામ પાવાગઢમાં રોપ વે સેવા પાંચ દિવસ બંધ રહેશે, ભક્તોએ પગપાળા માતાજીના દર્શને જવુ પડશે

। (એજન્સી) પાવાગઢ,તા.૨૬ ।

ગુજરાતમાં યાત્રાધામ પાવાગઢ ખાતે યાત્રાળુઓનો ભારે ધસારો જોવા મળે છે. ચોમાસાની સિઝનમાં કુદરતી સૌંદર્ય ખીલી ઉઠતાં પાવાગઢમાં પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો છે. આ દરમિયાન માતાજીના મંદિર સુધી જવા માટેની રોપ વે સેવા અંગે મહત્વના સમાચારો સામે આવ્યાં છે. આગામી ૨૮ જુલાઈથી પહેલી ઓગસ્ટ સુધી રોપ વે સેવા બંધ રહેશે. જ્યારે બીજી ઓગસ્ટથી ફરીવાર પૂર્વવત કરવામાં આવશે. યાત્રાધામ પાવાગઢમાં માતાજીના મંદિર સુધી જવા માટે શરૂ કરાયેલી રોપ વે સેવા પાંચ દિવસ સુધી બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મેઈન્ટેનેન્સના કારણે રોપ વે સેવા ૨૮ જુલાઈથી પહેલી ઓગસ્ટ સુધી બંધ રાખવામાં આવશે. જ્યારે બીજી ઓગસ્ટથી રોપ વે સેવા ફરી પૂર્વવત કરવામાં આવશે. જે લોકો ડુંગર ચઢ્યા વિના માતાજીના દર્શને જાય છે તેમણે પગપાળા પાવગઢનો ડુંગર ચઢીને માતાજીના દર્શને જવું પડશે. ચોમાસાની સિઝન હોવાથી પાવાગઢ ડુંગરની આસપાસ લીલોત્રી છવાઈ ગઈ છે. ડુંગરો પર લીલી ચાદર પથરાઈ હોય તેવા આહલાદક દ્રશ્યો જોવા મળ્યા છે. વરસાદ થવાથી ડુંગરો પર લીલીછમ વનરાજી અને નયનરમ્ય દશ્યો સર્જાયા છે. વરસાદમાં ડુંગર પરથી પડતા ઝરણાનો નજારો કંઈક જુદો જ હોય છે.

**વિશેષ**

### ૫.૫૦ કરોડની લોન બારોબાર પધરાવી દીધી, ૧૮ કર્મચારી સામે ગુનો નોંધાયો

# મનરેગા બાદ બેંક લોન કૌભાંડ, દાહોદમાં SBI બેંકની આખે આખી બ્રાન્ચ કૌભાંડી નીકળી

। (માહિતી) દાહોદ ।

દાહોદમાં દેશની સૌથી પ્રતિષ્ઠિત અને સુરક્ષિત ગણાતી સ્ટેટ બેક્ર ઓફ ઈન્ડિયામાંથી લોન કૌભાંડ સામે આવ્યું છે. જેમાં સ્ટેટ બેંકની બે અલગ અલગ બ્રાન્ચમાં એજન્ટોએ અગાઉના બેંક મેનેજર સાથે મળી બોગસ પગાર સ્લીપ તેમજ બનાવટી દસ્તાવેજોના આધારે બેંકના તમામ નીતિ નિયમોને નેવી મૂકી અધધ કહી શકાય તેટલું ૫.૫૦ કરોડની લોન આપી છેતરપિંડી કર્યા હોવાનું બેંકની ઓડિટ રિપોર્ટમાં સામે આવ્યું છે. આ મામલે બેંક મેનેજર દ્વારા ફરિયાદ નોંધાવતા પોલીસે હાલ બેંક મેનેજર એજન્ટો સહિત ૩૦ જેટલા લોકો સામે નામજોગ ગુના દાખલ કરી બંને બ્રાન્ચના મેનેજર, બે એજન્ટો તેમજ લોનધારકો







મળી કુલ ૧૮ લોકોની ધરપકડ કરતા દાહોદ શહેર સહિત જિલ્લાભરમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. દાહોદમાં એક પછી એક કૌભાંડ સામે આવતા દાહોદનું નામ રાજ્ય લેવલે નહીં, પરંતુ દેશભરમાં કલંકિત થઈ રહ્યું હોય તેવું જોવાઈ રહ્યું છે. એક પછી એક કૌભાંડોની વચ્ચે દાહોદની state bank of india માંથી લોન કૌભાંડ સામે આવતા હાહાકાર મચી જવા પામ્યો છે. જેમાં ૨૦૨૧ થી ૨૦૨૪ ના સમયગાળા દરમિયાન જહૈની મેઈન બ્રાન્ચના મેનેજર ગ્રુમીતસિંહ પ્રેમસિંગ બેદીએ સંજય ડામોર તેમજ ફઈમ શેખ સાથે ગેરકાયદેસર રૂપિયા બનાવ્યા હતા. પોતાની સત્તાનો દુરુપયોગ કરી, બેંકના નિયમોને નેવે મૂકી રેલવેમાં વર્ગ ૪ માં નોકરી કરતા રેલવે કર્મચારીઓને કમિશન ઉપર તેમની પગાર ઓછી હોવા છતાંય બનાવટી પગાર સ્લીપમાં પગાર વધારે બતાવી હતી. પોતાની સત્તાનો દુરુપયોગ કરી, બેંકના નિયમોને નેવે મૂકી રેલવેમાં વર્ગ ૪ માં નોકરી કરતા રેલવે કર્મચારીઓને કમિશન ઉપર તેમની પગાર ઓછી હોવા છતાંય બનાવટી પગાર સ્લીપમાં પગાર વધારે બતાવી હતી. બોગસ પગાર સ્લીપો તેમજ બનાવટી દસ્તાવેજોના આધારે લોન લેનારની યાદી

(૧) ગુરમિતસિંહ પ્રેમસીંગ બેદી બેંક મેનેજર
(૨) રાળુભાઈ ગુલાભાઈ મેડા
(૩) વિજયકુમાર મદનભાઈ ડામોર
(૪) સુરમલભાઈ વિછીયાભાઈ બબેરીયા
(૫) રાજેન્દ્રસીંગ ભવરસીંગ રાજાવત
(૬) મુકેશભાઈ છતરૂભાઈ ભાભોર
(૭) રાકેશભાઈ હરસીંગભાઈ ડોડીયાર
(૮) વિજયભાઈ મોસીનભાઈ ડામોર
(૯) અરવિંદભાઈ શનુભાઈ ચારેલ
(૧૦) નરેશભાઈ બચુભાઈ ભુરીયા
(૧૧) ફતેસીંગ મંગળાભાઈ ગોહિલ
(૧૨) ખાતુભાઈ લલુભાઈ બામણીયા
(૧૩) રેમલાભાઈ વિછીયાભાઈ ભાભોર
(૧૪ )અમરસીંગ ગબુભાઈ ડામોર
(૧૫)દિલીપકુમાર સીયારામ પાલ

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## પૂર્વગ્રહ ન હોય તો કોર્ટ ફોજદારી ફરિયાદોમાં ફેરફારની મંજૂરી આપી શકે છે : સુપ્રીમ કોર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

પ્રોસિજર (પ્રક્રિયા) 'ન્યાયની માલિક નહીં, પરંતુ માત્ર દાસી' છે તેવું અવલોકન કરી સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે પ્રોસિજર ન્યાયને મદદ કરવા માટે હોય છે અને અવરોધવા માટે નહીં. તેથી જો આરોપી પ્રત્યે પૂર્વગ્રહ ન થતો હોય તો અદાલતો ક્રિમિનલ ફરિયાદોમાં સુધારાને મંજૂરી આપી શકે છે. સર્વોચ્ચ અદાલતના આ ચુકાદો એ સિદ્ધાંતને મજબૂત બનાવે છે કે પ્રોસિજરલ ટેકનિકાલિટી ન્યાયના માર્ગમાં અવરોધરૂપ ન હોવી જોઈએ. કોર્ટે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ ૧૩૮ હેઠળ દાખલ કરાયેલી ફોજદારી ફરિયાદમાં સુધારાને મંજૂરી આપી હતી. સુપ્રીમ કોર્ટે તેના ચુકાદામાં જણાવ્યું હતું કે આરોપમાં ફેરફાર કરવામાં આવે, પરંત જો આરોપી પ્રત્યે કોઈ પૂર્વગ્રહ ન હોય, તો ટ્રાયલ આગળ વધી શકે છે. વધુમાં જો તેનાથી પૂર્વગ્રહ થવાની શક્યતા હોય, તો કોર્ટ નવા ટ્રાયલનો આદેશ આપી શકે છે અથવા ટ્રાયલને આવા સમયગાળા માટે મુલતવી રાખી શકે છે. ઑફિની કલમ ૨૧૭ હેઠળ જો નિર્ધારિત શરતો હેઠળ આરોપમાં ફેરફાર કરવામાં આવે તો ફરિયાદી અને આરોપીને સાક્ષીઓને પાછા બોલાવવાની સ્વતંત્રતા આપે છે. આરોપી પ્રત્યે પૂર્વગ્રહ થાય છે કે નહીં તે મુખ્ય પરિબળ છે જેને ધ્યાનમાં રાખવાની જરૂર છે. આ સમગ્ર મામલો કુલ રૂ.૧૪ લાખના ચેક બાઉન્સ થવા અંગેનો હતો. ફરિયાદમાં આરોપ હતો કે ચેક દેશી ઘીની ખરીદી માટે આપવામાં આવ્યા હતાં. જોકે પછીથી ફરિયાદીએ ફરિયાદમાં સુધારો કરીને એક કથિત ટાઇપોગ્રાફિકલ ભૂલ સુધારવાનો પ્રયાસ કર્યો જેમાં કહેવામાં આવ્યું હતું કે વેચાયેલ માલ ખરેખર દૂધ હતો. ટ્રાયલ કોર્ટે આ સુધારાને મંજૂરી આપી હતી, પરંતુ પંજાબ એન્ડ હરિયાણા હાઈકોર્ટે નિર્ણય ઉલટાવી દીધો હતો.

## પેટલાદના ચાંગા ગામમાં વધુ ૩ સાથે કમળાના દર્દીઓની સંખ્યા ૨૪ પહોંચી

। (એજન્સી) આણંદ, તા.૨૬ ।

પેટલાદ તાલુકાના ચાંગા ગામને કમળાના રોગે ભરડો લીધો છે. ત્યારે આજે વધુ ૩ કેસ સાથે દર્દીઓની સંખ્યા ૨૪ સુધી પહોંચી છે. પીવાના પાણીની લાઈનમાં ૧૧ લિકેજ પૈકી હજૂ બે લિકેજ રિપેર કરવાના બાકી છે. ત્યારે તંત્રની ઢીલી કામગીરીના કારણે કમળાનો રોગચાળો વધુ ફેલાઈ રહ્યો હોવાનો સ્થાનિકો આક્ષેપ કરી રહ્યા છે. પેટલાદ તાલુકાનું ચાંગા ગામના વ્હોરવાડ, માતરીયુ ફળિયું, જનતા કોલોની જેવા અસરગ્રસ્ત વિસ્તારોમાંથી ગતરોજ કમળાના ૨૧ કેસ મળી આવ્યા હતા. આજે ચાંગા ગામેથી કમળાના વધુ ૩ કેસ મળી આવ્યા છે. જેને લઈ તંત્ર હરકતમાં આવ્યું હતું. ગુરૂવારે આરોગ્યની ૯ ટીમોમાં ૨ મેડિકલ ઓફિસર અને ૨૪ પેરા મેડિકલ સ્ટાફ દ્વારા ૧૫૫૨ ક્લોરીન ટેબલેટનું વિતરણ કરવા ઉપરાંત ૩૯ ઓઆરએસ પાવડરનું વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યારે આજે શુક્રવારે પણ ટીમ દ્વારા ૨૨૨૪ ક્લોરીન ટેબલેટ અને ૫૧ ઓઆરએસ પાવડરનું વિતરણ કરાયું હતું. ચાંગા ગામમાં પીવાના પાણીની પાઈપલાઈમાં મળેલા ૧૧ લીકેજ પૈકી ૭ લીકેજ ગતરોજ અને બે લીકેજ આજરોજ રિપેર કરાયા હતા.




નવી દિલ્હીમાં 'કારગીલ વિજય દિવસ' ની ૨૬મી વર્ષગાંઠ પર રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક ખાતે કારગીલ યુદ્ધના શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરતા સુરક્ષા કર્મચારીઓ.

### અનેક વિસ્તારોમાં ઓરેન્જ અને રેડ એલર્ટ જારી કરાયાં

# મુંબઈ જળબંબાકાર, લોકોને ઘરમાં જ રહેવાની ચેતવણી

### ભારે વરસાદથી રસ્તાઓ પાણીમાં ગરકાવ, સ્થાનિક ટ્રેન સેવાને અસર, મુસાફરો અટવાયા

। (એજન્સી) મુંબઈ, તા.૨૬ ।

મુંબઈ અને આસપાસના વિસ્તારો ગુરુવાર રાત્રિથી શરૂ થયેલા ધોધમાર વરસાદને પગલે જળબંબાકાર થયાં હતાં. અવિરત વરસાદને પગલે રસ્તાઓ પાણીમાં ગરકાવ થતાં મુસાફરો મુશ્કેલીમાં મુકાયા હતાં. શહેરના મુખ્ય માર્ગો પર ટ્રાફિક ધીમો પડી ગયો હતો અને સ્થાનિક ટ્રેન સેવા પ્રભાવિત થઈ હતી. વધુમાં હવામાન વિભાગે વરસાદનું ઓરેન્જ એલર્ટ જારી કર્યું હોવાથી મુંબઈ પોલીસે ખૂબ જ જરૂરી ન હોય તો ઘરની બહાર ન નીકળવાની લોકોને સલાહ આપી હતી. હવામાન વિભાગે આગામી બે દિવસ માટે પણ એલર્ટ જારી કર્યું છે. રાયગઢ અને અન્ય વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની ચેતવણી અપાઈ છે.મુંબઈ પોલીસે અપીલ કરી હતું કે મુંબઈ શહેર અને આસપાસના જિલ્લાઓમાં ભારે વરસાદ પડી રહ્યો હોવાથી લોકોએ દરિયાકાંઠાના વિસ્તારોમાં જવાનું ટાળવા જોઈએ. પોલીસે સતર્ક રહેવાની સૂચનાઓ પણ જારી કરી હતી અને બે હેલ્પલાઈન ચાલુ કરી હતી. જાહેર સલામતી સુનિશ્ચિત કરવા માટે સાવચેતીના ભાગ રૂપે પાણી ભરાયેલા વિસ્તારમાં એક અંડરપાસ બંધ કરાયો હતો. ગુરુવારે સાંજે ૭ વાગ્યાથી શુક્રવારે સાંજે ૭ વાગ્યા સુધીમાં માલપા ડોંગરી, અંધેરી, આરે રોડ, ગોરેગાંવ, સાંતાક્રુઝ, બીકેસી ફાયર સ્ટેશન, રમાબાઈ નગર, ઘાટકોપર, વિક્રોલી પવઈ સહિતના વિસ્તારોમાં ૪.૮ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. રેલવે અધિકારીઓએ જણાવ્યું હતું કે વિલંબને કારણે લોકલ ટ્રેનોની અવરજવર પર અસર પડી હતી. જોકે પશ્ચિમ અને હાર્બર લાઈન સહિત તમામ લાઈનો પર રેલવે સેવા ચાલુ રહી હતી. સેન્ટ્રલ રેલ્વેના જણાવ્યા અનુસાર, શહેરમાં ભારે વરસાદને કારણે સેન્ટ્રલ લાઈન (મુંબઈ સબર્બ રેલ્વે સિસ્ટમ) પર લોકલ ટ્રેન સેવાઓ મોડી પડી હતી. મુખ્ય લાઈનની લોકલ ટ્રેનો ૧૦ થી ૧૨ મિનિટ મોડી પડી હતી, જ્યારે હાર્બર લાઈનની લોકલ ટ્રેનો ૭ થી ૮ મિનિટ મોડી ચાલી રહી હતી. ઓછી વિઝિબિલિટીને કારણે સાવચેતીના ભાગરૂપે ટ્રેનો ઓછી ગતિએ દોડાવામાં આવી હતી.

## રાજ્યસભામાંથી વિપક્ષને ઝટકો લાગ્યો, હવે લોકસભા પર નજર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

દેશની ન્યાયપાલિકામાં ભ્રષ્ટાચારના ગંભીર આરોપો ફરીથી સંસદ અને જનતામાં પ્રશ્નો ઉભા કરી રહ્યા છે. દિલ્હી હાઈકોર્ટમાં પદસ્થિત અને હવે અલ્હાબાદ હાઈકોર્ટમાં ટ્રાન્સફર થયેલા જસ્ટિસ યશવંત વર્મા સામે મહાભિયોગ ચલાવવાની વિપક્ષી પક્ષોની માંગને રાજ્યસભાએ સ્વીકાર કરી નથી. સૂત્રોના જણાવ્યા મુજબ આ પ્રસ્તાવ રાજ્યસભામાં ક્યારેય ઔપચારિક રીતે સ્વીકારવામાં આવ્યો જ નથી, તેથી તેને પાછો ખેંચવાનો સવાલ જ નથી. જો પ્રસ્તાવ મંજૂર થાય, તો ત્રણ લોકોની એક ટીમ બનાવવામાં આવશે. જેમાં એક સુપ્રીમ કોર્ટના જજ, એક હાઈકોર્ટના જજ અને એક જાણીતા કાનૂની નિષ્ણાતનો સમાવેશ થશે. આ સમિતિ જસ્ટિસ વર્મા સામે લાગેલા આરોપોની તપાસ કરીને રિપોર્ટ સંસદને સોંપશે. એક તરફ જ્યાં સંસદનું મોનસૂન સત્ર શરૂ થઈ ગયું છે.

## પ્રધાનમંત્રી મોદીએ માલદીવને ભારતનો વિશ્વાસુ મિત્ર ગણાવ્યો



। (એજન્સી) માલદીવ, તા.૨૬ ।

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ માલદીવની મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચેના ગાઢ સંબંધો પર પ્રકાશ પાડતા કહ્યું કે, ભારત માલદીવનો સૌથી નજીકનો પાડોશી અને સૌથી વિશ્વસનીય મિત્ર છે. તેમણે કહ્યું કે ભારતની "પડોશી પ્રથમ" નીતિ અને "સમુદ્ર" દ્રષ્ટિકોણમાં માલદીવનું વિશેષ સ્થાન છે. પીએમ મોદીએ કહ્યું કે, ભારતની પડોશી પ્રથમ નીતિ અને "મહાસાગર" દ્રષ્ટિકોણમાં માલદીવનું મહત્વપૂર્ણ સ્થાન છે. મહામારીનો સમય હોય કે, આપત્તિનો સમય, ભારતે કોવિડ પછી આવશ્યક ચીજવસ્તુઓ પૂરી પાડીને અને અર્થતંત્રને સંભાળીને માલદીવને ટેકો આપ્યો. આ વર્ષ ભારત-માલદીવ રાજદ્વારી સંબંધોની ૬૦મી વર્ષગાંઠ છે. પીએમ મોદીએ કહ્યું કે આપણા સંબંધો માત્ર ૬૦ વર્ષ જૂના નથી, પરંતુ ઈતિહાસના ઊંડાણ સાથે પણ જોડાયેલા છે. આ પ્રસંગે, બંને દેશોની પરંપરાગત બોટ પર આધારિત ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી હતી, જે આ સાંસ્કૃતિક અને ઐતિહાસિક ભાગીદારીનું પ્રતીક છે. માલદીવ્સ પાસેથી ભારતને શું મળ્યું? ભારત સરકારે માલદીવ્સને ૪,૮૫૦ કરોડ રૂપિયાની નવી લોન સહાય આપી છે. આ પગલું ભારત અને માલદીવ્સ વચ્ચેનો સંબંધને વધુ મજબૂત બનાવવા માટે મહત્વનું છે. આ નાણાકીય સહાય હેઠળ, માલદીવને વિકાસ પ્રોજેક્ટ્સ માટે જરૂરી નાણાકીય સંસાધનો પૂરા પાડવામાં આવશે, જે માલદીવની આર્થિક સ્થિરતા અને વિકાસ દરમાં સુધારો કરશે. આ સાથે, ભારત અને માલદીવ વચ્ચે મુક્ત વેપાર કરાર (IMFTA) પર પણ વાતચીત શરૂ થઈ ગઈ છે. આ કરાર બંને દેશો વચ્ચે વેપાર અને રોકાણને પ્રોત્સાહન આપશે. IMFTA દ્વારા, માલદીવના ઘણા ઉત્પાદનોને ભારતીય બજારમાં પ્રવેશ મળશે, જ્યારે ભારતીય ઉત્પાદનો માલદીવમાં વધુ સ્પર્ધાત્મક બનશે. પીએમ મોદીએ માલદીવ માટે લગભગ ૫,૦૦૦ કરોડ રૂપિયા (૫૬૫ મિલિયન ડોલર) ની "ક્રેડિટ લાઈન" ની જાહેરાત કરી, જેનો ઉપયોગ માળખાગત સુવિધાઓ અને વિકાસ પ્રોજેક્ટ્સ પૂર્ણ કરવા માટે કરવામાં આવશે.

### સીઝફાયર માટેની મંત્રણામાંથી અમેરિકાએ છેડો ફાડ્યો

## ગાઝા મોત ઈચ્છે છેઃ યુદ્ધવિરામના પ્રયાસો નિષ્ફળ જતાં ટ્રમ્પ હતાશ

### ઈજીપ્ત અને કતારની મધ્યસ્થામાં દોહા ખાતે ચાલી રહેલી મંત્રણા બેઠકમાંથી અમેરિકા અને ઈઝરાયેલે તેના પ્રતિનિધિમંડળોને પરત બોલાવી લીધા છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૬ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધ વિરામના પ્રયાસો નિષ્ફળ જતા હતાશ થયેલા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું કે, આતંકવાદી સંગઠન હમાસ મોત ઈચ્છે છે. હમાસ ગાઝામાં યુદ્ધ વિરામ તથા ઈઝરાયેલના બંધકોને મુક્ત કરવાની સમજૂતિ ઈચ્છતું નથી. ઉલ્લેખનીય છે કે યુએસ પ્રમુખ ટ્રમ્પનું આ નિવેદન અમેરિકાએ ઈઝરાયેલ અને હમાસ વચ્ચેની શાંતી મંત્રણામાંથી છેડો ફાડ્યાના એક દિવસ બાદ આવ્યું છે. ટ્રમ્પે આ શાંતી વાટાઘાટ નિષ્ફળ જવા માટે હમાસને જ દોષિ ઠેરવ્યું છે. ટ્રમ્પે કહ્યું કે, ઈઝરાયેલ હવે તેનું (હમાસ) કામ તમામ કરી નાંખશે અને તે મોત ઈચ્છી રહ્યા છે. હમાસ દ્વારા ૭ ઓક્ટોબરે ઈઝરાયેલ પર હુમલો કરીને કેટલાક ઈઝરાયેલી તથા અન્ય દેશના નાગરિકોને બંધક બનાવી લીધા હતા. આ પૈકી કેટલાકને મુક્ત કરવામાં આવ્યા છે જ્યારે હજુ પણ કેટલાક લોકો હમાસના કબજામાં છે.સ્કોટલેન્ડ પ્રવાસ માટે રવાના થતા પૂર્વે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસ ખાતે પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું કે, હમાસ પાસે સોદાબાજી માટે કોઈ વિકલ્પ બચ્યો નથી. તેઓ બંધકોને પરત કરી દેશે પછી શું થશે તેનો બધાને ખ્યાલ છે. એટલા માટે હમાસ બંધકોને સોંપશે નહીં. હવે તેના નેતાઓનો શિકાર થઈ શકે છે.

## અમેરિકાની FAA એ અમદાવાદ પ્લેન ક્રેશમાં કર્યો નવો ઘટસ્ફોટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

અમદાવાદ એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનામાં યુએસ ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA)નો તપાસ રિપોર્ટ જાહેર થયો છે. જેમાં જણાવ્યું છે કે, અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનામાં ફ્યુલ કંટ્રોલ સિસ્ટમમાં કોઈ ટેક્નિકલ ખામી જોવા મળી નથી, જેને એર ઈન્ડિયા બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનરના ક્રેશનું કારણ માનવાની આશંકા વ્યક્ત થઈ રહી છે. ૧૨ જૂને અમદાવાદથી ટેકઓફ થયાના બે મિનિટમાં જ ધડાકાભેર પ્લેન ક્રેશ થયું હતું. જેમાં ૨૬૦ લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ દુર્ઘટના એર ઈન્ડિયાના તાજેતરના ઈતિહાસમાં સૌથી ખતરનાક વિમાન દુર્ઘટના તરીકે વર્ણવવામાં આવી છે. રિપોર્ટ મુજબ, FAA એડમિનિસ્ટ્રેટર બ્રાયન બેડફોર્ડે વિસ્કોન્સિનમાં આયોજિત એક એવિએશન કાર્યક્રમ દરમિયાન પત્રકારોને જણાવી રહ્યા હતાં કે, તપાસકર્તાઓને ફ્યુલ સિસ્ટમ યુનિટમાં ખામીના કોઈ સંકેતો મળ્યા નથી. તેમજ ફ્યુલ સ્વિચમાં અનિચ્છનીય હેરફેરના પણ કોઈ પુરાવા મળ્યા નથી. અમને સંપૂર્ણપણે વિશ્વાસ છે કે, આ ફ્યુલ કંટ્રોલમાં અજાણતા થયેલી ગરબડનો મામલો નથી.

### સુપ્રીમ કોર્ટે ગાઈડલાઈન જાહેર કરી

## વિદ્યાર્થીઓમાં આત્મહત્યાનું વધતું પ્રમાણ તંત્રની નિષ્ફળતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

સ્કૂલ, કોલેજો અને કોચિંગ સેન્ટરોમાં વિદ્યાર્થીઓમાં માનસિક તણાવ, આત્મહત્યાનું પ્રમાણ વધવા સહિતના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટે સમગ્ર દેશ માટે ગાઈડલાઈન જાહેર કરી છે. આ ગાઈડલાઈન વિદ્યાર્થીઓની આ પ્રકારની સમસ્યાઓના ઉકેલ લાવવા માટે જાહેર કરાઈ છે. રાજસ્થાનના કોટામાં વિદ્યાર્થીઓની આત્મહત્યાનું પ્રમાણ વધવાની સુપ્રીમે નોંધ લીધી હતી. સુપ્રીમ કોર્ટે ચિંતા વ્યક્ત કરતા કહ્યું હતું કે વિદ્યાર્થીઓમાં આત્મહત્યાનું વધી રહેલુ પ્રમાણ તંત્રની નિષ્ફળતાની નિશાની છે. તંત્રએ યોગ્ય વ્યવસ્થા કરી હોત અને આ મુદ્દે ધ્યાન કેન્દ્રીત કર્યું હોત તો આ વિદ્યાર્થીઓને બચાવી શકાયા હોત. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ વિક્રમનાથ અને ન્યાયાધીશ સંદીપ મેહતાની બેંચે કહ્યું હતું કે વિદ્યાર્થીઓમાં વધી રહેલી આત્મહત્યા ખરેખર એક ગંભીર મામલો છે, જેને પગલે બંધારણીય દખલ દેવી જરૂરી છે. વિશાખાપટ્ટનમમાં એક હોસ્પિટલની છત પરથી પડવાથી વિદ્યાર્થિનીનું મોત નિપજ્યું હતું જે નીટની તૈયારી કરી રહી હતી. આ મામલાની સુનાવણી દરમિયાન જ સુપ્રીમ કોર્ટે સમગ્ર દેશના વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખી ૧૫ જેટલી ગાઈડ લાઈન જાહેર કરી છે. સાથે જ વિદ્યાર્થિનીના મૃત્યુની તપાસ સીબીઆઈને સોંપવા આદેશ કર્યો હતો. સુપ્રીમે પોતાના આદેશમાં કહ્યું છે કે દેશની તમામ શૈક્ષણિક સંસ્થાઓએ વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યની સમાન પોલિસી લાગુ કરવાની રહેશે.

### એનેસ્થેટિસ્ટ ના હોવા છતા સગર્ભાને દાખલ કરી,

# ખાનગી હોસ્પિટલો દર્દીઓને રૂપિયા ખંખેરવાનું એટીએમ સમજે છે : હાઇકોર્ટ

### સારવારમાં બેદરકારીથી બાળકનું મોત ઉપરથી વધુ રૂપિયાની ધમકીના કેસમાં કોર્ટે ડોક્ટરનો ઉધડો લીધો

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૨૬ ।

ખાનગી હોસ્પિટલો દર્દીઓને નાણા પડાવવા માટેનું એટીએમ મશીન સમજે છે. હોસ્પિટલોમાં સારવારના પુરતા સાધનો નથી હોતા, ડોક્ટરો પણ નથી હોતા છતા દર્દીઓને દાખલ કરી દેવામાં આવે છે કેમ કે ખાનગી હોસ્પિટલો દર્દીઓને એટીએમ મશીન સમજે છે. આ આક્રામક ટિપ્પણી અલ્લાહાબાદ હાઈકોર્ટે સારવારમાં બેદરકારીના એક કેસની સુનાવણી દરમિયાન કરી હતી. હાઈકોર્ટે સારવારમાં બેદરકારી બદલ ક્રિમિનલ કેસનો સામનો કરી રહેલા ડોક્ટરની અરજી ફગાવી હતી. સાથે જ લોકોને બેફામ લૂટતી હોસ્પિટલો પર આ ટિપ્પણી કરી હતી. ઉત્તર પ્રદેશમાં એક સગર્ભા મહિલાની સારવારમાં બેદરકારી બદલ વર્ષ ૨૦૦૮થી ક્રિમિનલ કાર્યવાહીનો સામનો કરી રહેલા ડોક્ટર અશોક કુમાર રાય દ્વારા કેસ રદ કરવાની માગ સાથે અલ્લાહાબાદ હાઈકોર્ટમાં અપીલ કરાઈ હતી. ડોક્ટર અશોક કુમાર પર આરોપ હતો કે તેણે ગર્ભવતી મહિલાને સુવિધા ના હોવા છતા સારવાર માટે દાખલ કરી, મહિલાની સર્જરી કરવાની હતી જેમાં ચારથી પાંચ કલાક મોડુ કર્યું, જેને કારણે બાળકનું મોત થઈ ગયું. સર્જરી સવારે ૧૧ વાગ્યે કરવાની હતી, પરિવારે મંજૂરી પણ આપી દીધી હતી જોકે મહિલાને બેભાન કરવા માટે એનેસ્થેટિસ્ટ ન હોવાથી બાદમાં બહારથી બોલાવવામાં આવ્યો, આ દરમિયાન પાંચ



કલાકનો સમય વીતી ગયો જેથી બાળકનું મોત નિપજ્યું. બાદમાં જ્યારે પરિવારજનોએ સવાલો ઉઠાવવાનું શરૂ કર્યું તો ડોક્ટરના માણસોએ મારપીટ કરી દીધી. આ સમગ્ર મામલો વર્ષ ૨૦૦૭નો છે, તે સમયે ડોક્ટરે મહિલા પાસેથી ૮૭૦૦ રૂપિયા લીધા હતા અને બાદમાં વધારાના ૧૦ હજાર માગ્યા હતા જે ના આપતા ડિસચાર્જ સ્લિપ આપવાની ડોક્ટરે ના પાડી દીધી હતી. બાદમાં પરિવારે ડોક્ટરની સામે આઈપીસીની કલમ ૩૦૪એ, ૩૧૫, ૩૨૩ અને ૫૦૬ની કલમ હેઠળ ફરિયાદ દાખલ કરાવી હતી. ડોક્ટરે કોર્ટમાં એવી દલીલ કરી હતી કે મેડિકલ બોર્ડે ક્લીનચિટ આપી દીધી છે અને સારવારમાં કોઈ ભુલ ના થઈ હોવાની સ્પષ્ટતા કરી છે. જ્યારે પીડિત પરિવાર તરફથી હાઈકોર્ટમાં એવી દલીલ કરવામાં આવી હતી કે મેડિકલ બોર્ડની સામે પીએમ રિપોર્ટ જ રજુ કરાયો નહોતો. સારવારમાં મોડુ થવાને કારણે જ ગર્ભમાં બાળકનું મોત થયું. બન્નેની દલીલો સાંભળ્યા બાદ હાઈકોર્ટે નોંધ્યું હતું કે મેડિકલ બોર્ડની સામે મહત્વના દસ્તાવેજો રજુ જ નહોતા કરાયા, એનેસ્થેટિસ્ટને પણ બહુ જ મોડા બોલાવાયો હતો, જે દર્શાવે છે કે સારવાર માટે તૈયારી જ નહોતી કરવામાં આવી. આ એક ક્લાસિક કેસ છે, ડોક્ટર દર્દીને સારવાર માટે દાખલ કરી નાખે છે, પરિવારની મંજૂરી પણ લઈ લે છે પરંતુ સમયસર ઓપરેશન નથી થતું, કેમ કે સર્જરી માટે પુરતી સુવિધા જ નહોતી. કોઈ જ કારણ વગર ઓપરેશનમાં ચારથી પાંચ કલાકનું મોડુ કરાયું, સાબિત થાય છે કે ડોક્ટરે દર્દી સાથે છેતરપિંડી કરી છે. હાલમાં ખાનગી હોસ્પિટલો, નર્સિંગ હોમ સુવિધા કે સ્ટાફના અભાવમાં પણ દર્દીઓને દાખલ કરી લે છે, જ્યારે દર્દી દાખલ થઈ જાય ત્યારે ડોક્ટરોને બહારથી બોલાવવા લાગે છે, જગજાહેર છે કે ખાનગી હોસ્પિટલો, નર્સિંગ હોમ દર્દીઓને રૂપિયા પડાવવા માટેનું એટીએમ મશીન માને છે. આ કેસમાં ડોક્ટરની સામે ગ્રાહક સુરક્ષા ફોરમમાં કેસ કરાયો હતો જે ૧૬ વર્ષથી પેન્ડિંગ છે. હાલમાં ડોક્ટરને કોઈ પણ પ્રકારની રાહત આપવાની હાઈકોર્ટે ના પાડી દીધી છે. જેથી હવે ડોક્ટરની સામે આ મામલે ટ્રાયલ ચાલશે.

## તંત્રી લેખ...

# મુંબઈ-અમદાવાદ હાઈવે પર કાઠિયાવાડી હોટલોમાં મનસેના કાર્યકરોએ ગુજરાતી બોર્ડ તોડી નાખ્યા

મહારાષ્ટ્રમાં મરાઠી ભાષા વિવાદ થંભવાનું નામ લઈ રહ્યો નથી. મનસે સહિતના અમુક રાજકીય પક્ષોના કાર્યકરો દ્વારા મુંબઈવાસીઓ પર મરાઠી ભાષા બોલવા દબાણ કરતાં મારામારીનો એકાદ કિસ્સો રોજબરોજ બની રહ્યો છે. હાલમાં જ મનસેના કાર્યકરોએ મુંબઈ-અમદાવાદ હાઈવે પર આવેલી રેસ્ટોરન્ટ્સના ગુજરાતી ભાષામાં લગાવેલા સાઈનબોર્ડ તોડી નાખ્યા હતાં. પાલઘર અને થાણેમાં મનસેના કાર્યકરોએ મરાઠી ભાષામાં સાઈન બોર્ડ મૂકવાની માગ કરતાં મુંબઈ-અમદાવાદ હાઈવે પર સ્થિત કાઠિયાવાડી રેસ્ટોરન્ટ્સ તેમજ હોટલોના ગુજરાતી ભાષાના સાઈનબોર્ડ તોડી પાડ્યા હતાં. હાલોલી ગામ નજીક સ્થિત રેસ્ટોરન્ટમાં પણ ગુજરાતી ભાષામાં લગાવેલા સાઈનબોર્ડ તોડી પાડ્યા હતાં. મહારાષ્ટ્રમાં ભાષા વિવાદના કારણે સ્થિત વણસી રહી છે. મનસેના કાર્યકરોના મારપીટ અને ગુંડાગીરીથી લોકો ત્રસ્ત બન્યા છે. ઘણી રેસ્ટોરન્ટ અને હોટલ્સના માલિકોએ પોતાના મરાઠી સિવાય અન્ય ભાષામાં લખેલા સાઈનબોર્ડ કાળા કપડાં વડે ઢાંકી દીધા છે. ઉલ્લેખનીય છે, થોડા સમય પહેલાં જ મનસેના કાર્યકરો દ્વારા મુંબઈ અને થાણેમાં અંગ્રેજી ભાષામાં લગાવેલા સાઈનબોર્ડ તોડી પાડવામાં આવ્યા હતાં. તેઓએ રાજ્યના નિયમનનો હવાલો આપી આ કાર્યવાહી હાથ ધરી હોવાનો દાવો કર્યો હતો. નિયમન મુજબ મહારાષ્ટ્રમાં વેપાર-ધંધો કરવા માટે મરાઠી ભાષામાં સ્પષ્ટપણે વંચાય તે રીતે સાઈનબોર્ડ લગાવવા અનિવાર્ય છે.

## "હે, ભીડભંજન, અલખ નિરંજન, મુક્તિના દાતાર, ભવ્ય ભાલ પર ત્રિનેત્ર સોહે, શીશ પર ગંગાધાર"

દેવાધિદેવ મહાદેવ. ભગવાન શંકરના વિવિધ નામોમાં એક નામ મહાદેવ પણ છે. મહાદેવ એટલે દરેક દેવોમાં સૌથી મોટા દેવ.ભગવાન શંકર સર્વ દેવોના દેવ છે એથી દેવાધિદેવ તરીકે પણ ઓળખાય છે. ભગવાન વિષ્ણુ તથા બ્રહ્માજી પણ ભગવાન શિવનું નેતૃત્વ સ્વીકારતાં હતાં અને કટોકટીના સમયે શંકરદાદાનું જ શરણ શોધતાં હતાં એવો શાસ્ત્રોમાં ઉલ્લેખ જોવા મળે છે. શ્રાવણ માસ એ ભગવાન શિવજીની પૂજા, અર્ચના તથા ભક્તિ કરવાનો પાવન માસ છે. શ્રાવણ માસમાં શિવ મંદિરો વિશિષ્ટ રીતે શણગારવામાં આવે છે અને શિવજીના દર્શન કરવા માટે ભક્તજનોની લાંબી કતારો લાગે છે. શ્રાવણ માસમાં ઘણાં ભાવિક ભકતો ઉપવાસ રાખી માત્ર ફળાહાર જ કરે છે. તમામ દેવોમાં ફક્ત મહાદેવજી જ સૌથી ભોળા અને દયાળું છે અને બહુ જલ્દીથી રીઝી જતાં દેવ છે. મહાદેવને માત્ર દૂધ અને પાણી ચઢાવો તો પણ રીઝી જાય છે. ભગવાન શંકરને બીલીપત્ર અતિ પ્રિય છે અને એમાં પણ જો ત્રિદલ બીલીપત્ર ચઢાવીએ તો તેઓ અતિ પ્રસન્ન થાય છે. આ ઉપરાંત શિવજીને ધંતૂરો તથા કેવડો પણ ચઢી શકે છે. ગંગાજી જ્યારે પૃથ્વી પર અવતરવા તૈયાર થયાં,ત્યારે ગંગાજીએ રાજા ભગીરથને જણાવ્યું કે, હું સ્વર્ગમાંથી પૃથ્વી ઉપર અવતરીશ તો મારી પ્રચંડ જલધારાને કારણે સીધી પાતાળમાં પહોંચી જઈશ, માટે તમો કોઈ એવા દેવની શોધ કરો કે, જે મારી પ્રચંડ જલધારાને ઝીલી શકે.આ સાંભળીને ભગીરથ રાજાએ તરતજ હિમાલય ઉપર જઈને મહાદેવજીને ગંગાજીની અતિ પ્રચંડ જલધારાને ઝીલવા માટે પ્રાર્થના કરી. ભગીરથ રાજાની વિનંતી માન્ય રાખીને મહાદેવજીએ પોતાની વિશાળ જટા ખોલી નાંખી અને ગંગાજીને પોતાની જટામાં આવવા માટેનું આહ્વાન આપ્યું.શિવજીનો આદેશ સાંભળીને ગંગાજીએ તરતજ એમની પ્રચંડ અને વેગવાન જલધારા શિવજીની જટા ઉપર કરી અને ગંગાજીને ભગવાન શંકરે પોતાની લાંબી અને વિશાળ જટામાં ઝીલી લઈને તરતજ જટાને બાંધી દીધી અને ગંગાજીને આજ્ઞા કરી કે ભગિરથ રાજાનો રથ જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં તમારે તે રથની પાછળ પાછળ જવાનું છે.આ પ્રસંગથી મહાદેવ ગંગનાથ કે ગંગાધર તરીકે પણ ઓળખાવા લાગ્યા છે. દેવો અને દાનવો વચ્ચે જે સમુદ્ર મંથન થયું એમાં ઘણાં કિંમતી રત્નો, ઐરાવત હાથી, પાંચજન્ય શંખ્ સાક્ષાત લક્ષ્મીજી તથા અમૃત જેવી સામગ્રી પ્રાપ્ત થઈ અને દરેકે પોતપોતાની મરજી મુજબ તે વસ્તુઓ રાખી લીધી.છેલ્લે કાલકૂટ નામનો હળાહળ વિષથી ભરેલો કટોરો નિકળ્યો અને સૌ વિષ નિરખીને આઘાપાછા થવા લાગ્યાં ત્યારે ભગવાન શંકરે હળાહળ વિષથી ભરેલો એ કટોરો પી લીધો અને ગળામાં જ વિષ અટકાવી દીધું, આથી એમનું ગળું નીલા રંગનું થઈ ગયું તેથી એમનું અન્ય એક નામ નીલકંઠ પડ્યું. શંકર ભગવાન એટલાં ભોળા હતાં કે એમને ભોળાનાથ, ભોલેશ્વર કે ભોલેનાથ તરીકે પણ ઓળખવામાં આવે છે.ભગવાન શિવે મહિષાસુર, તારકાસુર, ભસ્માસુર, બાણાસુર તથા લંકાપતિ રાવણને પણ વરદાન આપ્યાના દાખલા પુરાણોમાં મોજૂદ છે. મહાદેવ મોટાભાગે લીંગ સ્વરૂપે જ પૂજાય છે, ભાગ્યેજ કોઈ સ્થળે મૂર્તિ સ્વરૂપે પૂજાય છે. શિવજીને નૃત્ય પસંદ હોવાથી નટરાજ તરીકે પણ ઓળખાય છે. જ્યારે દક્ષ પ્રજાપતિના યજ્ઞમાં દેવી પાર્વતીનું તથા ભગવાન શિવનું અપમાન થતાં દેવીએ યજ્ઞવેદીમાં પ્રાણની આહુતિ આપી દીધાના સમાચાર સાંભળીને શિવજીએ ક્રોધાવેશમાં આવીને ભયંકર તાંડવનૃત્ય કર્યું હતું. રાવણ રચિત શિવ તાંડવ સ્તોત્ર તથા ગાંધર્વ પુષ્પદંત રચિત શિવ મહિમ્ન સ્તોત્ર આજે પણ લોકો હોંશે હોંશે ગાય છે અને સાંભળે છે.શિવજીને કોઈ શોભા, સાજ, શણગાર કે વસ્ત્રાલંકાર પસંદ નથી. મહાદેવજી આખા શરીરે ભસ્મ ચોપડે છે અને શરીર ફરતે વ્યાઘચર્મ વિંટાળે છે.શિવજીના કરાલ ભાલમાં ત્રીજું નેત્ર દૈદિપ્યમાન લાગે છે અને આ કારણે શિવને ત્રિનેત્ર અથવા ત્રિલોચન તરીકે ઓળખવામાં આવે છે.ભગવાન શંકર જ એક એવા દેવ છે કે એમનો સમગ્ર પરિવાર તથા વાહનો પણ પૂંજાય છે. મહાદેવના અર્ધાંગિની પાર્વતીજી ઊમિયા માતા તરીકે પૂંજાય છે, એમનાં બન્ને પ્રતાપી પુત્રો કાર્તિકેય તથા ગણપતિ દેવો તરીકે પૂંજાય છે તો ગણેશજીના બે સુપુત્રો લાભ અને શુભ ચોઘડિયામાં સ્થાન પામ્યા છે.એમની પુત્રી ઓખાનું મહત્વ ચૈત્ર મહિનામાં વધી જાય છે અને લોકો અલૂણાવ્રત રાખીને ઓખાહરણ વાંચે અને સાંભળે છે.એમના વાહન નંદીને લોકો વૃષભ તરીકે પૂજે છે. ચંદ્રને પણ મહાદેવે જટામાં સ્થાન આપ્યું છે એથી ચંદ્ર મૌલી, ચંદ્રેશ કે ચંદ્રમૌલીશ્વર તરીકે પણ ઓળખવામાં આવે છે. કોઈ ગામ,નગર કે શહેર એવું નહીં હોય કે જ્યાં ભગવાન શિવનું મંદિર કે દેરૂ ન હોય. મહાદેવ અત્ર, તત્ર અને સર્વત્ર પૂજાતા દેવ છે. ભગવાન શિવજીના તો જેટલાં ગુણગાન ગાઈએ એટલાં ઓછાં છે.



વિશેષ
યોગેશભાઈ આર જોશી
(કવિ/લેખક જિ.પંચમહાલ)

---

### "અ", "ઉ" અને "મ" થી ૐ મંત્ર બને છે, તેમજ તેના ચિહ્નમાં "ર" કાર અને તેના ઉપર બિંદુ છે

# ૐ કારનો અનાહત નાદ એટલે સાધકને સમાધિ તરફ ધકેલતું શૂન્યનું સંગીત!





સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**અ, ઉ, મ એ અનુક્રમે લંબાઈ, પહોળાઈ અને ઊંડાઈ છે. તો અ, ઉ, મ, ર કાર અને બિન્દુથી રચાયેલ ૐ ગહેરાઈ છે અને તે આકાર, અને કૃતિથી પર છે. અ, ઉ, મ એ ઈચ્છા, ભય અને ક્રોધ રહિત છે, તો અ, ઉ, મ, ર કાર અને બિન્દુથી રચાયેલ ૐ પૂર્ણ પુરુષ છે, અને આ પૂર્ણ પુરુષ પરમ પરમાત્માને સંપૂર્ણ સમર્પિત છે.**

હિન્દુ સનાતન સંસ્કૃતિમાં દેવ દેવીઓ જેટલું જ મહત્વ મંત્રનું છે, અને દરેક દેવી દેવતાઓનાં અલગ અલગ મંત્રનું પણ મહાત્મય રહેલું છે. પરંતુ અત્યારે શ્રાવણ માસ ચાલી રહ્યો છે, અને ભગવાન શંકર માટે કહેવાય છે કે ૐ કારનાં બીજ મંત્રની ઉત્પત્તિ સાથે એનો સીધો સંબંધ છે, અને એટલે જ આપણે ૐ નમઃ શિવાય એમ બોલીએ છીએ. તો ૐ કાર એ માત્ર મંત્ર નથી, પણ ત્યાંથી મંત્ર વિજ્ઞાન કે અધ્યાત્મ વિજ્ઞાન શરૂ થાય છે!, એવું જ્ઞાન પપ્પાએ નાનપણમાં આપ્યું હતું, અને પપ્પા હંમેશા કહેતા કે મારી કે કોઈ અન્યની કહેલી વાત માત્ર માહિતી છે,પણ એ જ્ઞાન ત્યારે બને, જ્યારે એને ખુદનાં અનુભવે સિદ્ધ કરવું પડે. પપ્પા આધ્યાત્મિક અને મમ્મી ભક્તિ આમ નદીના બંને કિનારાની ગતિ પરમ તત્વ તરફની જ હોવાથી અમે ઈશ્વર તત્વ વિશે કંઈક પામ્યા. તો આ શ્રાવણ માસમાં ભગવાન શંકરને વધું સારી રીતે સમર્પિત થવા આ ૐ કારના બીજ મંત્રનું વિજ્ઞાન સમજીએ.

પહેલા આપણે ઓમકાર નાદ વિશે થોડુંક જોઈએ. હિંદુ સનાતન ધારામાં ઓમકાર નાદને ખૂબ જ મહત્વ આપવામાં આવ્યું છે. અને તેને પ્રણવ મંત્ર, અને બીજ મંત્ર પણ કહેવામાં આવે છે. પ્રણવ એટલે કે સૃષ્ટિનું સર્જન કરનાર, અને એટલે જ ભગવાન શંકરનુ એક નામ પ્રણવ પણ છે. ઓમકાર નાદનો સીધો અર્થ કરીએ તો અનાહત નાદ, કે જે અધ્યાત્મ સાથે સાંકળનાર છે, એટલે કે ઈશ્વરનો નાદ, ભક્તને પોતાનામાં સંભળાય એવી સાધના કરાવનાર આ મંત્ર છે. આ મંત્રના રટણથી પરમાત્મા સાથેનો નાતો આપણો દ્રઢ અને અતૂટ બને છે. અ, ઉ ને મ, એ ત્રણ અક્ષરથી બનતો ૐ એ બ્રહ્મા વિષ્ણુ અને મહેશ ત્રણેનું એક સ્વરૂપ છે. કહેવાય છે કે સૃષ્ટિની ઉત્પત્તિ એ ઓમકાર નાદ માંથી થઈ હતી. આપણે ત્યાં એટલે જ, જુદા જુદા વિવિધ ભાવની વાત આવી. ત્રિદેવ, ત્રિગુણ, ત્રિકાળ. મુખ્ય જાતિ નર, નારી, અને નાન્યતર. મુખ્ય ત્રણ ભાવ, સત્ય પ્રેમ અને કરુણા. ઉષ્મા, ઉર્જા અને પ્રાણ શક્તિ, આથી જ અધ્યાત્મને પણ વિજ્ઞાન કહેવામાં આવે છે. મુખ્ય ત્રણ ધર્મ હિન્દુ જૈન અને બૌદ્ધ, આ બધામાં ઓમકારનું ખૂબ જ મહત્વ છે. ઓમકારના સતત રટણ કરવાથી અનાહત નાદ ઉત્પન્ન થાય છે, અને અનાહત નાદથી સમાધિ સૂચક અવસ્થા પ્રાપ્ત થાય છે.

"અ", "ઉ" અને "મ" થી ૐ મંત્ર બને છે, તેમજ તેના ચિહ્નમાં "ર" કાર અને તેના ઉપર બિંદુ છે.

અ નો સંદર્ભ સર્જક એટલે બ્રહ્મા, ઉ નો સંદર્ભ પાલક એટલે કે વિષ્ણુ અને મ નો સંદર્ભ સંહારક એટલે કે મહાદેવ છે. આમ ૐ માં ત્રિમૂર્તિ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સમાવિષ્ટ છે.

ૐ જે અ, ઉ અને મ તેમજ અર્ધ ચંદ્રાકાર અને તેના ઉપર બિન્દુથી બને છે, જ્યાં "અ" જાગૃત અવસ્થાનો સંકેત કરે છે, "ઉ" સ્વપ્ન અવસ્થાનો સંકેત કરે છે અને "મ" સુષુપ્ત અવસ્થાનો સંકેત કરે છે. સુષુપ્ત અવસ્થામાં મન અને બુધ્ધિ શાંત થઈ જાય છે. આમ અ, ઉ, મ્ અર્ધચંદ્રાકાર અને બિન્દુથી બનતો ૐ ચોથી અવસ્થાની સ્થિતિ છે. આ ચોથી અવસ્થાને સમાધિની સ્થિતિ કહેવાય છે. અ ની જાગૃત અવસ્થા, ઉ ની સ્વપ્ન અવસ્થા અને મ ની સુષુપ્ત અવસ્થા માંથી પસાર થતાં, એટલે કે ઓમ નો આતંર નાદ બંધ થતાં એક અગાઢ શાંતિની અવસ્થા આવે છે, જેને તુરીયા અવસ્થા કે સમાધિની અવસ્થા કહેવાય છે. આ અવસ્થામાં બધું જ શાત થઈ જાય છે, અને ભગવાન શંકર લગભગ આ ચોથી અવસ્થામાં જ રહેનારા છે એટલે સમાધિસ્થ રહે છે. જેમ કે રામચરિત માનસમાં ઉલ્લેખ છે કે ભગવાન શિવ ૮૭ હજાર વર્ષ સમાધિમાં હતાં!

"અ" ને વાણી, "ઉ" ને મન અને "મ" ને જીવનના ધબકારા- પ્રાણ પણ કહી શકાય. અને અ, ઉ, મ્ ,ર કાર અને બિન્દુથી બનતા ૐ ના સ્વરુપને આત્મા અંશી કહી શકાય, જે પરમ અંશ પરમાત્માનો એક ભાગ છે.

અ, ઉ, મ એ અનુક્રમે લંબાઈ, પહોળાઈ અને ઊંડાઈ છે. તો અ, ઉ, મ, ર કાર અને બિન્દુથી રચાયેલ ૐ ગહેરાઈ છે અને તે આકાર, અને કૃતિથી પર છે.

અ, ઉ, મ એ ઈચ્છા, ભય અને ક્રોધ રહિત છે, તો અ, ઉ, મ, ર કાર અને બિન્દુથી રચાયેલ ૐ પૂર્ણ પુરુષ છે, અને આ પૂર્ણ પુરુષ પરમ પરમાત્માને સંપૂર્ણ સમર્પિત છે.

અ, ઉ, મ એ નર, નારી અને નાન્યતર જાતિ દર્શાવે છે જ્યારે અ, ઉ, મ, ર કાર અને બિન્દુથી રચાયેલ ૐ એ કૃતિ અને તેના કર્તાનું એક જ સ્વરુપ છે.

સત્યનું નામ એ જ ઓમકાર છે. ભારતીય આધ્યાત્મ જગતનું રહસ્ય ઓમકારમાં સમાઈ જાય છે. ઓમકારને એક શબ્દ તરીકે ઓળખવવો કે વર્ણવવો એક ભૂલ છે, કારણ કે ઓમકાર કોઈ શબ્દ નથી, કારણ કે દરેક શબ્દનો અર્થ હોય છે. જ્યારે ઓમકારને કોઈ શબ્દ ગણી તેનો અર્થ ન સમજાય. ઓમકાર એ એક અનુભૂતીનો વિષય છે. તે તો માત્ર એક શુધ્ધ ધ્વનિ છે. તેમજ તેને એક ધ્વનિ કહેવો પણ એક લાચારી કે આપણી સમજવાની મર્યાદા છે. કોઈ પણ ધ્વનિ પેદા કરવા માટે બે વસ્તુને ટકરાવવું પડે, જ્યારે ઓમકારના ધ્વનિને પેદા કરવાની જરુરીયાત જ નથી રહેતી. ઓમકાર અનાહદ નાદ છે, જે કોઈ પણ જાતના ટકરાવ કે આઘાત વિના પેદા થયેલ નાદ ધ્વનિ છે.

ૐ કારનો જાપ તો આપણા કંઠની ટકરાહટ છે, આપણા પોતાનામાં જ પેદા થયેલ ધ્વનિ છે. અન્ય મંત્રો છે, જ્યારે ઓમકાર મહા મંત્ર છે, બીજ મંત્ર છે જેમાંથી બીજા બધા મંત્રોની ઉત્પતિ થઈ છે.

ભારતીય આધ્યાત્મિક જગત મનને મટાડવાની વાત કરી છે. અને જ્યારે મન મટી જાય છે, ત્યારે ઓમકારનો અનાહદ નાદ પેદા થાય છે, ઓમકાર ધ્વનિ સંભળાય છે. ઓમકાર મૂળ સ્તોત્ર છે, જેનાથી બધા સ્વર પેદા થાય છે. તમામ અસ્તિત્વ ઓમકારથી જોડાયેલું છે. ઓમકારનો અનાહત નાદ એટલે શૂન્યનું સંગીત.

વિજ્ઞાનની શોધ વિદ્યુત છે, તેમાં ઉષ્મા, ઉર્જા સમાવિષ્ઠ છે. આજ રીતે ઓમકારને જો વિદ્યુત સમજીએ તો તેમાં ઉષ્મા, ઉર્જા અને પ્રાણનું સ્પંદન સમાવિષ્ઠ છે. આના દ્વારા જ સત્યને પામી શકાય. એક ઓમકારની ધૂનમાં લીન થઈ જઈએ તો બીજું બધું જ શાન્ત થઈ જશે, બહારની દુનિયા શૂન્યમાં પરિવર્તિત થઈ જશે.

ઓમ કાર વિશે તો જેટલું લખીએ એટલું ઓછું છે, કારણ કે જેનાથી સૃષ્ટિની ઉત્પત્તિ છે, તેનો કોઈ અંત નથી, અને અનંત ગુણો ધરાવતા આ ૐ કારની મેં સદગુરુ કૃપાથી બુદ્ધિ પ્રમાણે સરળ બનાવવા કોશિશ કરી છે. જોકે આ બધી તો શાસ્ત્રીય વાત છે, પરંતુ આપણે રહ્યાં સંસારી કદાચ એટલું સટીક સ્મરણ થાય નહીં! અને અનાહત નાદ સુધી પહોંચાય નહીં! પણ સ્થૂળ રુપે ૐ કારનો ધ્વનિ અહમ અને ઈચ્છાને સમાપ્ત કરનાર છે, કળિયુગમાં આસ્થા માટે આટલું પણ પર્યાપ્ત છે. તો આપણે એ બીજ મંત્રની ઉત્પત્તિ છે, અને એ જ બીજ મંત્રમાં જ સૃષ્ટિ સમાહિત થઈ જાય છે. તો એ સમાહિત થાય તે પહેલા, આ શ્રાવણે તેનું રટણ કરીને એ સમાધિ તરફ લઈ જતાં અનાહત નાદ ને અનુભવીને ભગવાન શંકરના કલ્યાણકારી સ્વરૂપ ને આત્મસાત કરી શકીએ. ૐ નમઃ શિવાય.

---

### શ્રાવણ માસમાં શિવ મહિમા-૩

# શ્રાવણ માસના શિવ મહિમા-૩માં સદાશિવ પંચાક્ષર મંત્રનો મહિમા જાણીએ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**પર્વે ચમત્કારમાં આવેલ સિદ્ધેશ્વરના શિવાલયમાં એકવાર ઉત્સવનું આયોજન થયું. કેટલાક લોકોની પ્રેરણાથી એક જુવાને સર્પ પકડી દર્શનાર્થીઓ તથા ભક્તજનોની ભીડમાંછોડયો સર્પને જોઈ ત્યાં નાસ ભાગ શરૂ થઈ ગઈ પરંતુ તે સમયે મનિ સ્વસ્થ ચિત્તે બેસી રહ્યા.**

શ્રાવણ માસની શિવ આરાધના ઉપાસના અભિષેકમાં શિવભક્તો આજે ત્રીજા દિવસે આપણે શ્રાવણ માસના શિવ મહિમા-૩માં સદાશિવ પંચાક્ષર મંત્રનો મહિમા જાણવા પ્રયત્ન કરીશું. મંત્ર-જાપનું મહત્વ સુત કહે છે કે બ્રાહ્મણો! સદાશિવ પંચાક્ષરમંત્ર(નમઃશિવાય નો જપ મહા માસ તેમજ શ્રાવણ મહિનામાં કરવો ઉત્તમ ગણાય છે પ્રથમ મિતાહાર તેમજ મૌન રાખી ને એક હજાર જપ વડે શુદ્ધ થવું ત્યારબાદ શિવજીનું સ્મરણ કરવું તેમના સ્વરૂપ માં તદાકાર થવું. ત્યારબાદ જપ નો પ્રારંભ કરવો. ભક્તે પોતાના સંકલ્પ મુજબજપ કરતા રહેવું.જપ પર્ણ થયા બાદ શિવજીનું પૂજન શ્રધ્ધા ભાવથી વિધિ મુજબ કરવું. હોમ પણ કરાય.બ્રાહ્મણોને દાન તથા ભોજન પણ આપી શકાય,તપ જપ દાન અને ધ્યાન દ્વારા પવિત્ર બનેલો મનુષ્ય શિવનું દર્શન પામી ને ધન્ય બને છે.એક દિવસ મારા પિતાશ્રી લોમહર્ષાના આશ્રમમાં વત્સમુનિનું આગમન થયું. તેઓ ત્યાં ચતુમાસ રહ્યા તેમણે મનેકહ્યું કે મંત્રજાપનો મહિમા અમાપઅને અનંત છે. ''આ માટે તેમણે એક દ્રષ્ટાંત આપ્યું છે પર્વે ચમત્કારમાં આવેલ સિદ્ધેશ્વરના શિવાલયમાં એકવાર ઉત્સવનું આયોજન થયું. કેટલાક લોકોની પ્રેરણાથી




એક જુવાને સર્પ પકડી દર્શનાર્થીઓ તથા ભક્તજનોની ભીડમાંછોડયો સર્પને જોઈ ત્યાં નાસ ભાગ શરૂ થઈ ગઈ પરંતુ તે સમયે મનિ સ્વસ્થ ચિત્તે બેસી રહ્યા.તેઓ ત્યાંથી એક તસુભાર પણ ખસ્યા નહિ પેલો સર્પ તેમણે વિટળાઈ ગયો.આ દ્રશ્ય મુનીના શિષ્યએ જોયું તે ક્રોધે ભરાઈ ગયો. તેમણે તરત જ શ્રાપ આપ્યો કે આ સર્પ ફેંકનાર સર્પ બની જાય ''તે યુવાન સર્પબની ગયો. થોડીવારમાં તે મુનિ જાગૃત થયા તેમણે બધી બીના જાણી, તેમણે શિષ્યને અપકાર ઉપર ઉપકાર કરવાનો ધર્મ અને તેનો મર્મ સમજાવ્યો પછી તેમણે પેલા સર્પ બનેલા યુવાનને કહ્યું '' જળમાં જઈને રહે અને ત્યાં દરરોજ શિવ પંચાક્ષરનો જપ કરશે,એટલે તારા પાપનો ક્ષય થશે.જ્યારે વત્સ મુનિ તને લાઠી વડે ફટકારશે ત્યારે તું શ્રાપ મુક્ત થઈ પુનઃદિવ્યદેહ ધારણ કરી શિવલોકમાં જઈ શકીશ દૈવ યોગે હું કરતો કરતો વનમાંથી નદી તટે જઈ ચડ્યો,તાજેતરમાં જ મારી પુત્રીને સર્પદંશ થયેલો એટલે સર્પ પર મને ગુસ્સો આવ્યો,ને મે તરત જ સર્પને જોઈ લાઠી પ્રહાર કર્યો પરિણામે તે સપ'ની જગ્યાએ તેજોમય દિવ્ય દેહધારી જુવાન આળસ મરડી ઊભો થયો.હે મુનિઓ મનુષ્ય ભકિત ભાવ અને શ્રધ્ધાથી ઘન આપે અને બીજું પંચાક્ષરનો જપ કરે બંનેનું ફળ સમાન ગણાય છેકોઈ એક સર્વ તિર્થોમાં સ્નાન કરે,ચાંદાયસ વગેરે વ્રત કરે,એક પંચાગ્નિ તપી તપ કરે સર્વ સંગનો ત્યાગ કરી જ્ઞાનપ્રાપ્તિ કરે અથવા બીજા મંત્ર જાપ કરે તો બંનેને સમાન ફળ મળે છે. આમ પંચાક્ષર મંત્રના જપનું ફળ ખબ જ છે શિવ પંચાક્ષર મંત્ર વેદમાં અને શિવ શાસ્ત્રમાં ઓ પંચાક્ષર અક્ષર છે સાથે છ અક્ષરનો ક્યો છે. આ મંત્ર અર્થ ગંભીર, વેદના સારરૂપ અને મમુક્તિદાયક છેતે સાક્ષાત સદાશિવ સ્વરૂપ છે તેથી સિધ્ધી આપનાર છે મંત્રો ઘણાં છે પરંતુ સદાશિવે રચેલાં આ મહામંત્ર જેવો બીજો કોઈ મંત્ર નથી શિવનું જ્ઞાન શિવની સમજણ અને વિદ્યા છે,તે પંચાક્ષર મંત્રનું ભાષ્ય છે. આ મંત્ર દિવ્ય મનને નિર્મળ કરનાર સર્વ મનોરથ પર્ણ કરનાર છે નાથ શિવ સ્વરૂપ સર્વજ્ઞ પરમાત્મા શિવે પ્રાણ યાત્રાના મનૌરથની સિદ્ધી માટે આ ૐ નમઃ શિવાય મંત્ર કહ્યો છે. કોઈ પણ માણસ આ પંચાક્ષર મંત્રના જપમાં નિષ્ઠાવાળો,થાળુ હોય તે પાપરૂપ વિટંબણામાંથી છરી જાય છે.હે દેવી પૃથ્વી પર ભ્રષ્ટ થયેલ, દોષિત બનેલ દુઃખી,કરભર્યો માનવ મારો ભક્ત બનીને પંચા ક્ષરી વિદ્યાદ્વારા સુખદાયી બને છે આ મંત્રના ઋષિ વામદેવ છે છંદ પંકિત છે અને હું તેનો દેવતા છું. ગૌતમ,અત્રિ, વિશ્વામિત્ર,અંગીરા અને ભારદ્વાજ આ પાંચ અક્ષરો ના ઋષિઓ છે ગાયત્રી, અનુષ્ટુપ, ત્રિરૂપ, બૃહતી અને વિરાટએ પાંચ છંદો છે ઈન્દ્ર,રદ્ર,વિષ્ણુ,બ્રહ્માતથા કાર્તિકય એ પાંચ તેના દેવો છે.પર્વ પશ્ચિમ,દક્ષિણ, ઉત્તર અને ઉદવ એવાં મારા પાંચે વર્ણોના સ્થાને રહેલા છે.સાધકે સ્નાન કરીપવિત્ર પ્રદેશમાં સુંદર, વ્યવસ્થિત આસન ગૌરી,ઉત્તરાભિમુખે અગર પૂર્વા ભિમુખ બેસી હૃદયમાં શંકર- પાર્વતીનું ધ્યાન ધરવું, બાદ દેવ ગુરુને પ્રણામ કરવા. વંદન કરીને ન્યાસ વડે શરીરને પર્ણ કરવું, પ્રાણ અને અયાનને ઘસ કરી પછી પંચાક્ષર વિધાનો જપ કરવો. ઘરમાં કરેલો જપ સામાન્ય ગામના પાદરમાં કરેલો જપ સો ગણો,ભવનમાં કરેલો જપ હજાર ગણો પર્વત પર કરેલો જપ દસ હજારથી અધિક,નદી કિનારે, દેવાલયમાં કરેલો જપ અનેક ગણું ફળ આપનાર છે પંચાક્ષર મંત્રનું એકાગ્ર ચિત્તે ચિંતન કે શ્રવણ કરનાર પાપ મુક્ત. સદા શિવ ભોળાનાથ સૌનું કલ્યાણ કરે.

બોની કપૂરની ફિટનેસ રહસ્યને લઇને જણાવવામાં આવી રહ્યું છે કે તેણે વજન ઘટાડવા માટે ખૂબ મહેનત કરી છે

# બોની કપૂરે જિમ વગર ઘટાડ્યું ૨૬ કિલો વજન

ફિલ્મમેકર બોની કપૂર હાલમાં તેના લુકના કારણે ચર્ચામાં છે. બોની કપૂરે તેની ફિટનેસથી બધાને આશ્ચર્યચકિત કર્યા છે. તેના ફોટો અને વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યા છે. બોની ૬૯ વર્ષના છે અને આ ઉંમરમાં તેણે જિમ ગયા વગર ૨૬ કિલો વજન ઓછું કર્યુ છે. તે હાલમાં ડાઈટ અને લાઈફસ્ટાઈલ પર ફોકસ કરી રહ્યા છે. એક રિપોર્ટ પ્રમાણે બોની કપૂરની ફિટનેસ રહસ્યને લઈને જણાવવામાં આવી રહ્યું છે કે તેણે વજન ઘટાડવા માટે ખૂબ મહેનત કરી છે. હેવી ફૂડ પર કંટ્રોલ અને ડાયટ પર ધ્યાન આપ્યુ હતું. બોનીએ ડિનર છોડી દીધું હતું.રિપોર્ટ પ્રમાણે બોનીએ સવારના બ્રેકફાસ્ટ અને લંચ પર ખાસ ધ્યાન રાખ્યું હતું. સવારના નાસ્તામાં ફૂટ અને જ્યૂસ સાથે જુવારની રોટલી અને રાત્રે જમવાનું બંધ કર્યું હતું. બોની રાત્રે ડિનરની જગ્યાએ સૂપ પિતો હતો. આ રીતે તેણે ખાવા-પીવા પર ખાસ ધ્યાન આપ્યું હતું. તેણે માત્ર ખાવા-પીવા પર ધ્યાન આપી વજન ઓછું કર્યુ છે. રિપોર્ટ અનુસાર બોની કપૂર વજન ઘટાડવા પર છેલ્લા એક વર્ષથી મહેનત કરી રહ્યો છે. તેણે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, તે શ્રીદેવીને આપેલું વચન પૂરું કરી રહ્યો છે. બોનીએ જણાવ્યું કે, ‘શ્રીદેવીએ કહ્યું હતું કે, જો તે તેના વાળ સાથે કઇ કરવા ઈચ્છે તો પહેલા વજન ઘટાડવું પડશે. એટલે ફિલ્મમેકરે સૌથી પહેલા વજન ઘટાડવા પર ખાસ ધ્યાન આપ્યું. વર્ષ ૨૦૨૪થી અત્યાર સુધીમાં તેણે ૧૪થી ૧૫ કિલો વજન ઓછું કર્યુ છે.’ તેણે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, તે શ્રીદેવીને આપેલું વચન પૂરું કરી રહ્યો છે. બોનીએ જણાવ્યું કે, ‘શ્રીદેવીએ કહ્યું હતું કે, જો તે તેના વાળ સાથે કઇ કરવા ઈચ્છે તો પહેલા વજન ઘટાડવું પડશે. એટલે ફિલ્મમેકરે સૌથી પહેલા વજન ઘટાડવા પર ખાસ ધ્યાન આપ્યું.

# વર્ષ ૨૦૦૫માં બરસાત નામની ફિલ્મ રિલીઝ થઇ હતી, પ્રિયંકા સાથેના અફેરની અફવાઓને લીધે અક્ષયે બરસાત છોડી હતી





વર્ષ ૨૦૦૫માં બરસાત નામની ફિલ્મ રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં બોબી દેઓલ મુખ્ય ભૂમિકામાં જોવા મળ્યા હતા. બોબી દેઓલ પહેલા, આ ફિલ્મ અક્ષય કુમારને આપવામાં આવી હતી. જોકે, તેમણે અંગત કારણોસર આ ફિલ્મ છોડી દીધી.અને તે વખતે પ્રિયંકા સાથે અક્ષયના અફેરની જોરદાર ચર્ચા વહેતી થઈ હતી.અક્ષય કુમારને પહેલી વાર બોબી દેઓલની ૨૦૦૫ ની ફિલ્મ બરસાતમાં કાસ્ટ કરવામાં આવ્યો હતો. પ્રિયંકા ચોપરા અને અક્ષય કુમારે ફિલ્મના સંગીત અને રોમેન્ટિક ગીતોનું શૂટિંગ કર્યું હતું. જોકે, બાદમાં અક્ષય કુમારે અચાનક તે ફિલ્મ છોડી દીધી. તે સમયે પ્રિયંકા ચોપરા અને અક્ષય કુમારના અફેર વિશે ઘણી ચર્ચા થઈ હતી. ફિલ્મ નિર્માતા સુનીલ દર્શને હવે આ વિશે ખુલીને વાત કરી છે. તેમણે જણાવ્યું કે અક્ષયે ફિલ્મ છોડવાનું કારણ શું કહ્યું હતું. નિર્માતા સુનીલ દર્શને કહ્યું, “અંદાઝ પછી તરત જ બરસાત ડિઝાઈન કરવામાં આવી હતી.” સુનીલ દર્શને કહ્યું કે શરૂઆતમાં અક્ષય કુમાર પાસે તારીખો નહોતી. તેમણે કહ્યું હતું કે ફિલ્મ મુલતવી રાખવી પડશે. નિર્માતા આ માટે સંમત થયા.સુનીલ દર્શને જણાવ્યું કે પ્રિયંકા અને અક્ષયે ફિલ્મના સંગીત અને રોમેન્ટિક ગીતોનું શૂટિંગ કર્યુ હતું. આ પછી પ્રિયંકા ચોપરા આંતરરાષ્ટ્રીય શો માટે વિદેશ ગઈ હતી. તે ત્રણ મહિના માટે દેશની બહાર હતી, જેના કારણે ફિલ્મ વધુ મોડી પડી. જ્યારે અક્ષયે સુનીલને ફોન કર્યો. સુનીલે જણાવ્યું કે જ્યારે પ્રિયંકા પરત આવી ત્યારે તેને અક્ષય કુમારના સેટ પરથી ફોન આવ્યો અને અક્ષયે તેને મળવા માટે બોલાવી. અક્ષયે સુનિલને કહ્યું, “કેટલીક સમસ્યાઓ નિયંત્રણ બહાર છે અને મારા અંગત જીવનને અસર કરી રહી છે. તેમણે મને આગળ કેવી રીતે આગળ વધવું તે નક્કી કરવા કહ્યું.તે સમયે અક્ષય કુમાર અને પ્રિયંકા ચોપરાના અફેરની અફવાઓ શરૂ થઈ. જોકે, સુનિલ દર્શને પુષ્ટિ આપી ન હતી કે અક્ષયે આ અફવાઓને કારણે ફિલ્મ છોડી દીધી છે કે નહીં. સુનિલે કહ્યું, “તે પ્રિયંકા કે અક્ષય વિશે નહોતું. પરિસ્થિતિ એક એવા તબક્કે પહોંચી ગઈ હતી. જ્યાં કેટલીક સમસ્યાઓ હતી.” તેમણે કહ્યું કે દર્શકો, મીડિયા અને જનતાએ ચોક્કસપણે તે સંબંધનો ઉલ્લેખ કર્યો હતો.

આ ફિલ્મ નહીં બનવા પાછળ ડિરેક્ટરે તંત્રની ક્રુરતાને જવાબદાર ગણાવી

# શાહિદ કપૂરની છત્રપતિ શિવાજી પરની ફિલ્મ ટલ્લે ચડી

## અમિત રાયે આગળ કહ્યું કે તેમણે નક્કી કર્યુ છે કે તેઓ હવે પોતે જ પોતાની ફિલ્મ પ્રોડ્યુસ કરશે

બોલિવૂડમાં ઐતિહાસિક વિષય પરની બાયોપિક સમયાંતરે બનતી જ રહી છે અને આ એક એવું જોનર છે, જે દર્શકોને ગમે છે પણ ખરું. ફિલ્મમેકર્સ આ જોનરની ફિલ્મ ઘણા માન અને પ્રેમ સાથે બનાવે છે. આ જ રીતે જ્યારે ડિરેક્ટર અમિત રાય છત્રપતિ શિવાજી મહારાજ પર ફિલ્મ બનાવી રહ્યા હોવાના અહેવાલો આવ્યા તો લોકો ઘણા ઉત્સાહમાં આવી ગયાં હતાં. આ ફિલ્મમાં શાહિદ કપૂર મરાઠી યોદ્ધાનો રોલ કરવાનો હતો. પરંતુ તાજેતરના અહેવાલો મુજબ આ ફિલ્મ રિલીઝ થઈ શકે એવી શક્યતા ઓછી છે, આ ફિલ્મતંત્રની કામગિરીમાં ટલ્લે ચડી ગઈ હોવાની ચર્ચા છે. આ વાતની ફિલ્મના ડિરેક્ટર અમિત રાયે જ સ્પષ્ટતા કરી દીધી છે કે તેમની ફિલ્મ માળિયે ચડાવી દેવાઈ છે. આ અંગે એક ઈન્ટરવ્યુમાં ખુલાસો કરતા પપઅમિત રાયે કહ્યું કે, “આપણું તંત્ર ક્રુર છે. તમે તમારી કુશળતાનું ૧૮૦ કરોડની ફિલ્મ (ઓએમજી૨) સાથે ઉદાહરણ પૂરું પાડ્યું હોય તેમ છતાં, એ પૂરતું નથી. આ રીતે અહીં ડિરેક્ટર કઈ રીતે કામ કરે, આ પ્રકારની કાસ્ટિંગ, પ્રોડક્શન અને સ્ટાર અને મેનેજમેન્ટની દુનિયામાં કામ કરવું અશક્ય છે.”આગળ પોતાની અકળામણ વ્યક્ત કરતા તેમણે જણાવ્યું કે એક કલાકાર એક ફિલ્મની વાર્તા સાથે પાંચ વર્ષ સુધી જીવે છે અને પછી કોઈને તેના પર પાંચ કાગળનું શું સાચું અને શું ખોટું છે એ લખી નાખતા પાંચ મિનિટ થાય છે. તેમણે જણાવ્યું, “કલાકાર એ જ ફિલ્મ કરશે જે બોક્સ ઓફિસ પર સારી ચાલે. એવા ઘણા ઓછા કલાકારો છે, જે મારી સાથે ઈમાનદાર હતા. ઘણી વખત એ લોકો એવી કોઈ ફિલ્મનો ભાગ બનવા માગતા નહોતા,

તનુશ્રી દત્તા વીડિયોમાં રડી પડી

# મારું મારા ઘરમાં જ શોષણ થાય છે, મને ઘરમાં ત્રાસ અપાય છે



તનુશ્રી દત્તાએ ૨૦૧૮માં નાના પાટેકર વિરુદ્ધ શોષણની ફરીયાદ કરી હતી, ફિલ્મ હોર્ન ઓકે પ્લીઝના શૂટિંગ દરમિયાન શોષણ થયાનો દાવો હતો

નાના પાટેકર પર ‘મી ટુ’ ના આરોપો માટે અગાઉ ઘણી ચર્ચામાં રહેલી એક્ટ્રેસ તનુશ્રી દત્તા ફી એક વાર આવા જ કોઈ મુદ્દે ચર્ચામાં છે. પોતાના સોશિયલ મીડિયા પર એક રડતો વિડિઓ શેર કરીને બધાને ચોંકાવી દીધા છે. તેણે તેના ઈન્સ્ટાગ્રામ પર શેર કરેલા આ વિડિઓમાં ખુલાસો કર્યો હતો કે તેને પોતાનાં જ ઘરમાં ત્રાસ આપવામાં આવી રહ્યો છે.તેણે કહ્યું કે તેના પર વર્ષોથી ત્રાસ ગુજારવામાં આવી રહ્યો છે, હવે પરિસ્થિતિ એટલી હદ સુધી વણસી ગઈ છે કે તેણે મંગળવારે પોલીસ ફરિયાદ કરવી પડી છે. આ વીડિયોમાં તેણે લોકો પાસે મદદ પણ માગી છે.તનુશ્રીએ મંગળવારે પોતાના ઈન્સ્ટાગ્રામ પર લાઈવ વિડીયો કરીને કહ્યું, “દોસ્તો, મારા પોતાનાં ઘરમાં મારું શોષણ કરવામાં આવે છે. મને મારા પોતાનાં જ ઘરમાં હેરાન કરવામાં આવે છે. મેં પોલીસ બોલાવી અને મને પોલીસ સ્ટેશન જઈને યોગ્ય ફરીયાદ નોંધાવવા કહેવાયું છે. હું કદાચ કાલે જઈશ અને એવું કરીશ, આજે મને સારું નથી. મને છેલ્લા ચાર પાંચ વર્ષમાં એટલી હેરાન કરવામાં આવી છે કે મારી તબિયત ખરાબ થઈ ગઈ છે. હું કંઈ જ કરી શકતી નથી, મારું ઘર પણ અસ્ત વ્યસ્ત છે. “ આગળ તનુશ્રીએ જણાવ્યું,”હું ઘરમાં કામવાળી પણ રાખી શકતી નથી કારણ કે એમણે મારા ઘરમાં એમની માનિતી કામવાળી ગોઠવી હતી. મને કામવાળાનો એટલો ખરાબ અનુભવ થયો છે કે એ લોકો ગમે ત્યારે ઘરમાં આવતાં, વસ્તુઓ ચોરી લેતાં અને ઘણું બધું. મારે મારું બધું કામ જાતે કરવું પડે છે અને એ લોકો મારા બારણા બહાર આવીને.. “ પછી તે કોઈની ઓળખ જાહેર કરવા ન માગતી હોય એમ વચ્ચે જ અટકી ગઈ. તેણે છેલ્લે એટલું જ કહ્યું,”મને મારા ઘરમાં જ ત્રાસ આપવામાં આવી રહ્યો છે.

# સૈયારા ફિલ્મે સલમાનની ‘સિકંદર’ને પાછળ છોડી

મોહિત સુરીની રોમેન્ટિક ડ્રામા ફિલ્મ ‘સૈયારા’ બોક્સ ઓફિસ પર દરરોજ નવા રેકોર્ડ બનાવી રહી છે. અનીત પડ્ડા અને અહાન પાંડે છવાઈ ગયા છે. સૌથી મોટું ઓપનિંગ મેળવ્યા પછી હવે આ ફિલ્મે ૧૦૦ કરોડની કમાણીનો પડાવ પણ પાર કરી લીધો છે. આ ફિલ્મ બીજા અઠવાડિયે પણ સારી કમાણી કરી રહી છે. બીજા અઠવાડિયાના સોમવારે ‘સૈયારા’એ ૨૪ કરોડની કમાણી કરી અને મંગળવારે તેનાથી પણ આગળ વધીને ૨૫ કરોડની કમાણી કરી છે. જોકે, રવિવારની ૩૫.૭૫ કરોડની કમાણીથી આવકમાં થોડો ઘટાડો ચોક્કસ થયો છે. આ ફિલ્મની કમાણીના અહેવાલો અનુસાર પાંચ દિવસના અંતે આ ફિલ્મે ૧૩૨.૨૫ કરોડની કમાણી કરી છે. આ સાથે નવા કલાકારોની ફિલ્મ ૧૦૦ કરોડનો પડાવ પાર કરે એ ઐતિહાસિક ઘટના સિવાય હવે તેણે મુર્ગાદોસની ‘સિકંદર’નો રેકોર્ડ પણ તોડી નાખ્યો છે. સલમાન ખાન અને રશ્મિકા મંદાનાની ફિલ્મે ભારતમાં ૧૨૯.૯૫ કરોડની કમાણી કરી હતી. હવે ‘સૈયારા’નું આગળનું લક્ષ્ય અશ્રય કુમારની ‘સ્કાય ફોર્સ’નો ૧૩૪.૯૩ કરોડનો રેકોર્ડ તોડવાનું છે. જે બુધવાર સાંજ સુધીમાં તૂટી ગયો હોવાની શક્યતા છે. આ ફિલ્મ થોડાં વખતમાં આમિરની ‘સિતારે ઝમીન પર’નો ૧૬૪.૭૪ કરોડ તેમજ અક્ષય કુમારની ‘હાઉસફુલ ૫’ની ૧૯૮.૪૧ કરોડની કમાણીનો રેકોર્ડ તોડી નાખશે એવી પ્રબળ શક્યતા છે. આ સાથે પ્રથમ ત્રણ દિવસમાં સૌથી વધુ કમાણીમાં પણ ‘સૈયારા’એ ૧૧૯ કરોડની કમાણી કરીને ઘણી મોટા પ્રોડક્શનની ફિલ્મના રેકોર્ડ તોડી નાખ્યા છે.સાથે જ ‘સૈયારા’ ડિરેક્ટર મોહિત સુરીની પણ સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે. તેની ‘એક વિલન’ની પહેલા દિવસની કમાણી ૧૬ કરોડ, ‘આશિકી ૨’ની કમાણી ૬ કરોડ હતી, જ્યારે ‘મર્ડર ૨’ની પહેલા દિવસની કમાણી ૭ કરોડ હતી. આ ઉપરાંત યશરાજ ફિલ્મમ્સે થિએટર માલિકોને ફિલ્મની ચિકીચની ભાવ ન વધારવા વિનંતિ કરી છે, જેથી વધુ લોકો આ ફિલ્મ જોઈ શકે. મોહિત સુરીની આ પહેલાં આવેલી ફિલ્મ ‘આશિકી ૨’ એ પહેલા વીકેન્ડ પછી ૭૮.૧ કરોડની કમાણી કરી હતી. જ્યારે ‘એક વિલન રિટર્ન્સ’એ ૪૩.૨૧ કરોડની કમાણી કરી હતી. હવે તે ‘એક વિલન’નો ૧૦૫.૭૬ કરોડનો રેકોર્ડ પમ તોડશે. ૨૦૧૪માં આવેલી મોહિત સુરીની ‘એક વિલન’ પછી પહેલી ૧૦૦ કરોડની ફિલ્મ છે અને તે ૨૦૦ કરોડ ફિલ્મ બની શકે એવી શક્યતા છે. જો ઈન્ડસ્ટ્રીના સેલેબ્ઝની વાત કરવામાં આવે તો આલિયા ભટ્ટ, અર્જુન કપૂર, શ્રદ્ધા કપૂર અને કરણ જોહર સહીત ઘણા લોકોએ આ ફિલ્મના વખાણ કર્યા છે.

હુમા કુરેશીની ફિલ્મ ‘બયાન’ ટી-આઈએફએફ ખાતે વર્લ્ડ પ્રીમિયર થશે

# હુમા કુરેશીની ‘બયાન’ ટોરન્ટો ફિલ્મ ફેસ્ટિવલ માટે પસંદ કરવામાં આવી




હુમા કુરેશીની ફિલ્મ ‘બયાન’ ટીઆઈએફએફ ખાતે વર્લ્ડ પ્રીમિયર થશે, તે પ્રતિષ્ઠિત ડિસ્કવરી કેટેગરીમાં એકમાત્ર ભારતીય ફિલ્મ છે, આ એવું ફેસ્ટિવલ છે, જેણે ક્રિસ્ટોફર નોલાન, આલ્ફોન્સો કુઆરોન અને બેરી જેનકિન્સ જેવા ફિલ્મ નિર્માતાઓની કારકિર્દીમાં મહત્વનો ફાળો આપ્યો છે.ટોરોન્ટો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૫માં હુમા કુરેશીની પોલિસ અને ક્રાઈમ થ્રિલર ‘બયાન’નું આ સપ્ટેમ્બરમાં વર્લ્ડ પ્રીમિયર યોજાશે. ફિલ્મ ‘ચૌરંગા’ માટે જાણીતા લેખક-દિગ્દર્શક વિકાસ રંજન મિશ્રા દ્વારા દિગ્દર્શિત ‘બયાન’ ડિસ્કવરી કેટેગરીમાં એકમાત્ર ભારતીય ફિલ્મ છે. આ ફિલ્મ લોસ એન્જલસ ખાતે ફિલ્મ ઈન્ડિપેન્ડન્ટમાં તૈયાર કરવામાં આવી હતી અને તેનું પ્રોડક્શન પ્લેટૂન વન ફિલ્મ્સનાં શિલાદિત્ય બોરા દ્વારા કરવામાં આવ્યું છે. આ ફિલ્મમાં ચંદ્રચુર સિંહ, સચિન ખેડેકર જેવા દિગ્ગજો સાથે પાવરહાઉસ કલાકારો પરિતોષ સેન, અવિજીત દત્ત, વિભોર મયંક, સંપા માંડલ, સ્વાતિ દાસ, અદિતિ કંચન સિંહ અને પેરી છાબરા સહિતના મજબુત કલાકારોનો સમાવેશ થાય છે.આ ફિલ્મ સત્તા અને જેન્ડરના બે અલગ વિષયોને અનોખી રીતે જોડે છે. અનેક ભારતીય અને આંતરરાષ્ટ્રીય એવોર્ડ જીતી ચૂકેલી કુરેશીએ કહ્યું કે, તે રોમાંચિત છે કે ‘બયાન’નું વર્લ્ડ પ્રીમિયર ડિસ્કવરી કેટેગરીમાં થશે જેણે ક્રિસ્ટોફર નોલાન, અલ્ફોન્સો કુઆરોન અને બેરી જેનકિન્સ જેવા ફિલ્મ નિર્માતાઓની કારકિર્દી શરૂ કરી છે. આ ફિલ્મમાં ચંદ્રચુર સિંહ, સચિન ખેડેકર જેવા દિગ્ગજો સાથે પાવરહાઉસ કલાકારો પરિતોષ સેન, અવિજીત દત્ત, વિભોર મયંક, સંપા માંડલ, સ્વાતિ દાસ, અદિતિ કંચન સિંહ અને પેરી છાબરા સહિતના મજબુત કલાકારોનો સમાવેશ થાય છે.આ ફિલ્મ સત્તા અને જેન્ડરના બે અલગ વિષયોને અનોખી રીતે જોડે છે. અનેક ભારતીય અને આંતરરાષ્ટ્રીય એવોર્ડ જીતી ચૂકેલી કુરેશીએ કહ્યું કે, તે રોમાંચિત છે કે ‘બયાન’નું વર્લ્ડ પ્રીમિયર ડિસ્કવરી કેટેગરીમાં થશે જેણે ક્રિસ્ટોફર નોલાન, અલ્ફોન્સો કુઆરોન અને બેરી જેનકિન્સ જેવા ફિલ્મ નિર્માતાઓની કારકિર્દી શરૂ કરી છે.



# સલમાન ખાન ‘બિગ બોસ’ શો હોસ્ટ કરવાની ૧૨૦-૧૫૦ કરોડ ફી વસૂલશે

આ સીઝન માટે સલમાન ખાન લગભગ ૧૫ અઠવાડિયા શૂટ કરશે અને તેને દર વીકેન્ડ દીઠ ૮ થી ૧૦ કરોડ રૂપિયા ચૂકવવામાં આવશે

જેમ ‘કૌન બનેગા કરોડપતિ’ના સમાનાર્થી અમિતાભ બચ્ચન છે, તેમ હવે ‘બિગ બોસ’શોનો સમાનર્થી સલમાન ખાન બની ગયો, શરૂઆતમાં આ શોએ અમિતાભ બચ્ચન, કરણ જોહર કે રોહિત શેટ્ટી જેવી હોસ્ટ સાથે પ્રોયોગો કર્યા પછી સલમાન ખાન આ શોની ઓળખ બની ગયો છે. હવે ૩૦ ઓગસ્ટથી ‘બિગ બોસ ૧૯’ શરૂ થઈ રહ્યું છે, ત્યારે આ વખતે બિગ બોસ હાઉસના મહેમાનો કોણ હશે, તે અંગે ચર્ચાઓ અને ધારણાઓ શરૂ થઈ ગઈ છે. એવા પણ અહેવાલો છે તે આ વખતની સીઝન આગળની બધી સીઝન કરતાં સૌથી લાંબી સીઝન હશે. ત્યારે આ વખતની સીઝન માટે સલમાન ખાન કેટલી ફી વસૂલશે, તેના પર પણ ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. આ શો સાથે સંકળાયેલા સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, એવી ચર્ચા છે કે સલમાન ખાને આ સીઝન માટે ૧૨૦થી ૧૫૦ કરોડ જેટલી ફી વસુલી છે. આ સીઝન માટે સલમાન ખાન લગભગ ૧૫ અઠવાડિયા શૂટ કરશે અને તેને દર વીકેન્ડ દીઠ ૮ થી ૧૦ કરોડ રૂપિયા ચૂકવવામાં આવશે. સુત્રએ એવું પણ જણાવ્યું કે આ શો ઓટીટી પર સ્ટ્રીમ થવાનો હોવાથી દરરોજ ટીવી પર તેનું રિપીટ ટેલિકાસ્ટ થશે, જેમાં ઓટીટી સિવાયની ફૂટેજ પણ જોવા મળી શકે છે. આમ આ વખતનો શો માત્ર ઓટીટી કે માત્ર ટીવી પર સિમિત નહીં રહે. સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર સલમાન અને ઘરના ગેસ્ટની ફીને પહોંચી વળવા માટે શોના મેકર્સ આ વખતે પહેલાંની કોઈ સીઝન જેટલો ખર્ચ કરવા માગતા નથી. આ સીઝનનું બજેટ આગળની સીઝન જેટલું મોટું નથી.સલમાન ખાને આ પહેલાં પણ બિગ બોસ ઓટીટી ૨નું સંચાલન કર્યું હતું, એ વખતે તેણે ૯૬ કરોડ રૂપિયા ફી પેટે લીધાં હતાં. જ્યારે બિગ બોસની ૧૮મી સીઝન માટેની તેની ફી ૨૫૦ કરોડ હતી. જ્યારે બિગ બોસ ૧૭ની ફી ૨૦૦ કરોડ હતી. એ બંને શો માત્ર ટીવી પર જ આવ્યા હતા. આ વખતે સલમાન ‘ગલવાન’માં પણ વ્યસ્ત હોવાથી તે પહેલાં જેટલો સમય આ શોને આપી શકે તેમ નથી. સાથે જ આ સીઝન અન્ય સીઝન કરતાં લાંબી હોવાથી સાથે બજેટ પણ ઓછું રાખી શકાય તે માટે મેકર્સ વચ્ચે અમુક બીજા સંચાલકોની પણ મદદ લેશે એવી ચર્ચા છે. તેથી આ વખતે તેની ફી ગઈ ઓટીટી સીઝન કરતાં વધારે હશે. આ વખતની સીઝન ડિજિટલ પ્લેટફર્મ પર પહેલાં આવાવની હોવાથી અને તેનું નામ ‘બિગ બોસ ૧૯’ અપાયું હોવાથી, મેકર્સનો વિચાર એવો છે કે તેઓ આ શોને એવી કોઈ ટૅગ લાઈન આપશે.




ઝાલોદ જિલ્લો : દાહોદ ઝાલોદ નગરમાં આદિવાસી દિવસની ઉજવણી નિમિતે શુભેચ્છાઓ પાઠવતા પોસ્ટર બસ સ્ટેશન વિસ્તારમાં લાગ્યા રક્ષા બંધન અને આદિવાસી દિવસ એક જ દિવસે આદિવાસી સમાજના મૂળભૂત અધિકારોના મૂળભૂત સામાજિક, આર્થિક તેમજ ન્યાયિક રક્ષણ માટે દર વર્ષે ૯ મી ઑગસ્ટે વિશ્વ આદિવાસી દિવસ ઉજવવામાં આવે છે. આદિવાસી સમાજ માટે હવે વિશ્વ આદિવાસી દિવસ એક ઉત્સવ જેવો બની ગયેલ...

# મહીસાગરમાં લોકો જીવના જોખમે લાકડાની સીડી પરથી પસાર થવા મજબૂર



। (માહિતી) મહીસાગર,તા.૨૬ ।

મહીસાગરઃ આઝાદીના આટલા વર્ષો પછી પણ 'વિકસિત ગુજરાત'ના અનેક વિસ્તારો વિકાસની રાહમાં તરસી રહ્યા છે. આજે એવા જ એક અવિકસિત વિસ્તાર લુણાવાડા તાલુકાની વાત કે, જ્યાં આજે પણ અહીંના સ્થાનિક લોકોને જીવના જોખમે પ ાણીમાંથી પસાર થઈ અને મુખ્ય રસ્તા સુધી પહોંચવું પડે છે. બાળકોને કોતરમાં ઉતરી કે પછી કોતર પર મુકવામાં આવેલ લાકડાની સીડી પર થઈ જીવના જોખમે શાળાએ પ હોંચવું પડે છે. આવી જ વિકસિત ગુજરાતમાં વરવી વાસ્તવિકતા છે રાયણના મુવાડા અને મઠ પાદેડી ગામની. મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના રાયણના મુવાડા ગામથી મઠ પાદેડી ગામ સુધી જવા માટે લોકો જીવના જોખમે સફર કરી રહ્યા છે. મઠ પાદેડી ગામના ધામોદ તેમજ પાંડ્રોર ફળિયાના ૬૦થી પણ વધુ ઘરના આદિવાસી લોકો વસવાટ કરે છે. આ ગામના ૨૫૦થી વધુ માણસો જીવના જોખમે કોતર પસાર કરે છે. બારે માસ અહીં ઘૂંટણ સમા પાણી ભરેલા હોય છે જેમાં ઝેરી સાપ સહિત મગરનો પણ ખતરો હોય છે. અહીંના દૂધ ભરતા પશુપાલકો, ખેડૂતો અને ગામની મહિલાઓને પણ પોતાના ઘરકામની વસ્તુઓ લેવા પણ આજ રસ્તે પસાર થવું પડે છે. મધરાત કોઈ બીમાર હોય તો ૧૦૮ છેક દોઢ કિમી દૂર સુધી આવે છે. સગર્ભા કે બીમાર દર્દીને દોઢ કિમી પગપાળા કાપ વાના પછી પાકો રસ્તો જોવા મળે છે. ગામ માંથી ૪૦થી ૪૫ બાળકો બહાર ભણવા માટે જાય છે. બાળકોનો અભ્યાસ બગડે નહિ તેથી ગ્રામજનોએ કોતર પર લાકડાની સીડી બનાવીને વ્યવસ્થા કરી આપી છે. આઝાદીના આટલા વર્ષો પછી પણ ૩૦ વર્ષના વિકાસની વાતો વચ્ચે એક ગામ એવું પણ છે જે આજે પણ પ્રાથમિક જરૂરિયાતથી વંચિત છે, ત્યાં હજી વિકાસ તો દૂર વિકાસની વાત પણ પહોંચી નથી. કેમ કે અહીં પહોંચવા માટે રસ્તો જ બન્યો નથી અને લોકોને મહામુસીબતે જીવના જોખમે લાકડાની એક સીડી પરથી પસાર થવાની ફરજ પડી છે. જેથી આવા ડિજિટલ યુગમાં અહીંના સ્થાનિક લોકો આઝાદી પૂર્વે જીવતા હોય તેવું અનુભવી રહ્યા છે.

# નવસારીમાં સ્થાનિકો દ્વારા સ્માર્ટ મીટરનો કરવામાં આવ્યો ઉગ્ર વિરોધ

। (માહિતી) નવસારી,તા.૨૬ ।

સમગ્ર ગુજરાતમાં ચાલી રહેલા સ્માર્ટ મીટ-રના વિરોધનો સૂર નવસારી સુધી પહોંચ્યો હતો. નવસારીના શાંતાદેવી રોડ પર આવેલા કામધેનુ પ ાર્ક વિસ્તારમાં દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિ ટેડના કર્મચારીઓ સ્માર્ટ મીટર લગાવવા માટે પહોંચ્યા હતા. જ્યાં સ્થાનિકો દ્વારા સ્માર્ટ મીટર ન લગાવવા બાબતે વિરોધ કર્યો હતો. સ્માર્ટ મીટર લગાવવા પહોંચેલી ડીજીવીસીએલની ટીમને રહિશોનો ભારે આક્રોશ સહન કરવો પડ્યો હતો. સ્માર્ટ મીટરનો વિરોધ થતા ડીજીવીસીએલની ટીમને પીછેહઠ કરવી પડી હતી. સ્માર્ટ મીટર લગાવવા માટે ડીજીવીસીએલની ટીમ પોલીસ બંદોબસ્ત સાથે કામધેનુ પાર્કમાં પહોંચી હતી. જ્યાં સ્માર્ટ મીટર ન લગાવવા મુદ્દે રહિશોએ હોબાળો મચાવીને સ્માર્ટ મીટરનો વિરોધ કર્યો હતો. ભારે માત્રામાં સ્થાનિકોની ભીડ ત્યાં એકઠી થઈ હતી. સ્થાનિકોએ 'સ્માર્ટ મીટર ફેંકી દો' ના નારા લગાવીને પોતાનો આક્રોશ ઠાલવ્યો હતો. રહિશોનો આક્રોશ જોતા ડીજીવીસીએલની ટીમને સ્માર્ટ મીટર લગાવ્યા વગર જ ત્યાંથી પરત ફરવું પડ્યું હતું.સ્થાનિકો દ્વારા ઉઠતી ફરિયાદો જેવીકે અનિયમિત બિલિંગ, બિલમાં અચાનક વધારો પ ારદર્શિતાનો અભાવના કારણે ગ્રાહકો દ્વારા આ સ્માર્ટ મીટરોનો વિરોધ કરવામાં આવ્યો હતો. તથા આ વિરોધથી સ્પષ્ટ પણે સાબિત થાય છે કે લોકોને હજુ પણ સ્માર્ટ મીટર મુદ્દે ભારે નારાજગી રહેલી છે.

# ટેકનિકલ ખામીને કારણે ભૂતનાથ ફાટક બંધ ન થતાં ખુલ્લા ફાટકે ટ્રેન પસાર કરાઈ

। (માહિતી) જૂનાગઢ,તા.૨૬ ।

જૂનાગઢ શહેરના ભૂતનાથ રેલ્વે ફાટક પર રેલવે વિભાગની ગંભીર બેદરકારી સામે આવી છે. ટેકનિકલ ખામીને કારણે ફાટક બંધ ન થતાં ખુલ્લા ફાટકે ટ્રેન પસાર કરવામાં આવી હતી. જેના કારણે મોટો અકસ્માત ટળ્યો હોવાનું જાણવા મળ્યું છે.આ ઘટના શહેરની મધ્યમાંથી પસાર થતી રેલવે લાઈનની સુરક્ષા અંગે ગંભીર સવાલો ઉભા કરે છે.ટ્રેન પસાર થયા બાદ રેલવે વિભાગે તાત્કાલિક ફાટકનું રિપેરિંગ કર્યું હતું.સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ કે અકસ્માતની ઘટના બની ન હતી. જૂનાગઢ શહેરના હૃદયસ્થાનમાં આવેલા ભૂતનાથ રેલ્વે ફાટક પર ટેકનિકલ ખામી સર્જાતાં ફાટક બંધ થઈ શક્યું ન હતું. આ સ્થિતિમાં રેલ્વે વિભાગે ખુલ્લા ફાટકે જ ટ્રેન પ સાર કરી હતી. જેનાથી આસપાસના લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો.શહેરની મધ્યમાંથી પસાર થતી રેલવે લાઈન લાંબા સમયથી ચર્ચાનો વિષય રહી છે.ભૂતનાથ ફાટક જેવા વ્યસ્ત વિસ્તારોમાં રેલ્વે ફાટકોની સુરક્ષા અને ટેકનિકલ ખામીઓ શહેરીજનોના જીવન માટે જોખમરૂપ બની શકે છે. શહેરની મધ્યમાંથી પસાર થતી રેલવે લાઈનને બાયપાસ કરવાની ચર્ચા પણ ફરી શરૂ થઈ છે. આ ઘટનાએ રેલ્વે વિભાગની જાળવણી અને સુરક્ષા વ્યવસ્થાઓની ગંભીર ખામીઓ ઉજાગર કરી છે. શહેરના નાગરિકો દ્વારા આવી ઘટનાઓ ન બને તે માટે રેલ્વે વિભાગ પાસેથી નક્કર પગલાંની માંગ ઉઠવા લાગી છે.આ ઘટના બાદ રેલ્વે વિભાગે ફાટકનું રિપેરિંગ તો કર્યું પ રંતુ આવી ટેકનિકલ ખામીઓ ન થાય તે માટે નિયમિત તપાસ અને જાળવણીની જરૂરિયાત પર ભાર મૂકાયો છે. નિષ્ણાતોના મતે રેલ્વે ફાટકોની આધુનિક ટેકનોલોજી અને ઓટોમેટેડ સિસ્ટમનો ઉપયોગ આવી ઘટનાઓને રોકવામાં મદદરૂપ થઈ શકે છે.આ ઘટનાને લઈને સ્થાનિક નાગરિકોમાં રોષ જોવા મળ્યો છે.

# નેસડા ગામની શાળાના વિદ્યાર્થીઓ જર્જ રીત ઓરડાઓમાં અભ્યાસ કરવા મજબૂર

। (માહિતી) જૂનાગઢ,તા.૨૬ ।

ઉના તાલુકાના નેસડા ગામે પ્રાથમિક શાળા તો છે પણ છેલ્લા ૫ વર્ષથી આ શાળાના ૪ ઓરડાઓ અતિ જર્જરિત હાલતમાં છે. શાળામાં કુલ ૭ ઓરડાઓ છે. જેમાંથી હાલ માત્ર ૨ જ ઓરડાઓમાં જેમાં ૨ પાળીમાં અભ્યાસક્રમ ચાલે છે. બાલવાટિકાથી ૮ વર્ષ સુધીના બાળકોના વર્ગમાં ૧૧૮ વિધાર્થીઓ અભ્યાસ કરે છે પણ વર્ગમાં અભ્યાસ દરમિયાન વરસાદનું પાણી પડી રહ્યું છે. જર્જરીત ઓરડ-ાઓમાં દીવાલોમાંથી પાણી ટપકે છે. વર્ષ ૨૦૦૮ અને ૨૦૧૧ માં બનેલી શાળાનું આયુષ્ય માત્ર ૨૪ વર્ષનું જ! ત્યાં શાળા અતિ જર્જ-રીત બની છે. હાલ શાળાના બે ઓરડામાં વિધાર્થીનો અભ્યાસક્રમ ચાલે છે એ પણ ઉપર જર્જરિત છે તેમ છતાં અત્યારે અન્ય વૈકલ્પિક વ્યવસ્થા ના હોય જેથી અહીં બે પાળીમાં અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. આ સિવાય અહીં મધ્યાહન ભોજન શેડ તો છે પણ મધ્યાહન ભોજન બનાવવા રસોડું ખંઢેર બન્યું છે. જેથી મધ્યાહન ભોજન સંચાલક ઘરેથી ભોજન બનાવીને લાવે છે. મધ્યાહન ભોજનના શેડ પાસે દીવાલ નથી. પાછળની તરફ ગીચ ઝાડી આવેલી છે. અવાવરૂ હોવાથી આ જગ્યામાંથી સિંહ-દીપડાઓ પણ પ્રવેશી શકે તેમ છે. શાળાની જગ્યા ખૂબ નાની હોવાથી અહીં બાળકો રમતગમત રમી શકે એટલી જગ્યા નથી અને ઉપર જતા થોડી જગ્યા છે ત્યાં જર્જરિત ઓરડાઓ છે. કોઈ દુર્ઘટના સર્જાય તો જવાબદાર કોણ..? નેસડી ગામના બીજી વખત ચૂંટાઈ આવેલા સરપંચે અનેકવાર રજૂઆત કરી છતાં કોઈ પરિણામ ના આવતા આજે વિધાર્થીઓની આવી કફોડી હાલત છે. શાળાના આચાર્યની ઓફિસ કે જેમાં કોમ્પ્યુટર લેબ પણ આવેલી છે જેમાં આચાર્ય પણ કોમ્પ્યુટરને પ્લાસ્ટિકથી ઢાંકીને રાખે છે. વાલીઓ અને સરપંચની માંગ છે કે શાળાને રિપેરિંગ ના કરતા નવી શાળા બનાવી આપવામાં આવે જેથી બાળકો સારી રીતે ભણી શકે. ગુજરાત રાજ્યમાં હજુ પણ ઘણી બધી શાળાઓ જર્જરીત હાલતમાં છે. અને ઘણી શાળાઓને માત્ર એક શિક્ષક ચલાવે છે.

# રત્ન કલાકારોએ સહાય યોજના માટે ૫૫,૦૦૦થી વધુ ફોર્મ ભર્યા

। (માહિતી) સુરત,તા.૨૪ ।

સુરતમાં રત્ન કલાકાર સહાય માટેની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. સુરતમાં ૫૫,૦૦૦થી વધુ રત્ન કલાકારોએ ફોર્મ ભર્યા છે. સહાય યોજનામાં ફોર્મ ભરવાની સમયમર્યાદા પૂર્ણ થઈ છે. રત્ન કલાકારોએ બાળકની ફી સહાય માટે ભર્યા ફોર્મ છે. ૫૫૦૦૦ રત્ન કલાકારોએ ૩૦૦ સ્કૂલમાં ૬૫,૦૦૦ ફોર્મ ભર્યા છે. રત્ન કલાકાર-ોએ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં ફોર્મ જમા કરાવ્યા છે. તમામ ફોર્મ સુરત ડાયમંડ એસોસિએશનમાં મોકલાશે.શહેરમાં રત્ન કલાકારોને સહાય યોજનાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. રત્ન કલાકારોને વિદ્યાર્થી દીઠ ૧૩,૫૦૦ ફી સહાયની સરકારની જાહેરાત કરી છે. હવે રત્ન કલાકારની નોકરી, કંપની વિશે તપાસ કરાશે.






ઝાલોદ જિલ્લો : દાહોદ ઝાલોદ રામસાગર તળાવના વિકાસ અંગે નગરજનોના સપના ક્યારે પૂરા થશે રામસાગર તળાવ પાસે સ્ટ્રીટ લાઈટો બંધ રહેતા સાંજે ફરવા આવતા લોકોને પડતી હાલાકી ઝાલોદ નગરના રામ સાગર તળાવના નવીનીકરણ સાથે સુંદર વિકાસ થાય તે માટે નગરજનો રાહ જોઈ રહેલ છે પરંતુ નગરજનોના આ સપનાં ક્યારે પૂરા થશે એવો વેધક સવાલ ઉદ્ભભવી રહેલ છે. નગરપાલિકા રામસાગરના ઘાટ તેમજ કિનારા...

# સુરતમાં ૧૮ કિલો ગાંજા સાથે ઓડિશાના ૬ ઇસમોની ધરપકડ, લીલા-પીળા કલરની ઓટોરિક્ષામાં સવાર છ ઇસમો મળી આવ્યા

। (માહિતી) સુરત,તા.૨૬ ।

સુરતઃ શહેરમાં નશાખોરી સામે પોલીસના ઝંઝાવાતી અભિયાન અંતર્ગત પાંડેસરા પોલીસે મોટી સફળતા હાંસલ કરી છે. શહેરમાં નાર્કોટિક્સ પ્રવૃત્તિઓને સંપૂર્ણ રીતે નાબૂદ કરવાના મહત્વ પૂર્ણ પગલા રૂપે પાંડેસરા પોલીસ સ્ટેશનના સ્ટાફે ૧૮ કિલો ગાંજાનો જથ્થો પકડી પાડ્યો છે. જેની કુલ કિંમત રૂ. ૨.૧૪ લાખ થાય છે, સાથે જ ૬ આરોપીઓને ઝડપી પાડી પોલીસે NDPS એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, પાંડેસરા પોલીસને મળેલી બાતમીના આધારે પોલીસ સ્ટાફે પીયુષ પોઈન્ટથી પોલીસ કોલોની તરફ જતાં રોડ પર રેડ યોજી હતી. અહીં લીલા-પીળા કલરની ઓટો રિક્ષામાં સવાર છ ઈસમો મળી આવ્યા હતા, જેમણે ઓડિશા રાજ્યથી ટ્રેન મારફતે ૧૮ કિલો ૫૩૦ ગ્રામ ગાંજો સુરત લાવ્યો હતો. જે આ રેડ દરમિયાન પોલીસે કબજે કર્યો છે. આ ગાંજાની અંદાજિત કિંમત રૂ. ૧,૮૫,૩૦૦ થાય છે. આ સિવાય પોલીસે આરોપીઓ પાસેથી ૫ નંગ મોબાઈલ ફોન અને ટ્રોલી બેગ, આધાર કાર્ડ, પાન કાર્ડ, ઈલેકશન કાર્ડ વગેરે માલ-સામાન કબજે લીધો છે. આ રેડમાં પકડાયેલા આરોપીઓની ઓળખ ઓડિશાના રહેવાસીઓ તરીકે થઈ છે. જેઓ ખાસ કરીને ઓડિશાના ગંજામ જિલ્લાની આસપાસના ગ્રામ્ય વિસ્તારોના રહેતા હતા.

આરોપીઓની ધરપકડ બાદ પોલીસ પુછપરછમાં એવી પણ જાણકારી સામે આવી છે, 'તેઓએ નશીલા પદાર્થો સુરતના શાંતાનગર વિસ્તારમાં રહેતા નારાયણ નિલકંઠ બિસોઈ માટે લાવ્યા હતા. પોલીસે તેને પણ ઝડપી પાડી તેની વિરૂદ્ધ કાર્યવાહી શરૂ કરી છે. જોકે આ કેસમાં એક આરોપી જતીન રંજન ગૌડા ફરાર હતો તેને પણ પ ોલીસે મોડી રાત્રે ઝડપી પાડવામાં સફળતા મળી છે. આ સમગ્ર કેસ અંગે પાંડેસરા પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. ૧૧૨૧૦૦૪૫૨૫૩૨૬૧/૨૦૨૫ હેઠળ NDPS એક્ટ ૧૯૮૫ની કલમ ૮(સી), ૨૦(બી)(ii)(બી), ૨૯ મુજબ ગુનો નોંધી પ કડાયેલા તમામ આરોપીઓ વિરુદ્ધમાં કાયદેસર કાર્યવાહી શરૂ કરી અને વધુ તપાસ ચાલુ છે.

# ગાંધીનગરથી ઉપડનારી ટ્રેનના સમયમાં ફેરફાર કરાયો

। (માહિતી) ગાંધીનગર ,તા.૨૬ ।

કેન્દ્રીય રેલવે મંત્રાલય દ્વારા થોડા દિવસ પહેલા વલસાડ રેલવે સ્ટેશનને વંદેભારત હાઈ-સ્પીડ ટ્રેનનું સ્ટોપેજ આપવામાં આવ્યું હતું. પશ્ચિમ રેલવે દ્વારા મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન નંબર ૨૦૯૦૧/૨૦૯૦૨ ને વલસાડ સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ અપાયું છે, ત્યારે અન્ય પાંચ સ્ટેશન પર ટ્રેનના સમયમાં ફેરફાર કરાયો છે. રેલવે વિભાગે ટ્રેનના સમયમાં ફેરફારને લઈને જાણકારી આપી છે.

રેલવે વિભાગ મુજબ, વંદે ભારત એક્સપ્રેસને વલસાડ સ્ટેશન પર સ્ટોપેજ અપાતા આગામી ૨૭ અને ૨૮ જુલાઈથી મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કેપિટલ ટ્રેનના સમયમાં ફેરફારો અમલમાં આવશે. જેમાં ૨૭ જુલાઈ, ૨૦૨૫ના રોજથી ગાંધીનગર કેપિટલથી ઉપડનારી ટ્રેન નંબર ૨૦૯૦૨ ગાંધીનગર કેપિટલ-મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસને વલસાડ સ્ટેશન પર ટ્રેન ૧૭:૫૧ કલાકે વલસાડ સ્ટેશન પહોંચશે અને ૧૭:૫૩ કલાકે ઉપડશે. જેથી આ ટ્રેન ગાંધીનગર કેપિટલથી ૧૪:૦૫ કલાકને બદલે ૫ મિનિટ વહેલા એટલે કે ૧૪:૦૦ કલાકે ઉપડશે. ટ્રેનના સમયમાં ફેરફાર થયો છે, ત્યારે અમદાવાદ, આણંદ, વડોદરા અને સુરત સ્ટેશન પર આ ટ્રેનના સમયમાં ફેરફાર કરાયો છે. જ્યારે આગામી ૨૮ જુલાઈ, ૨૦૨૫થી મુંબઈ સેન્ટ્રલથી ઉપ ડનારી ટ્રેન નં.૨૦૯૦૧ ૦૭:૫૬ વાપી સ્ટેશન પહોંચશે અને પછી ૦૮:૧૯ વાગ્યે વલસાડ સ્ટેશન પર પહોંચ્યા બાદ ૦૮:૨૧ વાગ્યે ટ્રેન પ્રસ્થાન કરશે. જેમાં વલસાડ સ્ટેશનને વધારાનું સ્ટોપેજ આપતાં સુરત, વડોદરા, આણંદ અને અમદાવાદ સ્ટેશનો પર આ ટ્રેનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશે જે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. લાંબા સમયથી કોઈક સાથે ચાલતો તમારો વિવાદ આજે ઉકેલવાનો પ્રયાસ કરો કેમ કે આવતી કાલે કદાચ બહુ મોડું થઈ જશે. તમારી કાર્યકુશળતા વધારવા માટે નવી પદ્ધતિનો સ્વીકાર કરો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે છે. તેમનો રસ જળવાઈ રહે તે માટે પ્રેમનો ઉપયોગ શસ્ત્ર તરીકે કરો અને બિનજરૂરી તાણ ટાળો.યાદ રાખો પ્રેમ જ પ્રેમને ખેંચે છે. રોમાન્સમાં ઓટ આવશે અને તમારી મોંઘી ભેટ-સોગાદો પણ આજે જાદુ નહીં સર્જી શકે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો.મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થઈ શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો.

**કર્ક (ડ,હ) :**

આજે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે. જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. તમારા ઉદાર વર્તનનો લાભ તમારા બાળકોને ન લેવા દો. નવું સાહસ શરૂ કરવા માટે શુભ દિવસ.

**સિંહ (મ,ટ) :**

તમને પ્રેરણા આપતી લાગણીઓને ઓળખજો. ભય, શંકા, ગુસ્સો, લાલચ વગેરે જેવી નકારાત્મક લાગણીઓને તમારે છોડી દેવી જોઈએ, કેમ કે આ લાગણીઓ લોહચુંબકની જેમ કામ કરે છે, તમને જે જોઈએ છે તેનાથી વિરૂદ્ધ બાબતને તેઓ આકર્ષે છે. ઘર માં કોઈ ફંક્શન હોવા ને લીધે આજે તમારું વધારે ધન ખર્ચ થઈ શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે ભૂતકાળના સાહસમાં સફળતા તમારા આત્મવિશ્વાસને વધારશે. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે. મિત્રો તથા પરિવારના સભ્યો તમને મદદ અને પ્રેમ પૂરો પાડશે. ભૂતકાળમાં તમારા પ્રિયપાત્રએ દાખવેલી ઉદાસીનતા માટે માફી આપી તમે તમારા જીવનને વધુ લાયક બનાલશો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. જે લોકો અત્યાર સુધી પૈસા વગર મતલબે ઉડાડી રહ્યા હતા તે લોકો ને હવે પોતાના ઉપર કાબુ રાખવો જોઈએ અને ધન ની બચત કરવી જોઈએ. આજે તમે પ્રેમાળ મૂડમા હશો- આથી તમારા અને તમારા પ્રિયપાત્ર માટે ખાસ યોજના ચોક્કસ બનાવજો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. આ રાશિ ના વેપારીઓ ને આજે પોતાના ઘર ના તે સભ્યો થી દૂર રહેવું જોઈએ જે લોકો ઉધારી પૈસા માંગે તો છે પણ પાછા નથી આપતા. બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. આજે તમે તમારા કોઈ વાયદા ને પૂરો નહિ કરી શકો જેના લીધે તમારો પ્રેમી ગુસ્સે થયી શકે છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે પોતાના પૈસા બચાવવા માટે તમારે ઘર ના સભ્યો જોડે આજે વાત કરવાની જરૂર છે. તેમની સલાહ તમને આર્થિક સ્થિતિ સુધારવા માં મદદ કરશે? વિદેશમાં વસતા સંબંધી તરફથી મળેલી ભેટ તમને આનંદિત કરશે. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો. તમને લાભ થવાની શક્યતા છે- જો તમે તમારા વિચારો યોગ્ય રીતે રજૂ કરશો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારી જાતને એક હદ કરતાં વધુ થકવશો નહીં અને યોગ્ય આરામ લેવાનું યાદ રાખજો. કોઈક અંગત સમસ્યા સૂલઝાવવામાં તમારી મદદની અપેક્ષા રાખતા કોઈક વૃદ્ધ સંબંધી તરફથી આશીર્વાદ મળશે. તમારા જીવનસાથીના સંબંધીઓ તરફથી સર્જાતા અવરોધોને કારણે તમારો દિવસ થોડોક અડચણભર્યો રહેશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારે માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે. લોકો તમને નવી આશાઓ તથા સપનાં આપશે-પણ તમારા પોતાના પ્રયત્નો પર ઘણું બધું અવલંબશે. આજે તમારા પ્રેમી કે પ્રેમિકાને નિરાશ ન કરતા.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો. આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે. ખર્ચ વધશે પણ આવકમાં થતો વધારો તમારા ખર્ચને પહોંચી વળશે. મિત્રો સાથે કશુંક ઉત્સાહજનક અને મનોરંજક કરવાનો દિવસ. સુંદર સ્મિત સાથે તમારા પ્રેમી કે પ્રેમિકાનો દિવસ ઝળકાવો.

## ન્યૂઝ બ્રિફ

### વિશ્વના સૌથી લોકપ્રિય નેતા બન્યા મોદી, ટ્રમ્પ ૮મા ક્રમે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ફરી એકવાર દુનિયા સામે પોતાની ક્ષમતા સાબિત કરી છે. તેઓ ફરી એકવાર દુનિયાના સૌથી લોકપ્રિય નેતા તરીકે ઉભરી આવ્યા છે. અમેરિકન બિઝનેસ ઈન્ટેલિજન્સ કંપની મોર્નિંગ કન્સલ્ટે જુલાઈ ૨૦૨૫નો નવીનતમ સર્વે રિપોર્ટ બહાર પાડ્યો છે, જેમાં પીએમ મોદીને ૭૫ ટકા લોકોની મંજૂરી રેટિંગ મળી છે, જ્યારે આ સર્વેમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ૮મા ક્રમે આવ્યા છે. આ સર્વે ૪ થી ૧૦ જુલાઈ દરમિયાન કરવામાં આવ્યો હતો. તેમાં ૨૦ દેશોના નેતાઓના રેટિંગનો સમાવેશ થાય છે. આ યાદીમાં પીએમ મોદી પછી દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ લી જે મ્યુંગ ૫૯ ટકા મંજૂરી રેટિંગ સાથે બીજા ક્રમે રહ્યા છે, જ્યારે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ૪૫ ટકાથી ઓછા સાથે ૮મા ક્રમે છે.

મોર્નિંગ કન્સલ્ટ સર્વે અનુસાર, પીએમ મોદીનું કદ વધુ વધ્યું છે, પછી ભલે તે દેશની અંદર હોય કે બહાર. સર્વેમાં સામેલ ૭૫ ટકા લોકોએ વડાપ્રધાન મોદીને લોકશાહી વૈશ્વિક નેતા તરીકે સ્વીકાર્યા છે. ૭ ટકા લોકો આ અંગે કોઈ નિર્ણય લઈ શક્યા નહીં, જ્યારે ૧૮ ટકા લોકોનો મત અલગ હતો. આ યાદીમાં બીજું સ્થાન મેળવવું એ દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ લી જે મ્યુંગ માટે એક મોટી સિદ્ધિ છે, કારણ કે તેમણે દક્ષિણ કોરિયામાં સર્વોચ્ચ પદ સંભાળ્યાને માત્ર એક મહિનો થયો છે.

### બિહાર NDA માં ફૂટ, ચિરાગે ઝર નીતીશ પર સાંધ્યું નિશાન

। (એજન્સી) પટણા, તા.૨૬ ।

બિહારમાં આ દિવસોમાં જ્યારે વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ ને લઈને રાજકીય પક્ષોના નેતાઓ વચ્ચે નિવેદનો, આરોપો અને પ્રતિ-આરોપોનો સિલસિલો ચાલુ છે, ત્યારે રાજ્યમાં ગુનાઓ પણ સતત વધી રહ્યા છે. બિહારના વિવિધ ભાગોમાંથી દરરોજ હત્યા, લૂંટ, ગોળીબાર અને હુમલાના અહેવાલો આવી રહ્યા છે. હવે કેન્દ્રીય મંત્રી અને લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ) ના વડા ચિરાગ પાસવાને બિહારમાં વધતા ગુનાઓ અંગે રાજ્ય સરકાર પ્રત્યે નારાજગી અને ગુસ્સો વ્યક્ત કર્યો છે. ચિરાગે કહ્યું કે બિહાર સરકાર ગુનેગારો સામે ઝૂકી ગઈ છે.

બિહારમાં બગડતી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અને રાજ્યમાં વધતા ગુનાહિત કેસ પર નારાજગી વ્યક્ત કરતા ચિરાગે સીએમ નીતિશ પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે બિહારમાં એક પછી એક ગુનાહિત ઘટનાઓ બની રહી છે, જે હવે શ્રેણીબદ્ધ બની ગઈ છે. રાજ્યનું વહીવટ સંપૂર્ણપણે ગુનેગારો સામે ઝૂકી ગયું છે. બિહારમાં હવે લૂંટ, અપહરણ, હત્યા અને બળાત્કારના સમાચારો રોજ સાંભળવા મળી રહ્યા છે. તેમણે વધુમાં કહ્યું, મને દુઃખ છે કે હું આ સરકારનો ભાગ અને સમર્થક છું.

ચિરાગ પાસવાને પત્રકારો સાથે વાત કરતા કહ્યું કે, ''બિહારમાં એક પછી એક ગુનાહિત ઘટનાઓનો દોર ચાલી રહ્યો છે અને વહીવટીતંત્ર ગુનેગારો સામે સંપૂર્ણપણે ઝૂકી રહ્યું હોય તેવું લાગે છે. હવે એવું લાગે છે કે વહીવટીતંત્ર આ ઘટનાઓને રોકવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયું છે.

### ફ્રેક્ચર છતાં અડધી સદી ફટકારનારો પંત ખરા અર્થમાં ટીમ-મેન છેઃ શાસ્ત્રી

# રિશભ પંતની નીડરતાની ક્રિકેટ વર્તુળમાં ભરપુર પ્રશંસા કરાઈ

। (એજન્સી) માન્ચેસ્ટર, તા.૨૬ ।



ઈંગ્લેન્ડ સામે રમાઈ રહેલી ચોથી ક્રિકેટ ટેસ્ટમાં ગુરુવારે ભારતના રિશભ પંતે પગમાં ઈજા થઈ હોવા છતાં ટીમની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને બેટિંગ કરી હતી અને અડધી સદી ફટકારી હતી. આ અંગે ક્રિકેટ વર્તુળમાં પંતની ભરપુર પ્રશંસા થઈ રહી છે. ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કોચ રવિ શાસ્ત્રીએ જણાવ્યું હતું કે રિશભ પંત ખરા અર્થમાં ટીમ-મેન છે. તેણે માત્ર હિંમત જ દાખવી નથી પરંતુ પુરવાર કરી દીધું છે કે તે ટીમ માટે રમી રહ્યો છે.ડિસેમ્બર ૨૦૨૨માં રિશભ પંતનો એક કાર અકસ્માત થયો હતો. ત્યાર બાદ તેણે ક્રિકેટમાં પુનરાગમન કર્યું હતું જેની ઘણા ઓછાને આશા હતી પરંતુ તેના કરતાં પણ વિશેષ કામગીરી તેણે ગુરુવારે બજાવી હતી. ઈંગ્લેન્ડ સામેની ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતેની ટેસ્ટમાં પ્રથમ દિવસે તે ઝડપી બોલર જોફરા આર્ચરની બોલિંગમાં ઘાયલ થયો હતો. તેના જમણા પગના અંગૂઠે ફ્રેક્ચર થયું હતું. બીજે દિવસે સવારે એમ મનાતું હતું કે પંત આગળ નહીં રમી શકે અને ભારત પરત ફરી જશે પરંતુ તેને બદલે તે બેટિંગ કરવા માટે મેદાનમાં આવ્યો હતો. તે સમયે તેનો સ્કોર ૩૭ રન હતો પરંતુ આગળ બેટિંગ કરીને તેણે ૫૪ રનની ઈનિંગ્સ રમી હતી.રવિ શાસ્ત્રીએ જણાવ્યું હતું કે જો કોઈને શંકા હોય કે પંત ટીમ-મેન નથી તો તેમણે આજે મેદાન પર તેનો જીવતો જાગતો પુરાવો જોઈ લેવો જોઈએ.તેના માટે ક્રિઝ પર પર આવવું અને આ પ્રકારની ખાસ ઈનિંગ્સ રમવી તે અસામાન્ય બાબત હતી. આમ કરીને તેણે અન્ય ઘણાને ખૂબ જ પ્રેરિત કર્યા છે. પંત મેદાન પર આવ્યો ત્યારે ઈંગ્લેન્ડની ટીમે તેને વધાવી લીધો હતો અને પ્રેક્ષકો પણ તેની સાથે હતા. આ ઘણી મોટી વાત છે. કદાચ તમે જીવનમાં આ પ્રકારની ક્ષણ કે તક માટે જ જીવતા હો છો તેમ રવિ શાસ્ત્રીએ ઉમેર્યું હતું. ચોથી ટેસ્ટના પ્રારંભ અગાઉ પંત રમી શકશે કે કેમ તે અંગે શંકા હતી કેમ કે લોર્ડ્ઝ ટેસ્ટમાં તેની આંગળીએ ફ્રેક્ચર થયું હતું અને મોટા ભાગના સમયે જુરેલે કીપિંગ કર્યું હતું. આમ છતાં તે માન્ચેસ્ટરમાં રમ્યો હતો અને અડધી સદી ફટકારી હતી.ભારતના ભૂતપૂર્વ ટેસ્ટ ક્રિકેટર ચેતેશ્વર પૂજારાએ જણાવ્યું હતું કે ભારતને અત્યારે પંત જેવા નીડર ખેલાડીની જરૂર છે જે કપરા સમયમાં પણ રમી શકે. આટલી ઈજા છતાં તેણે દર્શાવ્યું છે કે તે કેટલો મક્કમ અને મજબૂત છે.

### પાકિસ્તાને આ સિરીઝમાં પોતાનો વ્હાઇટવોશ થતો બચાવ્યો

## બાંગ્લાદેશ સામે ત્રીજી ટી૨૦ જીતીને પાકિસ્તાને લાજ બચાવી

। (એજન્સી) ઢાકા, તા.૨૬ ।



પાકિસ્તાની ક્રિકેટ ટીમના બાંગ્લાદેશના વર્તમાન પ્રવાસમાં ગુરુવારે રાત્રે રમાયેલી ત્રીજી ટી૨૦ ક્રિકેટ મેચમાં પ્રવાસી ટીમનો ૭૪ રનથી વિજય થયો હતો. આ સાથે પાકિસ્તાને આ સિરીઝમાં પોતાનો વ્હાઈટવોશ થતો બચાવ્યો હતો. બાંગ્લાદેશે ત્રણ મેચની ટી૨૦ સિરીઝ ૨-૧થી જીતી લીધી હતી. આ સિરીઝમાં પ્રથમ બે મેચ બાંગ્લાદેશે જીતી હતી અને ગુરુવારની મેચમાં પાકિસ્તાન હારે તો તેનો વ્હાઈટવોશ થઈ શકે તેમ હતો પરંતુ સાહિબજાદા ફરહાને આક્રમક અડધી સદી ફટકારીને ટીમને વિજય અપાવ્યો હતો.શેર-એ-બાંગ્લા સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં પાકિસ્તાને તેની ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૭૮ રનનો પ્રભાવશાળી સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં બાંગ્લાદેશી ટીમ ૧૦૪ રન કરી શકી હતી. પાકિસ્તાન માટે સાહિબજાદા ફરહાને ૪૧ બોલમાં પાંચ સિક્સર સાથે ૬૩ રન ફટકાર્યા હતા. તેને મેન ઓફ ધ મેચ જાહેર કરાયો હતો. પાકિસ્તાન માટે સાહિબજાદા ફરહાન ઉપરાંત હસન નવાઝે ૧૭ બોલમાં ત્રણ સિક્સર સાથે ૩૩ અને મોહમ્મદ નવાઝે ૧૬ બોલમાં બે સિક્સર સાથે ૨૭ રનનું યોગદાન આપ્યું હતું.સલમાન આગાની આગેવાની હેઠળની આ પાકિસ્તાની ટીમ બિનઅનુભવી ખેલાડીઓથી ભરેલી હતી. બાંગ્લાદેશના નાસુમ અહેમદે બે વિકેટ લીધી હતી. ૧૭૯ રનના ટારગેટ સામે રમતી બાંગ્લાદેશી ટીમનો કોઈ બેટર લાંબી ઈનિંગ્સ રમી શક્યો ન હતો. ઓપનર તાન્ઝિડ હસન તમિમ બીજા જ બોલે આઉટ થઈ ગયો હતો.

### જાણો તમને શું અસર થશે

## દેશમાં ઓગસ્ટ મહિનાથી બદલાઈ રહ્યા છે ૬ મોટા નિયમ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

દર મહિનાની જેમ ઑગસ્ટ ૨૦૨૫માં પણ ઘણા ફાયનાન્શિયલ નિયમો બદલાવા જઈ રહ્યા છે, જે સામાન્ય માણસના ખિસ્સાને અસર કરી શકે છે. ક્રેડિટ કાર્ડના નિયમો, LPG કિંમતોમાં ફેરફાર જોવા મળી શકે છે તો બીજી તરફ UPI સંબંધિત પણ ઘણા ફેરફારો થવાના છે. આ ૬ ફેરફારો તમારા ખિસ્સા પર બોજ નાખી શકે છે અને તમારા બજેટને અસર કરી શકે છે. ચાલો જાણીએ કે આવતા મહિનાથી કયા-કયા નિયમો બદલાઈ રહ્યા છે. ક્રેડિટ કાર્ડમાં ફેરફાર : જો તમે SBI Card હોલ્ડર્સ છે તો તમને એક મોટો ઝટકો લાગી શકે છે, કારણ કે ૧૧ ઑગસ્ટથી SBIએ અનેક કો-બ્રાન્ડેડ ક્રેડિટ કાર્ડ્સ પર મળતી ફ્રી એર એક્સિડન્ટ ઈન્શ્યોરન્સ કવરને બંધ કરવા જઈ રહી છે. અત્યાર સુધીમાં SBI-UCO બેંક, સેન્ટ્રલ બેંક, PSB, કરુર વૈશ્ય બેંક, અલ્હાબાદ બેંક સાથે મળીને કેટલાક ELITE અને PRIME કાર્ડ પર ૧ કરોડ રૂપિયા અથવા ૫૦ લાખનું કવર આપે છે.

LPGના ભાવમાં ફેરફાર : દર મહિનાની જેમ આ મહિને પણ LPG અથવા કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ફેરફાર થઈ શકે છે. ૧ જુલાઈના રોજ ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ફેરફાર કરવામાં આવ્યો હતો અને તેને ૬૦ રૂપિયા સસ્તો કરી દેવામાં આવ્યો હતો. કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ઘણી વખત ફેરફાર થયો છે, પરંતુ LPG સિલિન્ડરના ભાવમાં હજુ સુધી કોઈ ફેરફાર થયો નથી.

### સંસદમાં સરકારે કહ્યું હવે મળી જશે

## ટ્રેનની તત્કાલ ટિકિટ કેમ મળતી ન હતી તેનું કારણ આવ્યું સામે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

તાજેતરમાં ભારતીય રેલવે દ્વારા ઓનલાઈન ટિકિટ બુકિંગમાં થતી ગરબડની ફરિયાદોને ધ્યાનમાં રાખીને એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રેલવેએ IRCTC ના ૨.૫ કરોડથી વધુ યુઝર્સની ID બ્લોક કરી દીધી છે. રેલવેના ડેટા એનાલિસિસમાં કેટલાક યુઝર્સની બુકિંગ પેટર્ન શંકાસ્પદ જણાતા આ કાર્યવાહી કરવામાં આવી છે.

આ શંકાના આધારે જ તેમની ID બ્લોક કરવામાં આવી છે. સંસદમાં એક સવાલના જવાબમાં સરકારે આ માહિતી આપી હતી.

સાંસદ એ. ડી. સિંહે સંસદમાં આ મુદ્દે પ્રશ્ન કર્યો હતો. તેમણે પૂછ્યું હતું કે, IRCTC ના કરોડો યુઝર્સની ID શા માટે બંધ કરવામાં આવી, ટિકિટ બુકિંગમાં શા માટે સમસ્યાઓ સર્જાઈ રહી છે અને આને રોકવા માટે રેલવે શું પગલાં લઈ રહ્યું છે?

આ પ્રશ્નોના જવાબમાં સરકારે જણાવ્યું કે, ટિકિટ બુકિંગ સિસ્ટમમાં ગેરરીતિઓ રોકવા માટે IRCTC એ તાજેતરમાં ૨.૫ કરોડથી વધુ યુઝર ID ડીએક્ટિવ કર્યા છે. આ યુઝર ID શંકાસ્પદ જણાયા હતા. તેમજ ભારતીય રેલવેએ કન્ફર્મ ટિકિટ બુકિંગ અને ડિજિટલ વ્યવહારોને પ્રોત્સાહન આપવા માટે કેટલાક વધુ ફેરફારો કર્યા છે.

તત્કાલ ટિકિટ બુકિંગમાં અગાઉ અનેક સમસ્યાઓ આવતી હતી, કારણ કે આ એકાઉન્ટ્સ ડીએક્ટિવ નહોતા. ઘણીવાર એવું જોવા મળતું હતું કે તત્કાલ બુકિંગ વિન્ડો ખુલ્યાની થોડી જ મિનિટોમાં બધી ટિકિટો ગાયબ થઈ જતી હતી, કારણ કે એજન્ટ બોટ્સનો ઉપયોગ કરીને બધી ટિકિટો બુક કરી લેતા હતા, જેના કારણે સામાન્ય મુસાફરો ટિકિટ બુક કરાવી શકતા નહોતા. જોકે, હવે આ બદલાવ પછી રેલવે મુસાફરોને મોટી રાહત મળી છે.

રેલવેએ નિયમોમાં કર્યા આ ફેરફાર

- રેલવે ટિકિટ હવે ઓનલાઈન અથવા કમ્પ્યુટરાઈઝ્ડ પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ (PRS) કાઉન્ટર પર પહેલા આવો, પહેલા મેળવો ના આધારે બુક કરી શકાય છે. આ રીતે લગભગ ૮૯% ટિકિટ ઓનલાઈન બુક થાય છે.

## બુમરાહ પાંચમી ટેસ્ટ મેચ નહીં રમે, તે નિવૃત્તિ પણ લઈ શકે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

જસપ્રીત બુમરાહ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવા જઈ રહ્યો છે. અમે આ કહી રહ્યા નથી. આ વાત ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર મોહમ્મદ કૈફે કહી છે. કૈફના આ નિવેદનથી આખી દુનિયા આશ્ચર્યચકિત છે. કૈફ માને છે કે ઈંગ્લેન્ડ સામેની ચોથી ટેસ્ટ મેચમાં પોતાનું સર્વસ્વ આપવા છતાં નિષ્ફળ ગયા બાદ, ઝડપી બોલર જસપ્રીત બુમરાહ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ શકે છે. તમને જણાવી દઈએ કે માન્ચેસ્ટરમાં રમાઈ રહેલી ચોથી ટેસ્ટમાં જસપ્રીત બુમરાહ ખૂબ થાકેલો દેખાઈ રહ્યો છે. તે પોતાની જૂની લયમાં જોવા મળી રહ્યો નથી. ઈંગ્લેન્ડ સામેની ચોથી ટેસ્ટમાં બુમરાહ અત્યાર સુધી ૨૮ ઓવર બોલિંગ કરી ચૂક્યો છે, પરંતુ તેને ફક્ત એક જ વિકેટ મળી છે. આ દરમિયાન બુમરાહએ ૯૫ રન આપ્યા છે. શુક્રવારે ત્રીજા દિવસના છેલ્લા સત્રમાં તેણે જેમી સ્મિથની વિકેટ લીધી હતી. ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર મોહમ્મદ કૈફે સોશિયલ મીડિયા 'ઠ' પર પોસ્ટ કરેલા પોતાના વીડિયોમાં કહ્યું, ''મને લાગે છે કે જસપ્રીત બુમરાહ આગામી ટેસ્ટ (પાંચમી) નહીં રમે. તે નિવૃત્તિ પણ લઈ શકે છે. તે પોતાના શરીર સાથે સંઘર્ષ કરી રહ્યો છે. આ ટેસ્ટ મેચમાં તેની ગતિ ઓછી થઈ ગઈ છે. બુમરાહ એક પ્રામાણિક વ્યક્તિ છે, જો તેને લાગે કે તે દેશને પોતાનું ૧૦૦ ટકા આપી શકતો નથી, તો તે પોતાને આ ફોર્મેટથી અલગ કરી લેશે. વિકેટ ન મળવી એ અલગ વાત છે, પરંતુ તેના બોલની ગતિ પણ ઘટીને ૧૨૫-૧૩૦ કિમી પ્રતિ કલાક થઈ ગઈ છે.'' મોહમ્મદ કૈફ માને છે કે ચાહકોએ હવે પોતાને આ સત્ય માટે તૈયાર રાખવું જોઈએ કે ભવિષ્યમાં તેઓ બુમરાહને ટેસ્ટ ક્રિકેટમાં ઓછું રમતા જોશે. કૈફે કહ્યું, ''બુમરાહના જુસ્સા અને સમર્પણ વિશે કોઈ શંકા નથી, પરંતુ હવે તેનું શરીર હાર માની રહ્યું છે. આ ટેસ્ટમાં ખરાબ પ્રદર્શન સ્પષ્ટપણે દર્શાવે છે કે તેને ભવિષ્યમાં ટેસ્ટ મેચ રમવામાં સમસ્યા થશે. કદાચ તે ટેસ્ટ ક્રિકેટથી દૂર રહેશે. વિરાટ કોહલી, રોહિત શર્મા અને આર. અશ્વિન પછી, હવે ભારતીય ચાહકોને બુમરાહ વિના રમત જોવાની આદત પાડવી પડશે. હું ઈચ્છું છું કે મારી આ આગાહી ખોટી સાબિત થાય, પરંતુ હું જે જોયું તે કહી રહ્યો છું.''

## પૂર્વ દિગ્ગજ ક્રિકેટર સુનીલ ગાવસ્કર પંત પર ભડક્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન સુનીલ ગાવસ્કરે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે એન્ડરસન-તેદુલકર ટ્રોફી ૨૦૨૫ની ચોથી ટેસ્ટ મેચના બીજો દિવસે ઈજાગ્રસ્ત થયેલા ભારતીય બેટર રિષભ પંત પર ભડક્યા હતા.

આ ઉપરાંત તેમણે ક્રિકેટના કનેકશન સબસ્ટિટ્યુટના નિયમની પણ ટીકા કરી હતી. તેમણે કહ્યું કે, જો તમે શોર્ટ પીચ બોલ (બાઉન્સર) રમી શકતા નથી તો ટેસ્ટ ક્રિકેટ ના રમો ટેનિસ કે ગોલ્ફ જેવી રમતો રમો.

બુધવારે (૨૩મી જુલાઈ) માન્ચેસ્ટરમાં બેટિંગ કરતી વખતે ભારતીય વિકેટકીપર રિષભ પંતના પગના અંગૂઠામાં ફ્રેક્ચર થયા બાદ પૂર્વ દિગ્ગજ ક્રિકેટર સુનિલ ગાવસ્કરની પ્રતિક્રિયા સામે આવી હતી. તેમણે કહ્યું કે, મને હંમેશા એવું લાગ્યું છે કે તમે અક્ષમતા માટે લાઈક-ફોર-લાઈક સબસ્ટિટ્યુટ આપી રહ્યાં છો. જો તમે શોર્ટ-પિચ બોલિંગ રમવા માટે પૂરતા સારા નથી, તો ટેસ્ટ ક્રિકેટ ના રમો, ટેનિસ કે ગોલ્ફ રમો. તમે એવા વ્યક્તિને લાઈક-ફોર-લાઈક સબસ્ટિટ્યુટ આપી રહ્યાં છો જે શોર્ટ બોલ રમી શકતો નથી અને હિટ થાય છે.

પૂર્વ દિગ્ગજ ક્રિકેટર સુનિલ ગાવસ્કરે કહ્યું કે, આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC) એ પંત જેવી ઈજાઓ માટે કેટલાક રિપ્લેસમેન્ટને મંજૂરી આપવા માટે નિયમોની સમીક્ષા કરવી જોઈએ. ચોથી ટેસ્ટના પહેલા દિવસે ઝડપી બોલર ક્રિસ વોક્સના બોલને રિવર્સ સ્વીપ કરવાનો પ્રયાસ કરતી વખતે તેને ઈજા પહોંચી હતી. અહીં એ સ્પષ્ટ છે કે તે (પંત) ઈજાગ્રસ્ત છે; આવી સ્થિતિમાં કોઈ વિકલ્પ હોવો જોઈએ. હું ઈચ્છું છું કે આ અંગે નિર્ણય લેવા માટે એક સમિતિની રચના કરવામાં આવે. એક ક્રિકેટ સમિતિ છે. ICCની એક ક્રિકેટ સમિતિ છે, હાલમાં તેના અધ્યક્ષ સૌરવ ગાંગુલી છે. ICCના પ્રમુખ જય શાહ છે અને ICC ના CEO સંજોગ ગુપ્તા છે.

ઉલ્લેખનીય છે કે, ૨૪મી જુલાઈએ મેચના બીજો દિવસે ભારતીય ટીમ પોતાની પહેલી ઈનિંગમાં ૩૫૮ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ છે. ભારત માટે પહેલી ઈનિંગમાં ઈજાગ્રસ્ત હોવા છતાં રિષભ પંત અડધી સદી ફટકારવામાં સફળ રહ્યો હતો. ત્યારે ઈંગ્લીશ કેપ્ટન બેન સ્ટોક્સે પાંચ વિકેટ ઝડપી હતી.

### વિશેષ | ગુડંબા વિસ્તારમાં ચાલી રહેલી આ છેતરપિંડીનો પર્દાફાશ કરતી વખતે પોલીસે ગેંગના ૧૬ લોકોની ધરપકડ કરી છે

# ઓનલાઈન ગેમ્સ અને સટ્ટાબાજી એપ્સ દ્વારા ઠગાઈ, કરોડો રૂપિયાની છેતરપિંડી કરનારી ગેંગનો પર્દાફાશ

। લખનૌ, તા.૨૬ ।

ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌમાં ઓનલાઈન ગેમ્સ અને સટ્ટાબાજી એપ્સ દ્વારા કરોડો રૂપિયાની છેતરપિંડી કરનારી ગેંગનો પર્દાફાશ થયો છે. ગુડંબા વિસ્તારમાં ચાલી રહેલી આ છેતરપિંડીનો પર્દાફાશ કરતી વખતે પોલીસે ગેંગના ૧૬ લોકોની ધરપકડ કરી છે. આ બધાને સ્મૃતિ એપાર્ટમેન્ટના એક ફ્લેટમાંથી પકડવામાં આવ્યા હતા, જ્યાંથી આખી ગેંગ ઓપરેટ થતી હતી. ચાલો જાણીએ સમગ્ર મામલો.

પોલીસે ધરપકડ કરાયેલા લોકો પાસેથી ૧ કરોડ ૭ લાખ ૫૦ હજાર રૂપિયા રોકડા જપ્ત કર્યા છે. આ સાથે, ૫૪ મોબાઈલ, ૫ લેપટોપ, ૭૯ એટીએમ કાર્ડ, ૧૩ ચેકબુક, ૨૨ પાસબુક, ૨ ટેબલેટ અને નકલી ટોકન નોટ પણ જપ્ત કરવામાં આવી છે. ગેંગની પદ્ધતિ ખૂબ જ ચાલાક હતી. આ લોકો પહેલા ટેલિગ્રામ એપ દ્વારા લોકોનો સંપર્ક કરતા હતા અને પછી તેમને એક ખાસ ગેમિંગ અને સટ્ટાબાજી એપ ડાઉનલોડ કરવાનું કહેતા હતા. શરૂઆતમાં, લોકોને રમતમાં જીત અપાવવા માટે પ્રેરિત કરવામાં આવતા હતા જેથી તેઓ વિશ્વાસ કરે અને વધુ પૈસા રોકાણ કરે. જ્યારે તેઓએ મોટી રકમનું રોકાણ કર્યું, ત્યારે તેમને હારનો સામનો કરવો પડ્યો અને તેમના પૈસા છીનવી લેવામાં આવ્યા.




આ લોકોએ ગરીબ અને જરૂરિયાતમંદ લોકોના નામે બેંક ખાતા ખોલાવ્યા હતા, જેને ''ખચ્ચર ખાતા'' કહેવામાં આવે છે. લોકો પાસેથી છેતરપિંડી કરાયેલા પૈસા આ ખાતાઓમાં જમા કરવામાં આવતા હતા અને પછી ગેંગના સભ્યોએ છૂટ દ્વારા આ ખાતાઓમાંથી પૈસા ઉપાડી લીધા હતા. ધરપકડ કરાયેલા આરોપીઓમાંથી ૧૨ છત્તીસગઢના રહેવાસીઓ અને ૪ ગુજરાતના રહેવાસીઓ છે.

પોલીસ હવે આ ગેંગના નેટવર્કની તપાસ કરી રહી છે જેથી તેની પાછળ બીજું કોણ સામેલ છે અને અત્યાર સુધીમાં કેટલા લોકો સાથે છેતરપિંડી કરવામાં આવી છે તે શોધી શકાય. પોલીસ કમિશનરે આ સમગ્ર મામલાનો ખુલાસો કરનાર ટીમને ૧ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું છે. પોલીસનું કહેવું છે કે ટૂંક સમયમાં આ ગેંગ સાથે સંકળાયેલા વધુ લોકોની પણ ધરપકડ કરવામાં આવશે.

પોલીસે ધરપકડ કરેલા આરોપીઓમાં પ્રમોદ સાહુ, સાજિદ અંસારી, ખેમેન્દ્ર સાહુ, સોહેલ અશરફ ખાન, રિકાશ કુમાર, સચિન કુમાર ગુપ્તા, અભય મિશ્રા, અંશ શર્મા, શંકર બાગ, વિનાયક ચૌહાણ, મોહન સિંહ અને વિજય સાહની છત્તીસગઢના દુર્ગ જિલ્લાના રહેવાસી છે. જ્યારે રાકેશ પ્રહલાદ પટેલ, ગોવિંદ ભાઈ મંગળદાસ પ્રજાપતિ, ગોવિંદ ભાઈ અને રાકેશ કુમાર ગુજરાતના રહેવાસી છે.

સ્મૃતિ એપાર્ટમેન્ટના ફ્લેટ છ-૪૦૩માંથી પોલીસે ત્રણ લેપટોપ, બે નોટ ગણવાના મશીન, ૭૯ છૂટ, ૨૨ પાસબુક, ૧૩ ચેકબુક, ૫૪ મોબાઈલ, બે ટેબલેટ, ૧૩ નકલી આધાર કાર્ડ જપ્ત કર્યા છે. આ ઉપરાંત, ૫ રૂપિયાની ૯ જૂની નોટો, ૧૦ રૂપિયા, ૫ રૂપિયાની ૯ અને એક રૂપિયાની ૬ મળી આવી છે. છેતરપિંડી કરનારાઓએ આ જૂની નોટોનો ટોકન તરીકે ઉપયોગ કર્યો હતો.

ફ્લેટ છ-૪૦૩ મુરાદાબાદમાં રહેતા અરુણ પુષ્પેન્દ્રનો છે, જ્યારે ફ્લેટ છ-૯૦૪ અલીગંજના રહેવાસી એડવોકેટ અબ્બાસ ઝૈદીનો છે. ફ્લેટ માલિકોએ જણાવ્યું હતું કે છોકરાઓએ ઈન્ટિગ્રલ યુનિવર્સિટીના વિદ્યાર્થી હોવાનો દાવો કરીને દલાલ દ્વારા ફ્લેટ ભાડે લીધો હતો. તેમણે પોતાનો આધાર પણ આપ્યો હતો, પરંતુ પોલીસ વેરિફિકેશન કરાવ્યું ન હતું. એપાર્ટમેન્ટમાં રહેતા વિકાસ સિંહ કહે છે કે પોલીસ સ્ટેશનમાં ઘણી વખત વેરિફિકેશન માટે પત્રો મોકલવામાં આવ્યા હતા, પરંતુ કોઈ આવ્યું ન હતું.

ગેંગના સભ્યોએ લગભગ છ મહિના પહેલા ફ્લેટ ભાડે લીધા હતા. એવું માનવામાં આવે છે કે ત્યારથી આ છેતરપિંડી કરનારાઓ લોકોને છેતરપિંડી કરી રહ્યા હતા. એપાર્ટમેન્ટના લોકોએ જણાવ્યું હતું કે છોકરાઓ મોટાભાગે ફ્લેટમાં રહેતા હતા. પૂછવામાં આવતા તેઓ પોતાને ઈન્ટિગ્રલ યુનિવર્સિટીના વિદ્યાર્થી તરીકે ઓળખાવતા હતા. પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જના જણાવ્યા અનુસાર, આ છેતરપિંડી કરનારાઓના બોસ વિદેશમાં બેઠા છે. તેમની પાસેથી કેટલાક મોબાઈલ નંબર મળી આવ્યા છે, જેના આધારે તપાસ કરવામાં આવી રહી છે.

## પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર દ્વારા મહેસાણા-સાબરમતી સેક્શનનું ગહન નિરીક્ષણ

। (એજન્સી) પશ્ચિમ રેલવે, તા.૨૬ ।

પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર (જીએમ) શ્રી વિવેક કુમાર ગુપ્તાએ તારીખ ૨૬.૦૭.૨૦૨૫ ના રોજ અમદાવાદ મંડળના મહેસાણા-સાબરમતી સેક્શનનું ગહન નિરીક્ષણ કર્યું. આ દરમિયાન તેમણે સંરક્ષા, સુરક્ષા, ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ કામોનું ગહન નિરીક્ષણ કર્યુ અને સ્ટેશન પર યાત્રી સુવિધાઓ સહિત મંડળ પર ચાલી રહેલા વિકાસ કામોની પ્રગતિની સમીક્ષા કરી. શ્રી ગુપ્તાએ સાબરમતીમાં ઈન્ટીગ્રેટેડ કોચિંગ ડિપો (આઈસીડી) અને વંદે ભારત ટ્રેન સેટ મેઈન્ટેનન્સ ડેપોની વિશેષ રૂપે મુલાકાત લીધી. આ ડેપોનું નિરીક્ષણ કરીને તેમણે જાળવણી અને સંચાલન સંબંધિત પ્રક્રિયાઓનું મૂલ્યાંકન કર્યું. તેમણે સાબરમતી અને અમદાવાદ સ્ટેશનો પર ચાલી રહેલા પુનઃવિકાસ કામોનું પણ અવલોકન કર્યું. આ મહત્વપૂર્ણ પરિયોજનાઓની પ્રગતિની સમીક્ષા કરતાં, જનરલ મેનેજરે અધિકારીઓને તમામ રેલવે પરિયોજનાઓ સમયબદ્ધ રીતે પૂર્ણ કરવા માટે દિશા-સૂચનો આપ્યા. મહેસાણા સ્ટેશન પર જનરલ મેનેજરે રિલે રૂમ, માસ્ટર કેબિન, બુકિંગ કાઉન્ટર, ફુટ ઓવર બ્રિજ અને પ્લેટફોર્મ સહિત વિવિધ યાત્રી સુવિધાઓનું ઝીણવટથી નિરીક્ષણ કર્યું.

# IAR યુનિવર્સિટી ગાંધીનગર ખાતે દીક્ષારંભ - ૨૦૨૫ નું આયોજન કરવામાં આવ્યું

। (માહિતી) અમદાવાદ, તા.૨૬ ।

ગાંધીનગર સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ્ડ રિસર્ચ, IAR યુનિવર્સિટી ખાતે નવિન પ્રવેશિત અન્ડરગ્રેજ્યુએટ (સ્નાતક) અને પોસ્ટગ્રેજ્યુએટ (અનુસ્નાતક) વિદ્યાર્થીઓ માટે વિવિધ કાર્યક્રમોથી સભર દીક્ષારંભ - ૨૦૨૫ નું આયોજન કરવામાં આવ્યું. સ્નાતક વિદ્યાર્થીઓ માટે તારીખ ૧૫ થી ૧૮ જુલાઈ ૨૦૨૫ દરમિયાન અને અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે તારીખ ૨૧થી ૨૩ જુલાઈ ૨૦૨૫ દરમિયાન આ કાર્યક્રમો સંસ્થા ના પરિસરમાં યોજાયા હતા. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના વિવિધ વિભાગો અને કામગીરી સાથે પરિચિત કરાવવાનો તથા શૈક્ષણિક કાર્યક્રમો અને સંશોધન સંભાવનાઓ અંગે વિસ્તૃત માહિતી પ્રદાન કરવાનો રહ્યો હતો. યુનિવર્સિટી ની વિવિધ વિદ્યાશાખાઓ જેવીકે સ્કૂલ ઓફ બાયોટેકનોલોજી એન્ડ બાયોએન્જિનિરીંગ , સ્કુલ ઓફ કોમ્પ્યુટીંગ એન્ડ ટેક્નોલોજી તથા સ્કૂલ ઓફ બિઝનેસ એન્ડ મેનેજમેન્ટ વિ. ના કુલ નવિન પ્રવેશિત ૧૪૦૦ થી વધુ



વિદ્યાર્થીઓ અને ૪૫૦ થી વધુ વાલીઓએ હાજર રહી ઉત્સાહભર્યો પ્રતિસાદ આપ્યો હતો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને દિવ્ય દીપ પ્રજ્વલન સાથે કરવામાં આવી. સંસ્થાના પ્રો વી.સી અને ડિરેક્ટર બ્રિગેડિયર પી.સી.વ્યાસે સ્વાગત સંબોધન દ્વારા વિદ્યાર્થીઓને નવા શૈક્ષણિક વર્ષ માં

આવકાર આપ્યો હતો. રજિસ્ટ્રાર ડો.મનીષ પરમાર દ્વારા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી ની કાર્યશૈલી વિશે, સ્ટુડન્ટ સર્વિસીસ, ઈવેન્ટસ તથા એન્ટી રેગિંગ પર પ્રવચન આપવામાં આવ્યું હતું. ડીન રિસર્ચ એન્ડ ઈનોવેશન પ્રો. આનંદ કૃષ્ણ તિવારી દ્વારા યુનિવર્સિટી ના રિસર્ચ કલ્ચર તથા પ્રવૃતિઓ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ડીન એકેડેમિક ડૉ. નરેન્દ્ર કુમાર દ્વારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રવૃતિઓ, વાર્ષિક સમયપત્રક તથા સ્ટુડન્ટ ક્લબ વિશે માહિતી આપવામાં આવી હતી. સદર દીક્ષારંભમાં મુખ્ય અતિથિ તરીકે ભૌતિક સંશોધનકક્ષાની પ્રખ્યાત સંસ્થા પી.આર.એલ.ના પ્રોફેસર એન્ડ હેડ (SPASC) શ્રી દિબ્યેન્દુ ચક્રવર્તી હાજર રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને "સ્પેસઃ ધ ન્યુ નેબરહૂડ" વિષય પર તથા વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ પ્રો. આર.જી. કોઠારીએ રાષ્ટ્રીય શૈક્ષણિક નીતિ ૨૦૨૦ વિષે માર્ગદર્શન આપ્યું અને વિદ્યાર્થીઓને યોગ્ય અભ્યાસક્રમ પસંદ કરવા તથા પોતાની રુચિ અનુસાર કારકિર્દી ઘડવાની પ્રેરણા આપી હતી. વધુમાં અન્ય વિષય નિષ્ણાતો માં ગિફ્ટ સિટી IFSC ના હેડ શ્રી સંદીપ શાહ, રામ્યા પંડ્યા તથા પાર્થ પારેખ દ્વારા ગિફ્ટ સિટી માં ઉપલબ્ધ તકો વિશે જાણકારી આપવામાં આવી હતી. પ્રજાપિતા બ્રહ્માકુમારીના શ્રી ઈ.વી. ગિરીશ તથા ઈસ્કોનના ઋષિકેશ દાસ દ્વારા મૂલ્યઆધારિત શિક્ષણ વિષે વિચારવિમર્શ કર્યો હતો. જાણીતા મોટીવેશનલ સ્પીકર શ્રી આનંદ ભટનાગર દ્વારા "ફીલ ધ ફાયર વિધિન" વિષય પર પ્રેરણાત્મક ઉદબોધન આપવામાં આવ્યું હતું. ઈન્સ્ટિટ્યુટ ઓફ પ્લાઝમા રિસર્ચ ના પ્રોફેસર ડો. મુકેશ રંજન દ્વારા પ્લાઝમાના સામાજિક ઉપયોગો અંગે પ્રેક્ટીકલ સમજ દ્વારા જાણકારી આપવામાં આવી હતી. શ્રી મિહિર શાહ દ્વારા "એગ્રી-ડ્રોન" વિશે તથા તથા પ્રસિદ્ધ પ્લેસમેન્ટ કંપની અપના ડોટ કો દ્વારા "શિક્ષણથી રોજગારી તરફ" વિષયક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ગિફ્ટ સીટી સ્થિત IBM કંપનીના શ્રીમતી શેફાલી ગૌર દ્વારા "વોટ્સ નેક્સટ?" વિષય પર ઉદબોધન આપવામાં આવ્યું હતું. વધુમાં સ્ટાર્ટ અપ, પ્લેસમેન્ટ, કારકિર્દી માર્ગદર્શન, વ્યવસાયિક તકો, પરીક્ષા પદ્ધતિ, ગ્રંથાલય સેવાઓ, નાગરિક પ્રતિબદ્ધતા (એન. એસ.એસ તથા એન.સી.સી.), કાયમી રોજગારની તકોથી લઈને નવી સાહસિક પ્રવૃત્તિઓ વિશે યુનિવર્સિટીના તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### ક્રેડિટ કાર્ડ સ્વાઇપના

## કમિશનની લાલચે યુવક સાથે ૩૧.૬૮ લાખની છેતરપિંડી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

શહેરમાં રહેતા એક યુવકની સાથે અગાઉ અભ્યાસ કરતા શખ્સ અને તેના સાગરિતે છેતરપિંડી આચરી છે. આરોપીએ ક્રેડિટકાર્ડ સ્વાઈપ કરવા બદલ કમિશન આપીને કાર્ડના બિલ ન ભરતા યુવક ફસાઇ ગયો હતો. આરોપીઓએ ૩૧.૬૮ લાખનું બિલ ન ભરતા યુવકને વ્યાજે નાણાં લેવાનો વારો આવ્યો હતો. આ મામલે પોલીસને જાણ કરાતા ઘાટલોડિયા પોલીસે બંને સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ઘાટલોડિયામાં રહેતા પ્રણવભાઈ પટેલ ગેરેજ ધરાવે છે. તેમની સાથે ઋષભ વોરા સ્કૂલમાં ભણતો હતો. ઋષભ હાલ સીએના ત્યાં નોકરી કરે છે. વર્ષ ૨૦૨૧માં ઋષભે તેનો મિત્ર યશ મહેતા ફોનનો વેપાર કરતો હોવાથી તે તકલીફમાં હોવાનું કહીને ક્રેડિટકાર્ડ માંગ્યુ હતું. ક્રેડિટકાર્ડ આપીશ તો તને ફાયદો થશે તેમ કહેતા પ્રણવભાઈએ ક્રેડિટકાર્ડ આપ્યું હતું. આરોપીએ તે કાર્ડ સ્વાઈપ કરાવીને પ્રણવભાઈને ૭થી ૮ હજાર કમિશન આપ્યું હતું. જે બાદ કાર્ડનું બિલ ભરીને રિન્યૂ કરાવ્યું હતું. બાદમાં આવા બીજા કાર્ડ આપીશ તો તને ફાયદો થશે તેમ કહેતા પ્રણવભાઈએ ઓળખીતા અને સંબંધીઓના ક્રેડિટકાર્ડ આપ્યા હતા. આરોપીઓએ બે ત્રણ માસ સુધીમાં બે અઢી લાખ કમિશન આપ્યું હતું. જે બાદ આરોપીઓએ કાર્ડનું પેમેન્ટ ન ભરીને આપઘાતની ધમકી આપી હતી. જેથી પ્રણવભાઈને વ્યાજે નાણાં લઈને ૧૨ લાખ ચૂકવવા પડ્યા હતા. આરોપીઓએ ૩૧.૬૮ લાખ ન ભરીને છેતરપિંડી આચરતા ઘાટલોડિયા પોલીસે આરોપી ઋષભ વોરા (રહે. ગ્રીનપાર્ક એપાર્ટમેન્ટ, નારણપુરા) અને યશ મહેતા (રહે. અપૂર્વ બંગલો, ભુયંગદેવ) સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## અમદાવાદના એન્જિનિયરે બનાવ્યું ગ્રેનેડ હુમલા માટે ખાસ ડ્રોન

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

હાલમાં જ ભારતીય સેનાએ ચલાવેલા ઓપરેશન સિંદૂરમાં આપણે જોયું કે દુશ્મન દેશને માત આપવા ટેક્નોલોજીનો ભરપૂર ઉપયોગ થયો હતો. આવી જ ટેક્નોલોજીનો ઉપયોગ કરી અમદાવાદના એન્જિનિયરે એક એવું કમાલનું ડ્રોન બનાવ્યું છે કે, જે નિર્ધારિત લક્ષ્ય પર પહોંચ્યા પછી ઓર્ડર મુજબ ગ્રેનેડની પિન ખોલી વિસ્ફોટ કરશે. ગ્રેનેડ સાથે ગયેલું ડ્રોન માત્ર દુશ્મન દેશના ઠેકાણાનો ખાતમો બોલાવશે તેટલું જ નહીં સુરક્ષિત પાછું પણ આવશે. અમદાવાદ રહેતા એન્જિનિયર કેશવકાંત શર્માએ ગતિ નામનું આ ખાસ ડ્રોન ડિઝાઈન કર્યું છે. આ ડ્રોન યુદ્ધ સમયે સેના માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થશે. કારણ કે આ ડ્રોન દુશ્મન દેશની ભૂમિ પર જઈને ગ્રેનેડથી હુમલો કરવા સક્ષમ છે. કેશવકાંત શર્માનો દાવો છે કે આ ડ્રોનનું પરીક્ષણ સેના સામે કરવામાં આવ્યું છે.

## સુરતમાં સાયકલ ચાલક બાળક બસની અડફેટે આવતા બચ્યો

### BRTS કોરિડોરમાં સાયકલ લઈને ઘૂસેલા બાળકનો બચાવ

। (એજન્સી) સુરત, તા.૨૬ ।

સુરતના પુણા સીતાનગર વિસ્તારમાં BRTS કોરિડોરમાં સાયકલ લઈને ઘૂસી ગયેલા એક બાળકનો BRTS બસ ચાલકની સમયસૂચકતાને કારણે આબાદ બચાવ થયો છે. આ ઘટનાના હચમચાવી દેનારા ઝઝૂફ ફૂટેજ સામે આવ્યા છે. જેમાં બાળક માંડ માંડ બચતો જોવા મળે છે.



સુરત શહેરના પુણા ગામ સીતાનગર પાસે એક બાળક સાયકલ લઈને પ્રતિબંધિત BRTS કોરિડોરમાં પ્રવેશી ગયો હતો. પાછળથી આવી રહેલી BRTS બસે હોર્ન વગાડ્યો હતો. જોકે, બાળકે અચાનક BRTS બસની આગળ જ સાયકલનો ટર્ન લીધો હતો. આ ભયાવહ દ્રશ્ય જોઈને BRTS બસ ચાલકે તત્કાળ બ્રેક મારી હતી, જેના પરિણામે બાળકનો ચમત્કારિક બચાવ થયો હતો.

ઉલ્લેખનીય છે કે, શહેરમાં BRTS કોરિડોરમાં ખાનગી વાહનો પર કડક પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તેમ છતાં, અનેકવાર વાહનચાલકો નિયમોનું ઉલ્લંઘન કરીને BRTS રૂટમાં પ્રવેશી જતા હોય છે. જેના કારણે અકસ્માતો સર્જાવાની શક્યતા રહે છે.

આ ઘટના બાદ મનપા ડેપ્યુટી કમિશનરે ફરી એકવાર લોકોને BRTS કોરિડોરનો ખાનગી વાહનો માટે ઉપયોગ ન કરવા અપીલ કરી છે. તેમણે જણાવ્યું હતું કે કમિશનરના પરિપત્ર હોવા છતાં અનેક વાહનચાલકો BRTS કોરિડોરમાં પ્રવેશ કરે છે. ભવિષ્યમાં આવા વાહનચાલકો સામે જરૂર પડ્યે પોલીસ ફરિયાદ પણ નોંધવામાં આવશે. આ ઘટના ફરી એકવાર BRTS રૂટમાં સુરક્ષા અને નિયમોના પાલનનું મહત્વ દર્શાવે છે.

### પાંચ વ્યાજખોરો ૩૦ ટકા વ્યાજની વસૂલાત કરતા વેપારી કંટાળી ગયો હતો

## ઓઢવમાં વ્યાજખોરોના ત્રાસથી એમ્બ્રોઇડરીના વેપારીએ સ્યૂસાઇડ નોટ લખી આપઘાત કર્યો

### મૃતક વેપારીના ખિસ્સામાંથી મળી આવેલી સ્યૂસાઇડ નોટમાં લખેલા પાંચ લોકો સામે મૃતકની પત્નીએ ફરિયાદ નોંધાવી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

ઓઢવમાં રહેતા અને એમ્બ્રોઈડરીના મશીન ખરીદીને ધંધો કરતા વેપારીને આર્થિક તંગી સર્જાતા સ્થાનિક લોકો પાસેથી મશીન ગિરવી મૂકીને વ્યાજે રૂપિયા લીધા હતા. વેપારીએ ૭થી ૮ લાખ રૂપિયા વ્યાજ સહિત ચૂકવી દીધા હોવા છતાં વ્યાજખોરો વેપારી પાસેથી ૩૦ ટકા બમણા અને ચક્રવૃદ્ધિ વ્યાજની વસૂલાત કરતા હતા. વ્યાજખોરોની દાદાગીરીથી કંટાળીને વેપારી ગુરુવારની સવારે ઘરેથી નીકળ્યો અને કઠવાડા ફેક્ટ્રીમાં ઝેરી દવા ગટગટાવીને આપઘાત કરી લેતા સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું છે. મૃતક વેપારીના ખિસ્સામાંથી મળી આવેલી સ્યૂસાઈડ નોટમાં લખેલા પાંચ લોકો સામે મૃતક હરિકૃષ્ણભાઈની પત્નીએ ફરિયાદ નોંધાવતા ઓઢવ પોલીસે ભરત, સચિન, વિપુલ, દીપક અને મુન્ના વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરુ કરી છે.ગુરુવારે સવારે મહિલાનો પતિ હરેકૃષ્ણભાઈ પટેલ રાબેતા મુજબ ઘરેથી દુકાને જવા માટે સવારે નીકળ્યો હતો. બપોરે તેના દિયરનો પર ફોન આવ્યો કે ભાઈએ કઠવાડા GIDCમાં ઝેરી દવા પી લીધી છે. હું તેમણે હોસ્પિટલ લઈ જઈ રહ્યો છું. આ સંભાળતા જ પત્ની હોસ્પિટલ દોડી આવી ત્યારે હરિકૃષ્ણ પટેલ બેભાન હાલતમાં હોસ્પિટલના બિછાને હતા. બપોરે હરિકૃષ્ણભાઈનું મોત નીપજ્યું હોવાની જાણ ડોક્ટરોએ કરતા પત્ની અને બે સંતાનોના માથે આભ તૂટી પડ્યા જેવી સ્થતિ ઉત્પન્ન થઈ હતી. હરિકૃષ્ણભાઈના દીકરાએ તેમના ખિસ્સામાં તપાસ કરતા એક કાગળ મળી આવ્યો હતો. જેમાં લખ્યું હતું કે "બેટા, બ્રિજેશ મને માફ કરજો હું વ્યાજખોરો ભરતભાઈ, સચિનભાઈ, વિપુલભાઈ આ લોકો મારી જોડે ૩૦ ટકા વ્યાજ લઈને મારા મશીન લખાવી લીધા છે.

## ૧૫ વર્ષ પહેલા ગુજરાતમાં મુખ્યમંત્રી કોંગ્રેસના હોત

। (એજન્સી) વડોદરા, તા.૨૬ ।

કોંગ્રેસના કાર્યકર્તાઓ કોંગ્રેસ નેતાઓથી જ નારાજ છે. કોંગ્રેસના કાર્યકર મિતેશ પરમારનું નિવેદન સામે આવ્યું છે. વડોદરામાં રાહુલ ગાંધીને મળ્યા બાદ તેમનું નિવેદન સામે આવ્યું છે. તેમણે જણાવ્યું કે, ગરીબ કાર્યકરોને ટિકિટ મળતી નથી. વધુમાં મિતેશ પરમારે કહ્યું કે, મે મારુ કાર્ડ રાહુલ ગાંધીને આપ્યું છે. ત્યારે રાહુલ ગાંધીએ કહ્યું કે હું તમને મળવા બોલાવીશ. મિતેશ પરમારે કહ્યું કે, અમારા જેવા લડાયક છોકરાઓને ૩૫-૩૫ વર્ષ થઈ ગયા, તેમને કોઈ સ્ટેન્ડ જ મળતું નથી. નહીંતર ૧૫ વર્ષ પહેલા ગુજરાતમાં મુખ્યમંત્રી કોંગ્રેસના હોત. અહીંયા મેયર કોંગ્રેસના હોત. સાચા લડાયકોને સાઈડ ટ્રેક કરવામાં આવે છે. નવા-નવા પૈસાવાળાને જોઈન કરી લે છે. કોંગ્રેસ નેતા અને લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધી એક દિવસીય ગુજરાત પ્રવાસે છે. વડોદરા એરપોર્ટ પર આગમન બાદ તેઓ આણંદમાં શિબિરમાં જોડાયા છે.

# પોલીસે ગંભીરા બ્રિજ પીડિતોને અટકાવતા કોંગ્રેસી કાર્યકરોનો વિરોધ

। (એજન્સી) આણંદ, તા.૨૬ ।

ગુજરાતમાં ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે, અને રાજકીય પક્ષોએ અત્યારથી જ કમર કસી લીધી છે. આ રાજકીય ગરમાવા વચ્ચે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી આજે, શનિવારે (૨૬ જુલાઈ), ગુજરાતના પ્રવાસે છે. આણંદ ખાતેના તેમના કાર્યક્રમમાં એક અણધારી ઘટના બની, જેમાં તાજેતરમાં બનેલી વડોદરાના ગંભીરા બ્રિજ દુર્ઘટનાના પીડિત પરિવારોને રાહુલ ગાંધીને મળતા અટકાવવામાં આવતા વાતાવરણ તંગ બન્યું હતું.

રાહુલ ગાંધી આણંદના બંધન પાર્ટી પ્લોટમાં એક કાર્યક્રમમાં હાજરી આપી રહ્યા હતા. આ દરમિયાન, ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં પોતાના સ્વજનો ગુમાવનાર પીડિત પરિવારોના લગભગ ૧૦ જેટલા લોકો ન્યાયની આશા સાથે ત્યાં પહોંચ્યા હતા. તેમનો મુખ્ય ઉદ્દેશ્ય રાહુલ ગાંધીને રૂબરૂ મળીને પોતાની વ્યથા રજૂ કરવાનો અને આ મામલો કેન્દ્ર સરકાર સુધી પહોંચે તે માટે તેમનો અવાજ બુલંદ કરવાનો હતો. જોકે, પોલીસે આ પીડિત પરિવારોને રાહુલ ગાંધીને મળતા અટકાવ્યા. પીડિત પરિવારો અને કોંગ્રેસના સ્થાનિક નેતાઓ વચ્ચે પોલીસ સાથે ઉગ્ર રકઝક થઈ હતી. તેમ છતાં, પોલીસે સુરક્ષાના કારણોસર તેમને અંદર પ્રવેશ આપ્યો નહોતો.

આ મામલે સુરક્ષામાં હાજર પોલીસે પોતાનો પક્ષ રજૂ કરતા જણાવ્યું કે, જે પીડિત પરિવારો રાહુલ ગાંધીને મળવા આવ્યા હતા, તેમની પાસે કાર્યક્રમમાં પ્રવેશ માટેના જરૂરી પ્રવેશ કાર્ડ નહોતા. પોલીસે દલીલ કરી કે સુરક્ષાના પ્રોટોકોલ મુજબ, કાર્ડ વિના કોઈ પણ વ્યક્તિને પ્રવેશ આપી શકાય નહીં અને તેઓ ફક્ત તેમની ફરજ બજાવી રહ્યા હતા.

પોલીસના આ વલણ પર કોંગ્રેસના કાર્યકરો અને નેતાઓ ભડકી ઉઠ્યા. ઘટનાસ્થળે હાજર કોંગ્રેસી કાર્યકરોનું સ્પષ્ટપણે કહેવું હતું કે, આવા બનાવો તેમની સાથે વારંવાર બને છે. તેમણે રાજકોટ આગકાંડ અને મોરબી પુલ દુર્ઘટનાના પીડિતોને પણ નેતાઓને મળવા દેવામાં ન આવ્યા હોવાના દાખલા આપ્યા.

કોંગ્રેસનો સીધો આરોપ હતો કે, "આ લોકો હકીકત છૂપાવવા માટે પીડિતોને મળવા નથી દેવા માંગતા." તેમણે વધુમાં જણાવ્યું કે રાહુલ ગાંધી પાસે પોતાની સુરક્ષા વ્યવસ્થા છે, તેથી સુરક્ષાના નામે પોલીસ ફક્ત સત્ય છુપાવવાનો પ્રયાસ કરી રહી છે અને પીડિતોનો આરોપ કેન્દ્ર સરકાર સુધી પહોંચતો અટકાવવા માંગે છે.

અડધો કલાકની માથાકૂટ બાદ આખરે મનિષ દોશી સહિતના આગેવાનોની મદદથી પીડિત પરિવારોના સભ્યોને રાહુલ ગાંધી સાથે મુલાકાત કરાવવામાં આવી હતી. રાહુલ ગાંધીને આ સમગ્ર માથાકૂટની જાણ કરવામાં આવતા તેમણે પીડિત પરિવારના સભ્યોને મળવા બોલાવ્યા હતા. રાહુલે તમામ દસ સભ્યો સાથે વાત કરી તેમની સમસ્યાને સાંભળી હતી. અને ઘટતુ કરવાની ખાતરી આપી હતી. આજથી લગભગ ૧૭ દિવસ પહેલા, ૯ જુલાઈના રોજ વડોદરાના પાદરા-જંબુસર વચ્ચે આવેલો ગંભીરા બ્રિજ અચાનક તૂટી પડ્યો હતો. આ ભયાવહ દુર્ઘટનામાં ૭ વાહનો નદીમાં ખાબક્યા હતા, જ્યારે એક ટ્રક બ્રિજ પર લટકી રહી હતી. આ દુર્ઘટનામાં ૨૦થી વધુ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા હતા, જ્યારે ૨૦થી વધુ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. આ ઘટનાએ સમગ્ર રાજ્યને હચમચાવી દીધું હતું અને બ્રિજના બાંધકામની ગુણવત્તા પર ગંભીર સવાલો ઉભા કર્યા હતા.

### રાજ્યમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થશે

## સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લામાં ભારે વરસાદનું અનુમાન

### ગુજરાત પર વરસાદ લાવતી વરસાદી સિસ્ટમ સક્રિય થતાં રાજ્યના કેટલાક જિલ્લામાં ભારે વરસાદનું અનુમાન

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

હવામાન વિભાગની આગાહી મુજબ સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લામાં ભારે વરસાદનું અનુમાન છે. જેમાં સુરેન્દ્રનગર, બોટાદ, અમરેલી,ભાવનગર, રાજકોટ,ગીરસોમનાથનો સમાવેશ થાય છે. ભારે વરસાદની શક્યતાને જોતા હવામાન વિભાગે વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યું છે. ઉપરાંત દિવમાં પણ આજે ભારેથી અતિભારે વરસાદનું અનુમાન છે. અમદાવાદ અને ગાંધીનગરમાં પણ ભારે વરસાદનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ઉલ્લેખનિય છે કે, ઉત્તર ગુજરાત છતીસગઢ અને ઝારખંડમાં એક સિસ્ટમ બની છે, જે ૨૭ જુલાઈએ વેલમાર્ક લો પ્રેશર એરિયામાં ફરેવાઈ જશે. ઉપરાંત ગુજરાત પર એર ઓફ શોર ટ્રફ રેખા છે. જે સાઉથ ગુજરાતથી પસાર થઈને કોકણથી પસાર થઈ રહી છે. ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં એક ડિપ્રેશન બનેલું છે. આબધી જ સિસ્ટમને ધ્યાનમાં રાખતા આજે રાજ્યમાં ભારે વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની શક્યતા વધુ છે. નવસારી, વલસાડ, દમણ, દાદરાનગર હવેલી, છોટા ઉદેપુર, તાપીમાં ભારે વરસાદનું અનુમાન છે. આજે અમદાવાદ સહિત ૧૩ જિલ્લામાં ભારે વરસાદની આગાહી આગાહી છે. ૨૭ જુલાઈએ ગુજરાત રીજનના કેટલાક જિલ્લામાં પણ ભારે વરસાદનું અનુમાન છે.

